આગમોદ્ધારક સંગ્રહ-૧૭

# આગમોધ્ધારક-લેખસંગ્રહ

: લેખક :
પ. પૂ. આગમોદ્ધારક-આચાર્યપ્રવરશ્રી
આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

: પ્રકાશક :
શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા-સુરત
વીર સં ૨૪૯૫ વિક્રમ સં ૨૦૨૫ આગમોદ્ધારક સં ૨૦

: પ્રાપ્તિસ્થાન :
જૈન આનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

મૂલ્ય રૂા. ૨-૦૦

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आगमोद्धारक संग्रह-१७

# આગમોદ્ધારક-લેખસંગ્રહ

: લેખક :

પ. પૂ. આગમોદ્ધારક-આચાર્યપ્રવરશ્રી
આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

: પ્રકાશક :
શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા-સુરત
વીર સં. ૨૪૯૫ વિક્રમ સં. ૨૦૨૫ આગમોદ્ધારક સં. ૨૦

: પ્રાપ્તિસ્થાન :
જૈન આનંદ પુસ્તકાલય
ગોપીપુરા • સુરત
મૂલ્ય રૂ. ૨-૦૦

પ્રતય : ૫૦૦

પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના અંતેવાસી શિષ્ય-મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજની શુભ પ્રેરણાથી આ પુસ્તકના પ્રકાશનમાં નીચે મુજબ સહાય મલી છે.

રૂ. ૨૫૧-૦૦ મઢી નિવાસી જીવણચંદ ગુલાબચંદના ધર્મપત્ની સૂરજબેનના શ્રેયાર્થે તેમના સુપુત્ર નેમચંદભાઈ તથા પુત્રવધુ લક્ષ્મીબેન તરફથી.

રૂ. ૧૦૧-૦૦ શાહ ભાયચંદભાઈ માણેકચંદના ધર્મપત્ની પ્રેમકુવરબેને કરેલ વરસી તપની તપસ્યાની પૂર્ણાહુતિ નિમિત્તે.

રૂ. ૧૦૧-૦૦ સુરત નિવાસી શાહ મગનલાલ ચુનીલાલના ધર્મપત્ની હીરાબેન તરફથી.

રૂ. ૫૧-૦૦ સુરત નિવાસી ગુલાબચંદ કસ્તુરચંદ ચોકસીના સુપુત્ર સતીશચંદ્ર તરફથી.

: મુદ્રક :

શ્રમજીવી સહકારી મુદ્રણાલય લિ.

ગોપીપુરા, બાવાસીદી ટેકરા,

સૂરત-૨.

# પ્રકાશકીય નિવેદન

**શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા** (સુરત) પૂર્વાચાર્યોના તેમજ આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના** ગ્રંથોનું મુનિમહારાજ-ગુણસાગરજીની પ્રેરણાથી પ્રકાશન કરે છે. તે અનુસાર આગમોદ્ધારક સંગ્રહના સત્તરમાં તરીકે **શ્રી આગમોદ્ધારક-લેખસંગ્રહ** પ્રકાશન થાય છે. આ ગ્રંથનાં વિષયને સમજવા માટે લેખોનો વિષયાનુક્રમ અપાયેલ છે.

પૂ. મુનિ મહારાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રીની પ્રેરણાથી આ તથા બીજી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નીચેના ગ્રંથો પ્રકાશિત થયા છે.

સિદ્ધચક્રમહાત્મ્ય
સુધાસાગર ભા. ૧-૨
સાગર સમાધાન ભા. ૧-૨
શ્રીનવસ્મરણાનિ ગૌતમરાસશ્ચ
સૂયગડાંગ સૂત્ર (વ્યાખ્યાન)
પર્વદેશના
ઉપાંગ પ્રકીર્ણક વિષયાનુક્રમાદિ
સ્થાનાંગ સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ) ભા. ૧
ષોડશક પ્રકરણ (વ્યાખ્યાન સંગ્રહ) ભા ૧
આગમીય સૂક્તાવલ્યાદિ
લઘુસિદ્ધપ્રભા વ્યાકરણ અને લઘુતમ નામકોષ
પ્રશમરતિ અને સંબંધકારિકા (વ્યાખ્યાન સંગ્રહ)
નવપદ મહાત્મ્ય
ઉપદેશરત્નાકર (મૂળ ભાવાર્થ)
શ્રી પ્રજ્ઞાપના વ્યાખ્યા (હારિભદ્રીય)
તાત્ત્વિક પ્રશ્નોત્તર
આનંદસુધા સિન્ધુ ભા. ૨
તાત્ત્વિક પ્રશ્નોત્તર (સંસ્કૃત)
આરાધનામાર્ગ ભા. ૧ (સં. ભાવાર્થ)
આચારાંગ સૂત્ર (અ. ૪ વ્યાખ્યાન સંગ્રહ) ભા. ૧
આરાધના માર્ગ (ગુજરાતી ભાવાર્થ)
**શ્રી તીર્થંકર પદવી સોપાન (વીસસ્થાનકના વ્યાખ્યાનો)**

આ પુસ્તકનું સંશોધનાદિ કાર્ય પૂ. આગમોદ્ધારક આચાર્ય **શ્રી આનંદસાગર સૂરીશ્વરજી** મહારાજના અનન્ય પટ્ટધર શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં શ્રી રાજગૃહી મહાતીર્થમાં અને મૂળી તથા કપડવંજમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવનાર તથા તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિઓની તીર્થયાત્રા કરીને બંગાલ-બિહાર-ઉત્તરપ્રદેશ-મધ્યપ્રદેશ-ખાનદેશ-મહારાષ્ટ્ર-સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરીને ઘણા જ વર્ષે પાલીતાણા શહેરમાં પધારી ત્યાં શ્રી વર્ધમાન-જૈન આગમ મંદિર સંસ્થાની વિશાલ જગ્યામાં બંધાએલ ગુરુમંદિરમાં પૂ. આગમોદ્ધારકશ્રીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર, પૂર્વાચાર્યોના તથા પૂ. આગમોદ્ધારકશ્રીના રચેલા ૨૦૦ ઉપરાંત ગ્રંથોનું સંપાદન કરનાર, વર્તમાન શ્રુતના જ્ઞાતા, વિદ્યાવ્યાસંગી મૂળીનરેશ પ્રતિબોધક શાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજના પરમવિનયિશિષ્યરત્ન શતાવધાની ગણિવર્ય શ્રી લાભસાગરજી મહારાજે કરેલ છે. તથા આ પુસ્તક પ્રકાશનમાં સહાયભૂત થનાર પૂ. ગણિવર્ય શ્રી રૈવતસાગરજી મ. મુનિશ્રી અરૂણોદયસાગરજી મ. મુનિશ્રી શશિપ્રભસાગરજી મ. મુનિશ્રી લાવણ્યસાગરજી મ. મુનિશ્રી પુણ્યોદયસાગરજી મ. બાલમુનિ મહાબલસાગરજી મ. તથા નરેશચંદ્ર અમરચંદ મદ્રાસીના અમો રૂણી છીએ. અંતમાં આ પર્વો વિગેરેના લેખોના વાંચન-મનન દ્વારા ભવ્ય જીવો આરાધના કરે એજ અભ્યર્થના.

લિ.

| | |
|---|---|
| વિ. સં. ૨૦૨૫ | મદ્રાસી પાનાચંદ સાકેરચંદ |
| વૈશાખ વદ ૫ મંગલવાર | ચોકસી મોતીચંદ કસ્તુરચંદ |
| આગમોદ્ધારક નિર્વાણદીન | ઝવેરી શાંતિચંદ છગનભાઈ |

# અવતરણ

આ ગ્રંથનું નામ આગમોદ્ધારક લેખ સંગ્રહ રાખવામાં આવ્યું છે. એમાં પરમતારક ગુરૂદેવશ્રી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ શ્રીસિદ્ધચક્ર પાક્ષિકમાં આપેલાં પર્વો વિગેરેનાં કેટલાક લેખો આ પુસ્તકમાં પ્રસિદ્ધ થાય છે. પુસ્તક તથા તેના લેખકનાં અંગેનો પરિચય ચાલુ સમયમાં આપવાની પ્રથા છે. પરમ પૂજય ગુરુદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનાં નામ તેમજ તેઓશ્રીનાં શાસનપ્રભાવક કાર્યોથી જૈન જગત સુપરિચિત છે. જૈનેતર વિદ્વાનો પણ એમનાં જ્ઞાનની મુક્તકંઠે પ્રશંસા કરે છે. 'આગમોનાં ઉદ્ધારનુ" ભગીરથ કાર્ય એમણે વર્ષો સુધી પૂરેપૂરી જહેમત લઈને સારી રીતે પાર ઉતાર્યું.

અદ્‌ભૂત સ્મરણશક્તિ અને વક્તૃત્વશક્તિ-દ્રવ્યાનુયોગનું સરળ અને સચોટ નિરૂપણ કરતાં એમનાં વ્યાખ્યાનોમાં વિવિધ કિસ્સા-કહાણીઓને સમુચિત સ્થાન અપાયેલું હોવાચી તેમજ જાતે પ્રશ્નો ઉઠાવી તેનાં ઉત્તરો મનમોહક શૈલીમાં આપવાની પદ્ધતિનો અમલ કરાયાથી શ્રોતાજનો અનેરો આનંદ મેળવે છે. એમનાં વ્યાખ્યાનો લિપિબદ્ધ કરાયાં છે, અને હવે તેનું પ્રકાશન પણ થઈ રહ્યું છે તેથી જે જિજ્ઞાસુઓ એમનાં રૂબરૂ પરિચયમાં આવી શકયા નથી કે આવી શકતા નથી તેવાઓને પણ એમનાં જ્ઞાનનો લાભ મળી શકે છે. એમની વકતૃત્વશક્તિ ભલભલાને હેરત પમાડનારી છે. એમની સ્મરણશક્તિ અદ્‌ભૂત હતી. સંસ્કૃત, અર્ધમાગધિ-પ્રાકૃત, હિન્દી તેમજ ગુજરાતી ભાષા ઉપરનો તેમનો કાબુ અજેય છે. એ બધી ભાષાઓનાં વ્યાકરણમાં તેઓ પારંગત હતા.

આજે શ્રી જૈનસંઘમાં જે અનેક આચાર્યો, ઉપાધ્યાયો, તેમજ સાધુ મહારાજાઓ મોજૂદ છે. તે સર્વેમાં આગમોનાં જ્ઞાનની બાબતમાં આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરિજીનું નામ મોખરે આવે છે. વર્તમાન જૈન જગત ઉપર એમનો ઉપકાર અદ્વિતીય છે. એમનાં હાથે દીક્ષિત થયેલાની સંખ્યા તેમજ એમનાં સમુદાયનાં મુનિરાજોની તેમજ આજ્ઞાવર્તી સાધ્વીજીઓની સંખ્યા ઘણી વિશાલ છે.

**આગમો અને જિનાલયો**—આગમો શિલારૂઢ કરી એમને ક્યાં સુરક્ષિત રાખવા એ પ્રશ્ન ઉપસ્થિત થતાં ખૂબ ખૂબ મનોમંથનનાં પરિણામે પૂ૦ ગુરૂદેવશ્રીનાં હૃદયમાં નિશ્ચય થયો કે શ્રી સિદ્ધગિરિજીની શીતલ છાયામાં ભવ્ય જિનાલય ઉભું કરી તેમાં આ શિલારૂઢ આગમો દીવાલો ઉપર ચોંટાડાય તો આગમો સલામત રહે અને શ્રી સિદ્ધગિરિની યાત્રાએ આવનારા મુમુક્ષુઓ એનાં દર્શન કરી પાવન થાય આ નિશ્ચયનાં પરિણામે પાલીતાણામાં '**શ્રી વર્ધમાન જૈનાગમ મંદિર**'ની રચના વિક્રમ સં. ૧૯૯૪માં શરૂથઈ અને વિ. સં. **૧૯૯૯નાં મહા વદી ૫નાં** દિવસે એ મંદિરમાં મૂલનાયક **ભગવાન્ શ્રી ઋષભદેવાદિ મનોહર જિનબિંબોની** પ્રતિષ્ઠા થઈ. તે પછી તાપીનદીને તટે આવેલા સુરત શહેરનાં મધ્ય ભાગરૂપ ગોપીપુરામાં ઉપસાવેલા અક્ષરો વડે અંકિત કરાવાયેલાં તામ્રપત્રોમાં જૈન આગમો બિરાજીત કરવા માટે શ્રી આગમોદ્ધારક સંસ્થા દ્વારા '**શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર**' બંધાવવામાં આવ્યું છે, અને તેમાં પ્રગટ પ્રભાવી **ભગવાન્ શ્રી મહાવીર સ્વામીજી** આદિ નયનમનોહારી **જિનબિંબોની** પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૦૪નાં મહા સુદ ૩ને શુક્રવારનાં રોજ થઈ. આ પ્રસંગોનાં

પ્રતિષ્ઠા મહોત્સવો દરમ્યાન ભારતભરનાં આગેવાન જૈન નરનારીઓએ પાલીતાણા તેમજ સુરત પધારી શોભામાં વૃદ્ધિ કરી હતી, અને એમાં ભાગ લેનાર સૌ કોઈને જીવનમાં કદી ન ભૂલાય તેવા આનંદનો અનુભવ થયો હતો. મહાન્ પુણ્યોદયે જ આવા કલ્યાણકારી પ્રસંગોમાં ભાગ લેવાનું સદ્ભાગ્ય મુમુક્ષુજનોને પ્રાપ્ત થાય છે. પ. પૂ. આચાર્યદેવેશ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજે રચેલા સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોમાંથી પૂજ્ય આચાર્ય ભગવાન્ શ્રી ગચ્છાધિપતિ **માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજે નીચે પ્રમાણે જણાવેલ ગ્રંથોનું સંપાદન કાર્ય કરેલ છે. અને હજી પણ પૂર્વાચાર્યોનાં તથા પૂ. ગુરુદેવશ્રીનાં ગ્રંથોનું સંપાદન કાર્ય ચાલુ જ છે.

## આગમોદ્ધારક કૃતિ સન્દોહ

### વિભાગ-૧

(૧) તાત્ત્વિકવિમર્શ :
(૨) પર્યુષણાકલ્પવાચનમ્.
(૩) અધિગમસમ્યક્ત્વમ્.
(૪) પર્યુષણાપરાવૃત્તિઃ.
(૫) અવ્યવહારરાશિઃ.
(૬) સંહનનમ્.
(૭) ક્ષાયોપશમિક ભાવઃ.
(૮) અર્હચ્છતકમ્.
(૯) ઉદ્યમપંચદશિકા.
(૧૦) ક્રિયાદ્વાત્રિંશિકા.
(૧૧) અનુકમ્પપંચદશિકા.
(૧૨) ક્ષમાવિંશતિકા.
(૧૩) અહિંસાવિચારઃ.
(૧૪) આચેલક્યમ્.
(૧૫) ઉપકાર વિચારઃ.
(૧૬) મિથ્યાત્વ વિચારઃ.
(૧૭) ઉત્સૂત્રભાષણવિમર્શઃ.
(૧૮) જ્ઞાનપંચવિંશતિકા.
(૧૯) ઈર્યાપથિકાનિર્ણયઃ.
(૨૦) સામાયિકેર્યાસ્થાન નિર્ણયઃ.
(૨૧) ઈર્યાપથ પરિશિષ્ટઃ.
(૨૨) શ્રુતશીલ ચતુર્ભંગી.
(૨૩) ચૈત્યદ્રવ્યોત્સર્પણમ્.
(૨૪) દેવાયભંજક શિક્ષા.
(૨૫) ઉત્સર્પણ શબ્દાર્થ વિચારઃ.
(૨૬) દેવનિર્યાણમાર્ગઃ.

(૨૭) અચિત્તાહારદ્વાત્રિંશિકા.
(૨૮) પૌષધપરામર્શઃ.
(૨૯) પૌષધવિમર્શઃ.
(૩૦) શ્રમણોભગવાન્મહાવીરઃ.
(૩૧) શ્રીવીરવિવાહવિચારઃ
(૩૨) સલ્લક્ષણાનિ.
(૩૩) પર્યુષણાપ્રભા.
(૩૪) ઈર્યાદ્વાપંચાશિકા.
(૩૫) જયસોમસિક્ખા.
(૩૬) દુષ્પ્રતિકારવિચારઃ.
(૩૭) શ્રમણધર્મસહસ્રી.
(૩૮) સિદ્ધગિરિસ્તવઃ.

## વિભાગ-૨

[૧] મંગલાદિ વિચારઃ
[૨] નય વિચારઃ
[૩] નય ષોડશિકા
[૪] નિક્ષેપશતકમ્
[૫] લોકોત્તરતત્ત્વદ્વાત્રિંશિકા
[૬] વ્યવહારસિદ્ધિષટ્ત્રિંશિકા
[૭] કર્મફલવિચારઃ
[૮] પરમાણુપંચવિંશતિકા
[૯] ભવ્યાભવ્યપ્રશ્નઃ
[૧૦] અષ્ટકબિંદુઃ
[૧૧] સ્યાદ્વાદદ્વાત્રિંશિકા
[૧૨] અનંતાર્થાષ્ટકમ્
[૧૩] પર્વવિધાનમ્
[૧૪] સૂર્યોદયસિધ્ધાન્તઃ
[૧૫] સાંવત્સરિકનિર્ણયઃ
[૧૬] પર્યુષણારૂપમ્
[૧૭] જ્ઞાતપર્યુષણા
[૧૮] શ્રુતસ્તુતિઃ
[૧૯] જ્ઞાનભેદષોડશિકા
[૨૦] અનાનુગામુકાવધિઃ
[૨૧] પ્રજ્ઞપ્તપદદ્વાત્રિંશિકા
[૨૨] અનુયોગપૃથક્ત્વમ્
[૨૩] નિષદ્યાવિચારઃ
[૨૪] સમ્યક્ત્વષોડશિકા
[૨૫] સમ્યક્ત્વભેદવિચારઃ
[૨૬] સમ્યક્ત્વભેદાઃ
[૨૭] સમ્યક્ત્વજ્ઞાતાનિ.
[૨૮] ક્ષાયિકભવસંખ્યાવિચારઃ
[૨૯] શમનિર્ણયઃ
[૩૦] પ્રતિમાપૂજાદ્વાત્રિંશિકા.
[૩૧] પ્રતિમાપૂજા.
[૩૨] પ્રતિમાપૂજાસિદ્ધિઃ
[૩૩] પ્રતિમાષ્ટકમ્.
[૩૪] જિનવરનુતિઃ
[૩૫] દેવદ્રવ્યદ્વાત્રિંશિકા
[૩૬] રાત્રિચૈત્યગમનમ્
[૩૭] દેવતાસ્તુતિનિર્ણયઃ
[૩૮] ગુરૂસ્થાપનાસિદ્ધિઃ

## વિભાગ-૩

### (૧) યતિધર્મોપદેશ:

## વિભાગ-૪

[૧] દાનધર્મ:
[૨] યથાભદ્રકધર્મસિદ્ધિ:
[૩] ધર્મોપદેશ:
[૪] સચૂલચારિત્રધર્માષ્ટકમ્
[૫] મૌનષટ્ત્રિંશિકા
[૬] ભિક્ષાષોડશકમ્
[૭] માસકલ્પસિદ્ધિ:
[૮] વેસમાહપ્પં
[૯] શિષ્યનિષ્ફેટિકા
[૧૦] ક્રિયાસ્થાનવર્ણનમ્
[૧૧] સદનુકરણમ્
[૧૨] શરણચતુષ્કમ્
[૧૩] મોક્ષપંચવિંશતિકા
[૧૪] આર્યાનાર્યવિચાર:
[૧૫] વ્યવહારપંચકમ્
[૧૬] લોકાચાર:
[૧૭] ગુણગ્રહણશતકમ્
[૧૮] ગર્હ્યકૃત્યમ્
[૧૯] ધનાર્જનષોડશિકા
[૨૦] સૂતકનિર્ણયપંચવિંશતિકા
[૨૧] વર્ધાપનાનિ
[૨૨] સત્સંગવર્ણનમ્
[૨૩] શિષ્ટવિચાર:
[૨૪] વિવાહવિચાર:
[૨૫] પાપભીતિ:
[૨૬] રાત્રિભોજન પરિહાર:
[૨૭] પંચાસરપાર્શ્વનાથસ્તવ:
[૨૮] જિનસ્તુતિ:
[૨૯] જિનસ્તુતિ:
[૩૦] ઈડરનગશાન્તિનાથસ્તવ:
[૩૧] પંચસૂત્રવાર્તિકમ્

## વિભાગ-૫

[૧] જૈનગીતા
[૨] આગમમહિમા
[૩] મુનિવસનસિદ્ધિકૃતિત્રયરૂપ:

## વિભાગ-૬

[૧] શ્રમણદિનચર્યા
[૨] જિનમહિમા
[૩] કર્મસામ્રાજ્યમ્
[૪] ગર્ભાપહાર સિદ્ધિષોડશિકા
[૫] નગ્નાટ શિક્ષાશતકમ્
[૬] ત્રિપદી પંચ સપ્તતિકા

[૭] ગણધરસાર્ધશતકસમાલોચના
[૮] તીર્થપંચાશિકા
[૯] સિદ્ધષટ્ત્રિંશિકા
[૧૦] સિદ્ધગિરિપંચવિંશતિકા
[૧૧] ગિરનારચતુર્વિંશતિકા
[૧૨] ગણધરપટ્ટમદ્વાત્રિંશિકા
[૧૩] અનેકાન્તવાદવિચારઃ
[૧૪] અમૃતસાગરગુણવર્ણનમ્
[૧૫] ,, કૃતતીર્થયાત્રા
[૧૬] ,, સ્તુત્યષ્ટકમ્
[૧૭] અમૃતસાગર સ્તવઃ

## વિભાગ-૭

(૧) પંચસૂત્રતર્કાવતારઃ
(૨) પંચસૂત્રી

તાત્ત્વિક પ્રશ્નોત્તરાણિ
ન્યાયાવતાર ટીકા
વિશ વિંશિકા-ખંડ ૧-૨
અધિકાર વિંશિકા

આ સિવાય અન્ય તાત્ત્વિક પ્રશ્નોત્તર ભા. ૧ (ગુજરાતી) આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો નવપદ મહાત્મ્ય વિગેરે ગ્રન્થોમાં પૂ. આગમોદ્ધારકશ્રીની કેટલીક કૃતિઓ પ્રકાશિત થઈ છે.

ઉપરોક્ત પૂ આગમોદ્ધારકશ્રીની કૃતિઓમાંથી પ્રકાશિત કૃતિઓનો કૃતિકલાપ જણાવી આ અવતરણમાં તથા ગ્રંથમાં રહેલ છદ્મસ્થજન્ય ક્ષતિઓ વિદ્વાનો સુધારશે તેવી અપેક્ષા સાથે વિરમું છું.

વિ. સં. ૨૦૨૫
વૈશાખ સુદ ૧૦ રવીવાર
પૂ. આગમોદ્ધારક
આચાર્યપદદીન

પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી
માણિક્યસાગરસૂરીશ્વરજી મ. ના
અંતિષત્ પુણ્યોદયસાગર.

# વિષયાનુક્રમ

લેખ સંગ્રહ


| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | દીપાલિકા પર્વનો દિવ્ય મહિમા | ૧-૯ |
| ૨ | જ્ઞાનપંચમી પર્વની પરમ ઉપયોગિતા | ૧૦-૧૬ |
| ૩ | કૌમુદીની કલ્યાણ કોટિ | ૧૭-૧૯ |
| ૪ | સુવિહિત સાધુઓના વિવિધ ફળો | ૨૦-૨૬ |
| ૫ | અક્ષયતૃતિયા-પર્વની મહત્તા | ૨૭-૩૦ |
| ૬ | શ્રી સિદ્ધચક્રને અંગે કંઈક ઉપયોગી | ૩૧-૩૨ |
| ૭ | દીક્ષાની સુંદરતા અને મહત્તા | ૩૩-૩૫ |
| ૮ | વિમલાચલ ગિરિરાજની વર્ષગાંઠની વિશિષ્ટતાઓ | ૩૬-૩૯ |
| ૯ | જાત્રાળુઓનું કર્તવ્ય | ૪૦-૫૧ |
| ૧૦ | શ્રી સિદ્ધક્ષેત્ર અને સાધુસાધ્વી | ૫૨-૫૭ |
| ૧૧ | મનક-મનાક્ કે મહાન્ | ૫૮-૬૪ |
| ૧૨ | અષાઢ ચાતુર્માસી પર્વની મહત્તાનાં કારણો | ૬૫-૬૯ |
| ૧૩ | મહાસતી મયણા સુંદરીની મનનીય મનોદશા | ૭૦-૮૧ |
| ૧૪ | મૌન એકાદશી અને ભગવાન્ નેમનાથજી મહારાજ | ૮૨-૮૪ |
| ૧૫ | ભગવાન્ ગૌતમસ્વામીજીનું કેવલજ્ઞાન | ૮૫-૮૭ |
| ૧૬ | ધર્મશબ્દનો વ્યુત્પત્તિ અર્થ | ૮૭-૯૫ |

જે મહાન પુરુષો છે તે મોટા દાનોને દેવાવાળા હોય છે, જ્યારે હે પ્રભુ ! તમે મોટા છો તેથી તમારી પાસે મારે બીજું કંઈ માગવાની ઈચ્છા નથી માટે હે શ્રેષ્ઠ કૃપાનિધિ ! તેમ કરો કે હું મહામોહને જીતવા માટે સમર્થ થાઉં.

હે પ્રભુ ! આપ સિવાય બીજો કોઈ મારું દુઃખ જાણતો નથી, પરંતુ તમે તો જાણતા છતાં પણ ઉપેક્ષા કરો છો. તેથી હવે હું ક્યાં જઈને બૂમો પાડું ? માટે જો મારું દુઃખ હશે તો હે નાથ ! હે જગત્ પ્રભુ ! એ તમારી જ હાનિ છે.

હે નાથ ! રક્ષણ વગરના આ જગતમાં તમારા કહેવાથી તમારા વચનથી રક્ષણ કરનાર ધર્મ છે એમ મેં માન્યું છે માટે મારા ઉપર દયા કરીને મને સંસારથી ઉદ્ધરવા વડે તે વાત સાચી કરો. અર્થાત્ ધર્મ રક્ષણ કરનાર છે તે વાત સાચી કરો.

ગીતાર્થ સાર્વભૌમ, આગમસમ્રાટ્ શિલાતામ્રપત્રોત્કીર્ણાગમકારક, બહુશ્રુત



પૂ. આચાર્યશ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

प. पू. आगमोद्धारक-आचार्य प्रवरश्री आनंदसागरसूरीश्वरेभ्यो नमः

# આગમોદ્ધારક-લેખસંગ્રહ

## દીપાલિકા-પર્વનો દિવ્ય-મહિમા

જે શાસનને આધારે આપણે જીવાજીવાદિક તત્ત્વને સમજી શકીએ છીએ, પાપના અત્યંત કટુક અને દુરંત વિપાકોને વિચારીને તેના કારણભૂત હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહ વિગેરેથી સર્વથા દૂર રહેવા માગીએ છીએ, ભવાંતરમાં મોક્ષને માટે જોઈતી બાદરપણું, ત્રસપણું, પંચેંદ્રિયપણું, મનુષ્યપણું, પહેલું સંઘયણ વિગેરે સામગ્રી મેળવી આપનાર એવા પુણ્યના કારણોથી બેદરકાર રહેતા નથી, ઈંદ્રિય, કષાય, અવ્રત વિગેરે આશ્રવોને આત્માથી અલગ રાખવામાં અહર્નિશ ઉદ્યત થવાય છે, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ભાવના પરિષહોનું જિતવું વિગેરેથી અનાદિકાલથી આત્મામાં સતત આવવા પ્રવર્તેલા કર્મોને રોકવારૂપ સંવરને સિદ્ધ કરવા માટે જે સામર્થ્ય વપરાય છે, અણસણ, ઉણોદરી વિગેરે તથા પ્રાયશ્ચિત્ત, વિનય વિગેરેમાં થતી નિર્જરાનું લક્ષ રાખી કોઈપણ ભોગે જે પ્રવૃત્તિ કરાય છે, અંતમાં સર્વથા પામવા લાયક એક જ જે પદ મોક્ષ નામનું છે તેને માટે તેના સાધનભૂત નિર્ગ્રંથ પ્રવચન સિવાયના સર્વ પદાર્થોને અનર્થ કરનાર માનવા જે આ આત્મા ઉદ્યમવંત થાય છે તે સઘળો પ્રતાપ આ શાસનના પ્રણેતા શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર મહારાજનો જ છે.

જો શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે પોતાના પહેલાના મનુષ્યભવમાં લાખ વરસ સુધી માસખમણની લાગલગાટ તપસ્યા કરવાપૂર્વક ચારિત્રઆરાધન કરીને આપણા જેવા જીવોના ઉદ્ધારને માટે તીર્થંકરનામગોત્ર ન બાંધ્યું હોત તો અને જો વર્તમાન શાસન ન પ્રવતાવ્યું હોત તો આ દુષ્મમ કાલના આપણા જેવા અનાથ પ્રાણીઓની ધર્મરહિત દશા થઈ શી વલે થાત? આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના વર્તમાન શાસનને નહિ પામેલા જીવો ઘણા જ તીવ્ર બુદ્ધિવાળા છતાં, રાજામહારાજની સ્થિતિમાં આવેલા છતાં, ન્યાયાધીશ અને દેશનેતાઓના નામે દેશમાં ગૌરવ પામ્યા છતાં, યુક્તિથી રહિત, શાસ્ત્રથી બાધિત એવા ઈશ્વરકર્તાપણાના અસદ્ આલંબનમાં ટિંગાઈ રહેલા જ હોય છે. આરંભ, પરિગ્રહમાં સદાકાલ આસક્ત, સ્ત્રી, પુત્રઆદિ પરિવારના પોષણમાં પ્રતિદિન પરાયણ થએલા, મોટી મોટી ઋદ્ધિ અને મોટી મોટી સમૃદ્ધિઓમાં સંડોવાયેલાને ગાદીપતિને નામે, તે જાદવકુલના બાળકને નામે કે મઠપતિના નામે માનવા તૈયાર થાય છે અને જગતમાત્રના જીવની ઉપર દયાની દૃષ્ટિ દાખવવા રૂપી ધર્મના સ્વરૂપ કે હકીકત સાંભળતાં, સંતોષ પામવો તો દૂર રહ્યો, પણ આંખમાંથી અંગારા વરસે છે તો આપણે પણ જો આ ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી સર્વજ્ઞ વીતરાગ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું શાસન ન પામ્યા હોત તો શું ભવભ્રમણના ભરદરિયામાં ભટકવામાં કમી રહેત ખરી? કહો કે એવા ભયંકર ભવસમુદ્રના ભ્રમણથી કંઈપણ આપણે બચી શક્યા હોઈએ તો તે પ્રભાવ સર્વજ્ઞ ભગવાન્ મહાવીર મહારાજનો અને તેમના શાસનનો જ છે.

સામાન્ય રીતે સજ્જનતા એજ જગો ઉપર રહેલી

ગણાય કે બીજાએ ઉપકારદૃષ્ટિ વિના પણ કરેલું કાર્ય જો આપણને ઉપકાર કરનારૂં થાય, તો તે કાર્ય કરનારને આપણે કૃતજ્ઞતાની દૃષ્ટિએ ઉપકારી માનવો જ જોઈએ, અને તેજ દૃષ્ટિએ માતાપિતાએ આપણી અપેક્ષાએ આપણને જન્મ નહિ આપેલો છતાં, આપણા શેઠે પોતાના ધંધાની અનુકૂળતાએ જ આપણને નોકર રાખેલા હોય છતાં, અંતમાં પંચમહાવ્રતધારક, સંસારસમુદ્રથી પાર ઉતરેલા શ્રમણ ભગવંતો પણ પોતાના આત્માના ઉદ્ધારને લક્ષમાં રાખી આપણને જગત હિતકારી ધર્મનો ઉપદેશ આપે છે તેમાં પણ આપણે તે માતાપિતા, શેઠ કે ગુરુમહારાજની થએલ સ્વાર્થસિદ્ધિને નહિ જોતાં કેવળ આપણા આત્માને તેનાથી થએલા લાભની દૃષ્ટિ રાખી તેઓને મહોપકારી ગણી કૃતજ્ઞતાવાળા માનીએ છીએ, તો પછી જે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે આપણા ઉદ્ધારને માટે પહેલાના મનુષ્યભવમાં લાખ વરસ સુધી માસખમણની તપસ્યા કરી, પરમ વિશુદ્ધ ચારિત્ર પાળી, કાયાની દરકાર નહિ કરતાં કેવળ આપણી દરકાર રાખી, તીર્થંકરનામગોત્રનો બંધ કર્યો, એટલું જ નહિ પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના ભવમાં પણ જ્ઞાનાવરણીય આદિ સમસ્ત ઘાતિકર્મોનો ક્ષય કરી, સાડાબાર વર્ષ જેવા લાંબા કાળ સુધી કરેલી તીવ્રતમ તપસ્યાના કેવળજ્ઞાનરૂપી ફળને પ્રાપ્ત કરી કૃતાર્થ થયા છતાં ફક્ત આપણા ઉપકારને માટે જ જગતને તારનાર શાસનની સ્થાપના કરી, તો તેવા ત્રિલોકનાથ તીર્થંકર શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનો ઉપકાર દેવ, ગુરુ, ધર્મના સ્વરૂપને જાણવાવાળો, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની સુધાસરિતામાં સ્નાન કરનારો અને અવ્યાબાધ,

અનંત, અદ્વિતીય, અચલપદના અનંત સુખોને સ્વાધીન કરવા સજજ થએલો સત્ત્વ એક ક્ષણ પણ તે ત્રિલોકનાથ તીર્થંકરના માત્ર જગતના તારણને માટે તીર્થપ્રવર્તનના થએલા પ્રયત્નના ઉપકારને ભૂલી શકે કેમ ?

ઉપરની હકીકત વિચારતાં આપણી ઉપર તેઓનો થએલો અનહદ ઉપકાર પ્રતિક્ષણ યાદ કરવાલાયક છે એમ જ્યારે ચોક્કસ થાય છે તો પછી તે ઉપકારના બદલા તરીકે આપણે શું કરી શકીએ તેમ છીએ તે વિચારવું ઓછું અગત્યનું નથી. શાસનને અનુસરનારા દરેક સજ્જનો એટલું તો ચોક્કસ સમજી શકે છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા વર્તમાનમાં સમગ્ર કર્મનો ક્ષય કરી શાશ્વત સિદ્ધિપદને વિષે સિધાવેલા છે અને તેથી તેમના આત્માને આપણે કોઇપણ રીતે કંઈપણ ઉપકાર કરી શકીએ તેમ નથી, પણ જગજ્જંતુ માત્રને પરમ પવિત્ર પંથે પ્રયાણ કરાવવામાં તત્પર એવા પારમેશ્વર પ્રવચનનો લેવડદેવડનો સિદ્ધાંત નથી, અર્થાત્ ઉપકાર કરનારને જો આપણે ઉપકાર કરીએ તોજ આપણે ઉપકારનો બદલો વાળ્યો ગણાય એમ નથી, પણ તેઓશ્રીએ આપણને જેવી રીતે માર્ગપ્રદાનનો ઉપકાર કર્યો છે તેવી રીતે અન્ય જીવો કે જેઓ જડવાદના જમાનામાં જકડાઇને જીવની જાહોજલાલી ઝાટકી નાખી પુદ્ગલના પરમાધમ પ્રવાહમાં તણાએલા હોય તેવાઓને પરમોપકારી પરમેશ્વરના પ્રવચનના પરમ પીયૂષ સમાન પારમાર્થિક તત્ત્વનું પાન કરાવી પરમપદનેજ પરમ સાધ્ય તરીકે ગણવાવાળા કરીએ તો તે ઉપકારનો બદલો ગણી શકાય છે. ઉપકારી પુરુષના ઉપકારને અંગે જેઓને મોક્ષગતિ પામવાનો નિર્ધાર ન છતાં અન્યગતિમાં જવાનો નિર્ધાર હોય છે તેવા પણ ઉપકારી પુરુષના મરણદિવસને દરેક કૃતજ્ઞ મનુષ્ય તેના ઉપકારને અંગે દેવ, ગુરુની ભક્તિ અને

અને ધર્મઆરાધન કરવા તત્પર થાય છે તો પછી અન્ય કોઇપણ જીવ ન કરી શકે તેવા અતિશય ઉપકારના પ્રવાહને વહેવડાવનારા અને અવ્યાબાધ પદની પ્રાપ્તિ કરી જન્મ, જરા, મરણના બંધને છેદનારા, સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત અને સર્વ દુઃખોનો નાશ કર્યો છે જેમણે એવા આસન્નઉપકારી. તીર્થપ્રવર્તક ભગવાન્ મહાવીર મહારાજના મોક્ષકલ્યાણકને દિવસે ગુરુની ભક્તિ અને પૌષધઆદિ ધર્માનુષ્ઠાનોથી તે મહોપકારીના ઉપકારનું સ્મરણ કરવા ઉપયોગી થાય તેમાં આશ્ચર્ય શું? યાદ રાખવું કે જૈનશાસનના પવિત્ર ઝરણામાં શોકરૂપી કાજળને અવકાશ નથી, અને તેથીજ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ દિવસને પણ કલ્યાણક તરીકે ગણી ઉત્સવથી જ ઉજવવાનો છે, કેમકે જોકે શ્રમણભગવાન્ મહાવીર મહારાજનો મોક્ષ થયો એવું શ્રવણ આપણા આત્માને સિદ્ધિની સાધનસામગ્રીની થએલી નુકશાનીને અંગે વજ્રપાત જેવુ ભયંકરલાગે, પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને ઉપદેશેલું અને દરેક સમ્યગ્દૃષ્ટિએ હૃદયકમળમાં કોતરેલું એવું પર્યંતપ્રાપ્ય પરમપદ પ્રાપ્ત થાય તેમાં દરેક ભવ્યજીવો આનંદની અવ્યાહત લહેરમાં વિલસે તેમાં આશ્ચર્ય જ નથી.

પૂર્વે જણાવેલી હકીકત પ્રમાણે વર્તમાન શાસનમાં વર્તતા વિચારવંત વિચક્ષણોને થએલી માર્ગપ્રાપ્તિની ખાતર શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના મોક્ષકલ્યાણકનો દીપાલિકા પર્વનો દિવસ આરાધવા લાયક છે, અને વળી તે મહાપુરુષના ગુણગણની ઝળકતી કાર્કિર્દી વિચારનાર કોઈપણ મનુષ્યને આ દીપાલિકા પર્વનો દિવસ સજ્જનતાની ખાતર પણ આરાધવા લાયક જ છે. તેમના ગુણગણની અનંતતાને એક બાજુએ રાખી સામાન્ય દૃષ્ટિએ તેમના ચરિત્ર તરફ નજર કરીએ

તોપણ તે મહોપકારી મહાવીર ભગવાનની આરાધના કરવા માટે દીપાલિકાપર્વની આરાધનાની જરૂરીઆત ઝળકશે.

૧. જગતમાં પુત્રના લક્ષણ પારણામાંથી જણાય એમ કહી પુત્રના ભાવિજીવનનું ભવિષ્ય પારણામાં જણાવવાનું ગણાય છે ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાનું ભાવિજીવન તેઓશ્રી માતાની કૂખે પધાર્યા તેજ વખતે સ્પષ્ટ થઈ ગયું હતું, કેમકે જે રાત્રિએ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા માતાની કૂખે આવ્યા તેજ રાત્રિએ એક જ વખતે ચૌદ મહાસ્વપ્નો તેઓશ્રીની ભાગ્યવત્તાને સૂચવનારાં તેઓશ્રીની માતાએ દેખ્યાં.

૨. કોઈપણ ભાગ્યશાળી પુરુષ માતાની કૂખે આવે ત્યારે તે ભાગ્યવાનની માતા એકાદું ગજાદિકનું સ્વપ્ન દેખે છે જ્યારે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની માતાએ તેજ રાત્રિએ એકી વખતે સિંહ, ગજ વિગેરે ચૌદ મોટાં સ્વપ્ન દેખેલાં છે.

૩. જગતની વિચિત્રતાઓ અનેક પ્રકારની આપણે સાંભળીએ અને દેખીએ છીએ છતાં ગર્ભવતી માતાના ઉદરમાં ગર્ભને અંગે લોહી વિગેરેનો બીજો જમાવ ન થાય તેવું સાંભળવામાં કે દેખવામાં આવ્યું નથી છતાં ત્રિલોકનાથ ભગવાન્ મહાવીર મહારાજની માતાના ગર્ભાશયમાં ત્રિલોકનાથ આવે ત્યારે સમગ્ર ગર્ભકાળ સુધી બીજો કોઈ રૂધિરનો જમાવ વિગેરે બનાવ હોતો નથી.

૪. જગતના કોઈ પણ મનુષ્યનાં શરીર લાલ રૂધિર અને માંસ સિવાયનાં હોતાં નથી, છતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાનું શરીર નિર્મળ અને નીરોગ છતાં સફેદ લોહી અને માંસવાળું હતું (જો કે શ્રદ્ધાહીનોને લોહી અને માંસોની

સફેદાઈ માનવી અસંભવિત લાગે પણ તેઓ કે બીજાઓ ચિંતવી પણ ન શકે તેવો બનાવ હોવાથી જ તીર્થંકરના અતિશય તરીકે ગણાય છે. જો તેવો સફેદાઈનો બનાવ સાહજિક હોત તો તે અતિશય તરીકે ગણાત જ નહિ.)

૫. ગર્ભચલનથી માતાને થતા દુઃખને વિચારવું અને તેથી ગર્ભમાં જ પોતાના અંગોપાંગોને સમાધિસ્થ મહાત્માઓના અંગોપાંગોની જેમ સ્થિર કરી રાખવા એ કાર્ય કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૬. માતાપિતાએ પોતે ગર્ભમાં રહેલા તે વખતે ગર્ભને જાળવવા માટે કરેલા હદબહારના પ્રયત્નોથી માતાપિતાના સ્નેહને જાણીને પોતાની દીક્ષા થાય તો તેઓ જીવી શકશે નહિ એવું ધારી માતાપિતાના જીવન સુધી દીક્ષા નહિ અંગીકાર કરવાનું નિયમિત કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૭. બાલ્યાવસ્થામાં પણ ભયંકર કાળા નાગના પ્રસંગે તથા તાડ જેવા ઊંચા વેતાલે ઉઠાવી લેવાના પ્રસંગે ધૈર્ય રાખનાર હોય તો તે શ્રમણ ભગવાન્ મહાવીર.

૮. પૂર્વ ભવથી અપ્રતિપાતી નિર્મળ, શુદ્ધ એવા મતિ, શ્રુત, અને અવધિજ્ઞાનને સાથે લાવેલા હોઈ સર્વ સામાન્ય પદાર્થોને જાણવાવાળા છતાં પાઠશાળામાં પંડિત પાસે ભણવા મેલવાના પ્રસંગ સુધી ગાંભીર્ય ધરાવનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૯. દીક્ષિત થયા છતાં પિતાના મિત્ર વિપ્રની દયા લાવી દેવદુષ્ય કે જેની કિંમત લાખ સોનૈયાની થાય છે તેમાંથી અર્ધું આપનાર શ્રમણ ભગવાન મહાવીર.

૧૦. કાંટામાં પડી ગયેલા શેષ અર્ધ દેવદુષ્યની દરકાર

નહિ કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૧. ગોવાળીઆ, જોષી, ચોર, વ્યંતરના ઉપસર્ગો શૂલપાણિ યક્ષ અને સંગમદેવના ઉપસર્ગો, ક્રોધ વગર ક્ષમાથી નિશ્ચલપણે સહન કરનારા શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૨. સિદ્ધાર્થ અને ત્રિશલા રાણીના કલ્પાંતથી, દેવાંગનાઓના નાટચારંભથી અને સંગમ દેવતાના વિભ્રમ ઉપજાવનારા વાક્યોથી ચલાયમાન નહિ થનાર શ્રમણ ભગવાન મહાવીર.

૧૩. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ ચારે પ્રકારના પ્રતિબંધોથી દૂર રહી ઈર્યાસમિતિ આદિ સાધુ આચારમાં સાવધાન થઈ છ મહિનાના ઉપવાસે દાસી થએલી રાજપુત્રીના હાથે અડદના બાકળાથી પારણું થવાવાળા અભિગ્રહને કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૪. વાસુદેવના ભવમાં અને પછીના બીજા દેવલોકાદિક ભવોમાં ગૌતમસ્વામીજીના જીવની સાથે સ્નેહ સંબંધે જોડાએલો જીવ તે શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૫. અહંકારવાળાને ગણધરપદ આપનાર, રાગે રંગાએલાને ગુરુભક્તની પદવીએ પહોંચાડનાર અને વિખવાદના વમળમાં વહેતા ગૌતમને વિમળ કૈવલાલોક અર્પણ કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૬. જેમના નિર્વાણને દિવસે ચેડા મહારાજાના સામંત એવા અઢાર ગણરાજાઓએ પૌષધોપવાસ કર્યો હતો તે શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૭. જેમના નિર્વાણના દિવસને સમસ્ત જગતે દીપાલિકા પર્વ તરીકે આરાધ્યું, આરાધે છે અને આરાધશે તે શ્રમણ ભગવાન્ મહાવીર.

આ વિગેરે અનેક નવનવા વૃત્તાંતોથી જેમનું જીવન ભરપૂર હતું એવા અનંત જ્ઞાનાદિ ગુણોએ યુક્ત શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ દિવસરૂપી દીપાલિકા પર્વનું આરાધન કરતાં દરેક ભવ્ય આત્માઓએ પોતાના જીવનને કૃતાર્થ ગણી જન્મને સફળ ગણવો જોઈએ.

**તા. ક.:** મહાવીર મહારાજના જીવનની ગર્ભાપહાર, મેરુચલન વિગેરે હકીકતોને કર્મવીર કૃષ્ણના લેખકે જે અનુકરણ તરીકે જણાવી છે તે તે ભાગવતનું ઘણાંજ પાછલા સમયમાં બનવું અને મહાભારતમાં સમય સમય પર જુદા જુદા વધારા થવા એ વિગેરે હકીકત ખ્યાલમાં લીધા સિવાય જૈનઆગમ અને જૈનશાસ્ત્રોને અન્યાય કરનારૂં લખાણ થયું છે તે કોઈપણ ભવ્યો ખમી શકે નહિ તેવું છે.

હે વીર! મુક્તિને આપનારાં એવા તમારા આગમોથી મને પ્રલોભન પમાડી આશ્રિતો પર હંમેશાં રાગવાળા એવા મોહરાજાથી મને છોડાવ્યો તો હે ભગવાન્! હવે તે મોક્ષનું અર્પણ-આપવું મને કેમ કરતા નથી! અર્થાત્ મને મોક્ષ આપો.

# જ્ઞાનપંચમીપર્વની પરમ ઉપયોગિતા

## શાસનનો શણગાર સૌભાગ્યપંચમી

**જ્ઞાનનો અદ્વિતીયપ્રભાવ.**

જગતમાત્રના જીવો સ્વાભાવિક રીતે સુખની ઈચ્છા કરે છે એ હકીકત સર્વ જનને અનુભવસિદ્ધ છે, પણ તે સુખની સિદ્ધિનો ઉપાય બીજો કોઇજ નહિ પણ **જ્ઞાન.**

એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના અને ચારે ગતિના જીવો વાસ્તવિક રીતે ડરતા હોય તો બીજા કશાથી નહિ પણ માત્ર દુઃખની પ્રાપ્તિથી અને તે દુઃખસમાગમથી સદાને માટે દૂર રહેવાનો રસ્તો માત્ર એકજ કે **જ્ઞાન.**

આ જીવ અનાદિકાલથી ભવચક્રમાં ભમ્યા કરે છે એવું જો કોઈ બીજાંકુર ન્યાયની માફક જન્મમરણની પરંપરાથી સમજાવી શકે તો તે માત્ર **જ્ઞાન.**

અનાદિકાલથી આત્મા જ્ઞાનની જઘન્યતમ હદમાં સૂક્ષ્મ એકેંદ્રિયપણે પડી રહ્યો, અને ભવિતવ્યતાના યોગે અને કોઈક પુણ્યસંયોગે જ્ઞાનનાં સાધનો ચઢિયાતાં મળ્યાં અને વર્તમાનમાં પુણ્યદ્વારાએ મળતાં સંપૂર્ણ જ્ઞાનસાધનો પ્રાપ્ત થયાં છે તો હવે આત્માના સ્વાભાવિક સુખોને પ્રાપ્ત કરવાનો અપૂર્વ અવસર છે એવું જો આત્માને કોઇ સમજાવી શકે તો તે માત્ર **જ્ઞાન.**

અનાદિકાલથી આ આત્મા મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના કર્મવિકારના થયેલા રોગોએ ઘેરાએલો છે, અને તે

રોગોને દૂર કરી આત્માના સ્વાભાવિક સમ્યગ્દર્શન. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપી ગુણોને પ્રગટ કરી ખીલવવાની જરૂર છે એવું સમજાવનાર એ **જ્ઞાન**.

આશ્રવ અને સંવર, બંધ અને નિર્જરા, એઓનું અનુક્રમે છાંડવાલાયક અને આદરવાલાયકપણું જણાવનાર હોય તો તે માત્ર **જ્ઞાન.**

અનાદિકાલથી કાયિક, વાચિક ને માનસિક કોઈપણ જાતના પુદ્ગલના બંધનમાંજ આ આત્મા સપડાએલો છે એમ જણાવનાર તે **જ્ઞાનજ**.

જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ, સંયોગ અને વિયોગના વમળોમાં અનંત વ્યથા આ આત્મા અનુભવી રહ્યો છે એમ સમજાવનાર જો કોઈ પણ હોય તો તે **જ્ઞાન જ.**

જડ અને ચેતનનો વિભાગ સમજાવી આ આત્મા જડ-દ્વારાએ સાહેબી માને છે એવું સમજાવી આત્માને સ્વસ્વરૂપમાં લાવી સ્થિર કરનાર જો કોઈપણ હોય તો તે **જ્ઞાન જ.**

આત્માના એકએક પ્રદેશો ઉપર કર્મરાજાએ જ્ઞાનાવરણીય આદિકપણે પરિણમાવેલા અનંત પુદ્ગલોની ચોકી રાખી આત્માનો વિકાસ અટકાવ્યો છે એવું સમજાવનાર કોઈપણ હોય તો તે **જ્ઞાન.**

આત્માને જ્યાંસુધી કૈવલ્ય પ્રગટ ન થાય ત્યાંસુધી મળેલું જ્ઞાન એ ચક્રવર્તીની ઋદ્ધિની આગળ એક બદામના હિસાબ કરતાં પણ ઓછું છે એવું સમજાવનાર પણ **જ્ઞાન જ** છે.

શુદ્ધ અને અશુદ્ધ દેવ, ગુરુ તથા ધર્મનું સ્વરૂપ

સમજાવી રાગી, દ્વેષી દેવોનો સારંભ, સપરિગ્રહી ગુરુનો અને આત્માને દુર્ગતિથી, આરંભ-પરિગ્રહમય હોવાને લીધે નહિ બચાવનાર એવા ધર્મનો ત્યાગ કરાવી સર્વજ્ઞ વીતરાગ એવા દેવ, નિરારંભ, નિષ્પરિગ્રહ ગુરુ અને દુર્ગતિથી બચાવી મોક્ષ સુધીની સદ્ગતિને પ્રાપ્ત કરાવનાર જો કોઈ હોય તો તે **જ્ઞાન જ.**

ત્રિલોકનાથ તીર્થંકર અનેક ભવોમાં ઉત્તમ વાસનાએ વાસિત થએલા છતાં તીર્થંકરનામગોત્ર પાછલા ત્રીજા ભવે જે બાંધે છે તેમાં પ્રયોજન ભવ્યોને દેવાલાયક હોય તો તે **જ્ઞાન.**

**શાસનસામ્રાજ્યમાં શ્રુતજ્ઞાનનું અદ્વિતીય સ્થાન**

સર્વજ્ઞ કેવલી મહારાજ કરતાં પણ છદ્મસ્થ એવા ગણધર મહારાજાઓને જે અગ્રપદ મળે છે તેનું કારણ **શ્રુતજ્ઞાનની** ઉત્પત્તિ.

પાંચે જ્ઞાનોમાં પોતાનું સ્વરૂપ પ્રગટ કરવાવાળું કોઇપણ જો જ્ઞાન હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન જ** છે.

કેવળજ્ઞાન કરતાં પણ કોઈ મહર્ધિકપદને પામી શકવાને લાયક હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન.**

બીજાના ઉપદેશથી જો કોઇપણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન જ** છે.

તીર્થંકર મહારાજા અને ઈંદ્રાદિ દેવો પણ જો કોઈની ઉપર સુગંધી ચૂર્ણની મુષ્ટિ નાખતા હોય તો તે પ્રભાવ માત્ર **શ્રુતજ્ઞાનનો જ** છે.

લિખિત આગમોની આરાધના જો કે ભગવાન્ દેવર્ધિં-ગણિક્ષમાશ્રમણજીએ પુરાવા તરીકે લખાએલાં પુસ્તકને જ

ગણવા માટે સિદ્ધાંત પુસ્તકારૂઢ કર્યાં ત્યારથી થએલી હોય, પણ શબ્દદ્વારાએ થતા વાચ્યપદાર્થોના જ્ઞાનરૂપી **શ્રુતજ્ઞાન** તો સર્વદા આરાધ્યજ છે.

પ્રતિદિન કરાતા આવશ્યકમાં જો કોઈપણ જ્ઞાનની વૃદ્ધિ શ્રુતસ્તવદ્વારાએ કરાતી હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન જ** છે.

ત્રિલોકનાથ તીર્થંકરોની નમનીયતામાં કારણ હોય તો તે **શ્રુતજ્ઞાન.**

જાતિ, જરા, મરણ, રોગ, શોકને નાશ કરનાર કોઈપણ જ્ઞાન હોય તો તે **શ્રુતજ્ઞાન.**

મોક્ષની નીસરણી તરીકે પ્રાપ્ત થએલા મનુષ્યભવને સફળ કરાવી અવ્યાબાધ, અનંત, શાશ્વત સુખને આપનાર એ **શ્રુતજ્ઞાન.**

કેવલજ્ઞાનરૂપી આત્માના સ્વાભાવિક જ્ઞાનને પ્રાપ્ત કરાવી આપનાર હોય તો તે **શ્રુતજ્ઞાન.**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાંન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ અને તેની શુદ્ધિને કરાવનાર જો કોઇપણ જ્ઞાન હોય તો તે **શ્રુતજ્ઞાન.**

શાસનની સર્વદા પ્રવૃત્તિરૂપી સૌધનો કોઇ પણ સ્તંભ હોય તો તે **શ્રુતજ્ઞાન.**

ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગની વિધિઓ જેને માટે પ્રવર્તે છે તે **શ્રુતજ્ઞાન.**

પ્રમાદનો પરિહાર કરીને ચારિત્રરૂપી ચિંતામણીની આરાધના માટે ઉત્સાહિત કરનાર એ **શ્રુતજ્ઞાન.**

મોક્ષના અવ્યાબાધ સુખોને પ્રાપ્ત કરાવનાર ચારિત્રની

કોઈપણ જડ હોય તો તે **શ્રુતજ્ઞાન.**

આવા શ્રુતજ્ઞાનને આરાધન કરવાનો ત્રિલોકનાયકે નિયમિત કરેલો દિવસ તેજ શ્રુતપંચમી; જ્ઞાનપંચમી કે સૌભાગ્યપંચમી.

## કાર્તિક શુક્લ પંચમી એ જ્ઞાનપંચમી હોવાનું કારણ

જૈન જનતાને એ વાત તો સ્પષ્ટપણે માલુમ છે કે કોઈપણ ધર્મની આરાધનામાં સદ્ગુરુસમાગમની પ્રથમ આવશ્યકતા છે, અને કાર્તિક શુક્લ પૂર્ણિમાથી ભાદ્રસુદિ પંચમી સુધીની મુદત સદ્ગુરુ મહારાજના સમાગમને માટે તીર્થંકર અને પૂર્વધર મહારાજના વખતમાં પણ અનિયમિત હતી, અને તેથી તે વખત દરમ્યાન ભવ્યોને જ્ઞાનનો મહિમા જાણવામાં આવવો, તેની આરાધના માટે નિયમિત દિવસની પહેલાંથી જાણ થવી અને આરાધનના માટે તૈયાર થઈ તે દિવસની આરાધના કરવી, એ બધું સદ્ગુરુસમાગમના પ્રભાવે હોવાથી જ્ઞાનઆરાધનનું પર્વ તે અનિયમિત દિવસોમાં રાખવું યથાર્થ થાય નહિ.

આ જ્ઞાનપંચમીનો મહિમા સર્વ તીર્થમાં પ્રવર્તવાને લાયકનો હોઈ ચોવીસે તીર્થંકરોમાંથી કોઈના પણ જ્ઞાન-ઉત્પત્તિનો દિવસ લીધો નહિ, કોઈપણ ગણધરમહારાજાની દ્વાદશાંગીરચનાનો દિવસ લીધો નહિ, કોઈપણ શ્રુતકેવળી મહારાજાઓએ કરેલા શાસ્ત્રોદ્ધારનો દિવસ લીધો નહિ, કોઈપણ અંત્ય દશપૂર્વીએ કરેલા આગમસંક્ષેપનો દિવસ લીધો નહિ. દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી વિગેરેએ સિદ્ધાંત પુસ્તકારૂઢ કર્યાં તેની આદિનો કે અંતનો દિવસ લીધો નહિ, તેનું કારણ સ્પષ્ટ સમજાશે કે આ જ્ઞાનપંચમીને દિવસે

વર્તમાનમાં શ્રુતજ્ઞાનની મુખ્યતાપૂર્વક પાંચ જ્ઞાનની આરાધના અને ઈતરકાળમાં સમગ્ર રીતિએ પાંચ પ્રકારના જ્ઞાનની આરાધના થઈ શકે.

જોકે કેટલાકો અમુક આચાર્યે, અમુક દિવસે, અમુક ગ્રંથનો ઉદ્ધાર કર્યો તેથી તે દિવસ શ્રુતપંચમી તરીકે માનવો એમ કહે છે, પણ તેઓ જૈનસંઘના વાસ્તવિક પર્વોનું અનુકરણ કરતાં જ્ઞાનપંચમીનું અનુકરણ કરવા ગયા, પણ તેમાં મયૂરનૃત્ય જેવું જ અનુકરણ થયું, કેમકે એટલું તો ચોક્કસ થાય કે તેઓને જ્ઞાનની આરાધનામય પર્વ તરીકે જ્ઞાનપંચમી આરાધવાની નથી. ગણધર મહારાજા સરખાની કરેલી દ્વાદશાંગીને અંગે કોઇ તિથિ આરાધવી નથી, એટલે એમ નક્કી થાય કે તેઓ મૂળ શાસનથી જુદા પડ્યા અને તેમના મતની જડ તરીકે જે ગ્રંથ જે આચાર્યે કર્યો તેજ ગ્રંથને તેજ આચાર્યને અંગે પર્વ તરીકે આરાધવાની ફરજ પડી, અર્થાત્ એવી કૃત્રિમ પર્વઆરાધનાજ તેઓનું કૃત્રિમપણું જણાવવા માટે બસ છે. વળી કાર્તિક શુક્લ પંચમીનો દિવસ વર્તમાન લખેલા શાસ્ત્રના જમાનાને વધારે અનુકૂળ થઈ શકે છે, કેમકે દીવાળી પછીનો વખત વરસાદ વગરનો અને શુદ્ધ તાપયુક્ત હોઈ પુસ્તકપરિવર્તન માટે ઘણોજ ઉપયોગી છે.

## જ્ઞાનવંતોની આરાધનાનું સ્થાન.

આ જ્ઞાનપંચમીનું આરાધન કરનારે શ્રુતજ્ઞાનની મુખ્યતાપૂર્વક સર્વ જ્ઞાનોની ભક્તિ સેવાદ્વારાએ આરાધના કરવાની જેવી જરૂર છે તેવીજ જરૂર જ્ઞાનવંતોની આરાધના માટે છે, કેમકે જ્ઞાની, જ્ઞાન, કે જ્ઞાનસાધન ત્રણેના પ્રદ્વેષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય અને અતિઆશાતના જો વર્જાય નહિ તો આત્મા જ્ઞાનાવરણીય કર્મને બાંધે ને નિકાચિત પણ કરે, માટે

આ પર્વની તપ, જપ, પૂજા, ભક્તિથી આરાધના કરનારે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો તરફ ઘણુંજ લક્ષ આપવાની જરૂર છે. જેમ કોઈ મનુષ્ય નમો અરિહંતાણનો જાપ બારે માસ, ત્રીસે દિવસ અને ચોવીસ કલાક કરે અને મહાભાગ્યના યોગે ખુદ અરિહંતપણાવાળા ત્રિલોકનાથ તીર્થંકરનો યોગ મળ્યો હોય છતાં તે ત્રિલોકનાથ તીર્થંકરની અવજ્ઞા કરે તો તે જાપના શુભ ફળ કરતાં અવજ્ઞાનું અશુભ ફળ ઘણુંજ તીવ્ર મળે છે અને તેથી તેનાં કટુક ફળ ભોગવવાં પડે છે તેવી રીતે વર્તમાનમાં પણ કોઈ મનુષ્ય માત્ર જ્ઞાન કે જ્ઞાનના સાધનોની ભક્તિ, સેવાથી પોતાના આત્માને વાસિત કરે છતાં પણ જો તે જ્ઞાનીના ભક્તિ, સત્કારથી વંચિત રહી તેમની આશાતના કરનાર થાય તો તેમાં પણ અશુભ ફળની તીવ્રતાને સ્થાન મળે, માટે હરેક ધર્માર્થીઓએ જ્ઞાનની આરાધનાદ્વારાએ જ્ઞાન મેળવવા માટે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની ભક્તિ માટે તત્પર થવું તે તત્ત્વાર્થ આદિના જણાવેલા આશ્રવકારણોને સમજનાર માટે નવું નથી. જ્ઞાની અને જ્ઞાનનું જેમ ભક્તિ, સત્કારઆદિદ્વારાએ આરાધન કરવું જરૂરી છે તેવીજ રીતે જ્ઞાનના સાધનરૂપ પુસ્તકોનું લખાવવું, રક્ષણ કરવું, પ્રસાર કરવો, તે પણ જ્ઞાનઆરાધનાની ધગશવાળાને માટે જરૂરી છે.

---

તૃષ્ટિ-આનંદ અને રુષ્ટિ-રોષ તેનાથી જે વ્યાપ્ત દેવો છે. તેઓમાં પવિત્રતા ક્યાંથી હોય! આત્માના અતત્ત્વમાં-અજ્ઞાનમાં સર્વજ્ઞપણું કેવી રીતે હોય અને છદ્મસ્થઅવસ્થામાં મોક્ષ પણ ક્યાંથી હોય.

# કૌમુદીની કલ્યાણકોટિ

## કાર્તિકી પૂર્ણિમા અને શ્રીસિદ્ધક્ષેત્ર

જૈનજનતા તેમજ જૈનેતરો પણ ધર્મની અપેક્ષાએ કાર્તિકી પર્ણિમાને જેમ પવિત્ર માને છે. તેવી જ રીતે પૂર્વકાળમાં સમગ્ર લોકો પણ તે દિવસને ઘણા મોટા તહેવાર તરીકે માનતા હતા અને તેથી કાર્તિકી પૂર્ણિમાના તહેવારને કૌમુદી-મહોત્સવ કહેતા હતા. જેમ સામાન્ય લોકો રંક કે રાજા, દરિદ્ર કે શ્રીમાન્ તે કૌમુદીના દિવસને એક મહોત્સવ દિન તરીકે માનતા હતા તેમ તે લોકોને મહોત્સવ તરીકે માનવાના મૂળભૂત ભગવાન આદીશ્વરના વખતથી જૈનોમાં કાર્તિકી પૂર્ણિમાનો દિવસ મહાપર્વ તરીકે મનાતો આવેલો છે. એ કાર્તિકી પૂર્ણિમા જેમ ચતુર્માસિક પ્રતિક્રમણને અંગે પંચાચારની પવિત્રતા કરાવનારી છે તેવી જ રીતે એજ કાર્તિકી પૂર્ણિમાનો દિવસ ભવ્યજીવોના ભાવિ ભદ્રને ભેટાવનાર એવા સિદ્ધાચલગિરિજીની યાત્રાનો દિવસ હોઈ ભરતક્ષેત્રને માટે તીર્થયાત્રાનો આદિ દિવસ અને પરમ દિવસ છે. આદિ દિવસ એટલા માટે કહેવામાં આવે છે કે શ્રાવકપણાના સામાન્ય ધર્મને ઉદ્દેશીને આષાઢ શુક્લ પૂર્ણિમા પછીના વર્ષાઋતુના ચોમાસાના દિવસોમાં ગ્રામાંતર કરવાનું હોય નહિ અને સામાન્ય લોકોને પણ વર્ષાઋતુમાં શ્રાવકની માફક દયાને લીધે નહિ તોપણ મુસાફરીની અગવડની ખાતર પણ ગ્રામાંતર જવાનું હોતું નથી, અને તેથી આ કાર્તિકી પૂર્ણિમાને દિવસે વર્ષાચતુર્માસનો અંત આવતો હોઈ જે યાત્રા કરવામાં આવે તે વર્ષની અપેક્ષાએ આદિ તીર્થયાત્રાજ કહેવાય.

આજ કારણથી જૈનોની સારી વસતિવાળા દરેક સ્થાનોમાં શ્રીસિદ્ધગિરિ ક્ષેત્રથી દૂર હોવાને લીધે સાક્ષાત્ તે ગિરિરાજની યાત્રા ન થઈ શકે તોપણ તે આદિ તીર્થયાત્રા અને સિદ્ધાચલ ગિરિરાજના દર્શનનો લાભ લેવાય તે માટે તે ગિરિરાજના પટો ગિરિરાજની દિશાએ ગામ બહાર બંધાવીને પોતાના સુકૃતનું સિંચન કરે છે સર્વ જૈનોને અંગે આવો આ એકજ અપૂર્વ દિવસ છે કે જે દિવસે સર્વ ભાવિક જૈનોથી આદિ તીર્થયાત્રાને અંગે અને તેમાં વળી શ્રી સિદ્ધગિરિ જેવા ઐરવતાદિ ચૌદ ક્ષેત્રોમાં ન મળી શકે તેવા અપૂર્વ તીર્થને અંગે ગામ બહાર જઇ પટના દર્શન કરી તીર્થયાત્રાનો અપૂર્વ લાભ મળવાનો હોય.

ધર્મિષ્ઠ મનુષ્યોની જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે તીર્થભક્તિને અંગે પ્રવૃત્તિ છે ત્યારે કેટલાક સ્વયં નષ્ટ અને પરનાશકો પોતાની અક્કલની ખામીને અંગે કુતર્ક કરવા તૈયાર થાય છે કે–સિદ્ધાચલજીની અધિકતા માનવાનું કારણ શું ? જો કે ધર્મિષ્ઠો તરફથી તેને કહેવામાં આવે છે કે–આ ગિરિરાજ ઉપર કાંકરે કાંકરે અનંતાઅનંત મોક્ષે ગએલા છે અને તેથી આ ગિરિરાજ પરમ પવિત્ર હોઇ યાત્રાનું ધામ છે. છતાં આ સમાધાન તે મિથ્યામતથી માતા થએલા મનુષ્યોને રૂચતું નથી. તેઓ તો તે સમાધાનને અંગે પણ એમ કહે છે કે–અઢીદ્વીપમાં એવો એક પણ કાંકરો નથી કે આ અનાદિ કાળચક્રને અંગે જ્યાં અનંતા મોક્ષે ન ગયા હોય અને તેથી અઢીદ્વીપના સરખુંજ એ ગિરિરાજનું પણ ક્ષેત્ર હોવાથી તેનો અધિક મહિમા તેઓના ધ્યાનમાં ઉતરતો નથી, પણ તે કુતર્ક કરનારાઓ એટલું નથી સમજી શકતા કે અઢીદ્વીપના સર્વ સ્થાનો કરતાં અહીં મોક્ષે ગએલાની સંખ્યા અનંતગુણી છે.

એટલુંજ નહિ પણ આ તીર્થના ક્ષેત્રનો મહિમા ઋષભદેવજી ભગવાને કેવલિપણામાં પણ પોતાના કરતાં અધિક જણાવ્યો છે અને તેથી જ ભગવાન્ ઋષભદેવજી જે વખત સિદ્ધાચલજીથી વિહાર કરતા હતા તે વખત તેમની સાથે વિહાર કરવા તૈયાર થયેલા પુંડરિકસ્વામીજીને પોતાની સાથે આવતા રોકીને તે સિદ્ધિગિરિજીમાંજ રહેવાનું ફરમાવ્યું તે એમ સ્પષ્ટપણે જણાવીને કે આ સિદ્ધગિરિજીના પ્રતાપથીજ તમને અને તમારા પરિવારભૂત ક્રોડો સાધુને કેવળજ્ઞાન થશે અને મોક્ષ મળશે.

આવા સાક્ષાત્ કેવળી તીર્થંકર ભગવાનના મુખથી પોતાના કરતાં અધિક મહિમાવાળા ગણાએલા સિદ્ધાચલરૂપી ગિરિરાજનો પરમ પવિત્ર મહિમા ભવ્ય જીવોને મગજમાં ઉતર્યા વિના રહેજ નહિ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અન્ય તીર્થક્ષેત્રોમાં જે તીર્થંકર મહારાજ વિગેરે કેવળજ્ઞાન મેળવી મોક્ષ સાધી શક્યા છે તે તે સિદ્ધ થનારાના આત્મબળથી જ છે, જ્યારે આ ગિરિરાજ ઉપર મોક્ષે જનાર મહાપુરુષોને આ ગિરિરાજના પરમ પવિત્ર મહિમાની અદ્વિતીય મદદ હોવાથીજ તેઓ મોક્ષે જઈ શક્યા છે, માટે આ કાર્તિકી પૂર્ણિમા અને ગિરિરાજનો મહિમા ધ્યાનમાં રાખી ભવ્ય જીવોએ આત્માને ઉજ્જવળ કરવા કટિબદ્ધ થવું જરૂરી છે.

---

વીતરાગ ભગવાનની સપર્યામાં–પૂજામાં નિશ્ચયે કરી ત્યાગભાવનો અભિષેક–સિંચન છે. જે કારણથી ક્ષીણરાગતા–રાગરહિતપણાને આશ્રયીને રહેતા ભવ્ય પ્રાણીઓએ વીતરાગ ભગવંતની તે પૂજા કરી છે.

# સુવિહિત સાધુઓના વિહારનાં વિવિધ ફળો

જૈનજનતા એ વસ્તુ સારી પેઠે જાણે છે કે સંસારનો ત્યાગ કરી મોક્ષમાર્ગને સાધવામાં મશગુલ બનેલા મુમુક્ષુઓ એક સ્થાનના પ્રતિબંધવાળા હોતા નથી. શાસ્ત્રકારોએ પણ નિત્યવાસને કરનારા સાધુઓની દશા અધમતમ ગણાવી તેઓને સાધુપણાથી દૂર રહેલાજ ગણાવ્યા છે. અને તેથીજ પાસત્થા વિગેરે પાંચ કુગુરુઓની માફક નિત્યવાસીને પણ કુગુરુની માફકજ ગણાવેલ છે. શાસ્ત્રોમાં સાધુઓના વિહારને માટે આઠ માહનાના આઠ કલ્પ અને ચોમાસાના ચાર મહિનાનું એક કલ્પ એમ નવ કલ્પથીજ વિહાર જણાવેલો છે. જો કે દુર્ભિક્ષ, રોગ, અશક્તિ વિગેરે કારણોથી માસકલ્પની મર્યાદાએ ક્ષેત્રાંતર ન થાય અને તેથી તેનું આભાવ્ય (માલિકીપણું) જતું નથી તોપણ દુર્ભિક્ષાદિ કારણ સિવાય શાસ્ત્રોમાં માસકલ્પની મર્યાદા જ શેષકાળ માટે નિયમિત છે, અને તેથીજ સાધુઓના દશ પ્રકારના આચારને અંગે માસકલ્પ નામનો નવમો કલ્પ ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં અવસ્થિત એટલે નક્કી તરીકે માનેલો છે. દશ કલ્પને જણાવનાર શ્રીબૃહત્કલ્પ., આવશ્યક, પંચવસ્તુ, પંચાશક. પ્રવચનસારોદ્ધાર યાવત્ પર્યુષણકલ્પની વિધવિધ ટીકાઓમાં શ્રીમહાવીર ભગવાનના શાસનને અંગે દશે પ્રકારના કલ્પોનું નિશ્ચિતપણું જણાવતાં માસકલ્પ નામના કલ્પનું પણ નિશ્ચિતપણું જ જણાવેલું છે. વર્તમાનમાં જે કોઈપણ સ્થળે જે કોઈપણ મહાત્મા અધિક રહે છે તેમાં જો શાસ્ત્રોક્ત કારણ ન હોય

તો તે પ્રમાદજ ગણાય. શાસ્ત્રકારોએ રાત્રિભોજન વિરમણને છઠ્ઠું જણાવેલું છે. જેમાં એવા પાંચે મહાવ્રતોનો પાક્ષિક સૂત્રમાં આલાવો જણાવતાં **उवसंपज्जित्ताणं विहरामि** એ વાક્ય સ્પષ્ટપણે જણાવ્યું છે અને ટીકાકારે તેની સ્પષ્ટપણે જણાવ્યું છે અને ટીકાકારે તેની સ્પષ્ટ વ્યાખ્યા કરી છે કે-વિહાર ન કરે અને માસકલ્પાદિક મર્યાદા ન સાચવે તો તે મહાવ્રતોનો અંગીકાર જ નિષ્ફળ છે. આ બધી હકીકત વિચારનાર મનુષ્ય સહેજે સમજી શકશે કે ચતુર્માસની પૂર્ણતાએ દરેક સાધુ જ્યાં ચતુર્માસ કર્યું હોય તે ક્ષેત્રથી વિહાર કરવાને તૈયાર થાય તેમાં જ તેમના સાધુપણાની રક્ષા છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સાધુઓને વિહાર કરવો આવશ્યક હોવાથી જ શાસ્ત્રકારોએ વિહાર કરતાં માર્ગમાં આવતી નદીના ઉલ્લંઘનથી અને કદાચ વધારે પાણી હોય અને બીજેથી ફરીને ન જવાય તેમ હોય તો વહાણ વિગેરે દ્વારાએ પણ નદી ઓળંગવાની છૂટ આપી છે, અને તેથી શાસ્ત્રકારો **'नाइक्कमइ'** એમ કહી નદી ઉતરનારો ત્રિલોકનાથ તીર્થંકરની આજ્ઞામાં જ છે, પણ આજ્ઞાને ઓળંગનાર નથી એમ સ્પષ્ટ જણાવે છે. ભગવાન્ જિનેશ્વર મહારાજનું તાત્પર્ય નદીના જલના જીવોની વિરાધના ઉપર નથી, પરંતુ તેવી રીતે નદી ઉતરીને પણ સાધુએ અપ્રતિબદ્ધ વિહારી રહેવું જોઈએ એમ જણાવી સાધુઓના અપ્રતિબદ્ધ વિહારીપણામાં જ તાત્પર્ય રાખેલું છે. આ ઉપરથી જેઓ એકાંત દ્રવ્યહિંસાનાજ પરિહારમાં ધર્મ અને જિનેશ્વર મહારાજની આજ્ઞા સમજતા હોય તેઓએ દ્રવ્યહિંસાના પરિહારનું બાધ્યપણું અને ચારિત્રઆદિકનું રક્ષણીયપણું આંખ મીંચીને વિચારવું જોઈએ.

ઉપર જણાવ્યા પ્રમાણે સાધુઓને પોતાના ચારિત્રના

રક્ષણને માટે જોકે વિહાર કરવાનોજ છે છતાં તેવી રીતે વિચારવાથી જુદા જુદા સ્થાનોના પર્યટનમાં શ્રીજિનેશ્વર મહારાજની જન્મ, દીક્ષા, કેવળ અને નિર્વાણની ભૂમિઓરૂપી પવિત્ર તીર્થોના દર્શનનો લાભ મળે અને તેથી સમ્યક્ત્વની અત્યંત નિર્મળતા થાય એ હકીકત શાસ્ત્રોક્ત હોવા સાથે વિહાર કરનારાઓને અનુભવસિદ્ધ છે, વળી સુવિહિત સાધુસમુદાયના આવવાજવાથી તીર્થસ્થાનનો મહિમા વધે અને તેથી અનેક ભવ્ય આત્માઓ ઉલ્લાસવાળા થઇ તીર્થભક્તિમાં તન, મન અને ધનથી પ્રવૃત્ત થાય એ સ્વાભાવિકજ છે. '**महाजनो येन गतः स पन्थाः**' એ ન્યાય ખરેખર આવી રીતે સાધુ મહાત્માઓના સ્પર્શ આદિના પ્રભાવથી તીર્થના પ્રકૃષ્ટ મહિમામાં લાગુ પડે છે. વર્તમાનકાળમાં પણ જે જે તીર્થસ્થાનોમાં પવિત્રતમ સુવિહિત મહાત્માઓનું જવું વિગેરે થાય છે ત્યાં ત્યાં તીર્થનો મહિમા અત્યંત વધે છે અને જે તીર્થો ઘણા મોટા છતાં પણ સુવિહિત સાધુ મહાત્માઓના આવાગમનથી શૂન્ય હોય તેનો મહિમા તેવો વધતો નથી એ પ્રત્યક્ષ દેખાય છે. આજ કારણથી ગુજરાત દેશની અંદર રહેલા સામાન્ય તીર્થની પણ જાહોજલાલીને અન્ય દેશના મહાતીર્થો પણ પહોંચી શક્યાં નથી એ વાત સ્પષ્ટ દીવા જેવી જ છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે સાધુ મહાત્માઓના વિહારનું ફળ તીર્થોની ઉન્નતિ પણ છે જેવી રીતે ચૈત્ય અને તીર્થોની જાહોજલાલીથી સાધુ મહાત્મા અને ઇતર જૈનોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, શુદ્ધ અને વૃદ્ધિ વિગેરે સત્પુરુષોના વિહારથીજ થાય છે તેવી રીતે સત્પુરુષોને પણ દેશદેશાંતરમાં ભ્રમણ કરતાં કોઈ તેવા દર્શનપ્રભાવક સમ્મતિતર્ક આદિ શાસ્ત્રોને ધારણ કરનારા મહાપુરુષનો યોગ મળે અને તેમની પાસેથી

તે તે દર્શનપ્રભાવક શાસ્ત્રો ગ્રહણ કરવાદ્વારાએ તેમજ દર્શનવિઘાતક શંકાઓના સમાધાન મેળવવાદ્વારાએ સમ્યગ્દર્શનની પ્રભાવના અને નિર્મળના થાય તે વિહારનો જ ગુણ છે.

દર્શનપ્રભાવક શાસ્ત્રોની માફક બીજાં પણ નવાં નવાં શાસ્ત્રો જાણનારા, અપૂર્વ સૂત્રાર્થને ધારણ કરનારા તેમજ વાચનાદિક સ્વાધ્યાયમાં અત્યંત નિપુણ એવા મહાપુરુષોના યોગે વિહાર કરનાર સાધુમહાત્માને અપૂર્વ જ્ઞાનનો લાભ થાય તે કાંઈ ઓછો લાભ નથી. જેવી રીતે પૂર્વે દર્શન અને જ્ઞાનનો લાભ વિહારદ્વારાએ જણાવ્યો તેવીજ રીતે શ્રાવકાદિકના કુટુંબનું મમત્વ, ગ્રામ, ઉપાશ્રય વિગેરે ક્ષેત્રની પ્રતિબદ્ધતા તેમજ ભક્ત અને સ્વજન સંબંધી કુટુંબો ઉપર થતો મમત્વભાવ એ સર્વ ચારિત્રના પ્રાણને સર્વથા નાશ કરનાર છે. તેનાથી બચવા માટે ચારિત્રની રક્ષાના અર્થી સાધુઓને વિહારની આવશ્યકતા હોય તે સ્વાભાવિકજ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સુવિહિત સાધુ મહાત્માઓના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉદયમાં હેતુભૂત જેમ તેમનો વિહાર છે તેમ શ્રાવકશ્રાવિકાના ઉદયને માટે પણ મહાપુરુષોના વિહારની ઓછી આવશ્યકતા નથી. વાચક સ્પષ્ટપણે સમજી શકે છે કે જે જે કાલે જે જે ક્ષેત્રમાં સુવિહિત સાધુ મહાત્માઓનો વિહાર થતો હતો કે થાય છે તે તે કાલે તે તે ક્ષેત્રો ધર્મના કેન્દ્ર તરીકે રહેલાં છે. વર્તમાનકાળમાં ગુજરાતદેશે કેન્દ્રપણાનું કાંઈ સર્ટિફિકેટ મેળવેલું નથી અને મગધ, મારવાડ, મેવાડ, માળવા, મહારાષ્ટ્ર વિગેરે દેશોએ ધર્મના કેન્દ્રપણામાં રાજીનામું આપ્યું નથી, પણ સદીઓથી ગુજરાતમાંથીજ ભવ્યાત્માઓ પોતાના

આત્માને ઉજ્જવલ કરનારા અને ચારિત્રમાર્ગે પ્રયાણ કરી સ્વપરોપકારને સાધનારા થયા છે અને તેથીજ વર્તમાનમાં ગુજરાત જૈનધર્મનું કેન્દ્રસ્થાન બનેલું છે. જો કે ઉપર જણાવેલા મગધાદિક દેશોમાં સુવિહિત સાધુઓનો વિહાર થતોજ નથી એમ કાંઈ નથી. પણ ગુજરાતની અંદર જે સ્થાન સ્થાન પર આહ્લાદ ઉપજાવનારાં ચૈત્યો, મનોહર મૂર્ત્તિઓ અને લોકોની ભાવભક્તિ, વિહાર કરનારા પૂજ્ય મહાત્માઓના સમ્યગ્દર્શનની વૃદ્ધિમાં કારણભૂત થાય છે તે અપૂર્વજ છે. અનુભવી મનુષ્યો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે તીર્થો, ચૈત્યો ગુરુ અને ધર્મ એ સર્વનો કોન્ટ્રાક્ટજ જાણે લીધો ન હોય તેમ સ્પષ્ટ દેખાય છે.

યાદ રાખવાની જરૂર છે કે આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ કે ગણિ એવી ઊંચી પદવીને નહિ ધારણ કરનારા સામાન્ય સાધુઓથી પણ જૈનજનતા અપૂર્વ લાભ મેળવી શકી છેઃ—

૧. સામાન્ય કે વિશેષ કોઈપણ સાધુના દર્શન કરનાર જૈનને પોતે જૈન છે એવું ભાન થાય છે. આજ કારણથી જે જે સ્થાને સામાન્ય કે વિશેષ સાધુ મહાત્માઓનો વિહાર હોતો નથી તે તે સ્થાનોના જૈનો પોતાના જૈનત્વને ભૂલી જાય છે.

૨. સામાન્ય કે વિશેષ સાધુમહાત્માના સમાગમમાં આવવાવાળો મનુષ્ય જીવાદિક તત્ત્વ અને દેવાદિક રત્નત્રયીને સમ્યગ્ રીતે ઓળખનારો થઇ સમ્યગ્ધર્મને પામી શકે છે.

૩. સામાન્ય કે વિશેષ સાધુ મહાત્માઓના સમાગમમાં આવનારા મનુષ્યોજ સંસારનું આરંભ, પરિગ્રહ અને

વિષયકષાયપણું સમજી, તેને ભયંકર ગણી ચારિત્રરત્નને આદરવા તત્પર થાય છે.

૪. આરંભપરિગ્રહની આસક્તિને લીધે કે બીજા કોઈ પણ કારણથી જે લોકો ચારિત્રને ગ્રહણ નથી કરી શકતા તેઓ પણ સર્વથા પાપ છોડવારૂપી સાધુપણું જરૂરી છે એમ માનવાપૂર્વક હિંસાદિકથી પોતાની કંઈક કંઈક અંશે પણ વિરતિ કરનારા થાય છે તે પણ સાધુ મહાત્માઓના થતા સમાગમને જ આભારી છે

૫. જગતમાં જાહેર તરીકે જાણવામાં આવેલો જૈનપણાનો આચાર જે જીવદયા, રાત્રિભોજનનો પરિહાર. અનંતકાય અને અભક્ષ્યનો ત્યાગ વિગેરે છે તેનો પણ વર્તાવ સાધુ મહાત્માઓના સમાગમથીજ થાય છે.

૬. સામાયિક, પૌષધ વિગેરે સાધુપણાના મહેલની નીસરણીરૂપે ગણાતાં શિક્ષાવ્રતો પણ ત્યારેજ થાય છે અને રસમય બને છે કે જ્યારે સામાન્ય કે વિશેષ કોઈ પણ સાધુ મહાત્માના સમાગમમાં અવાય.

૭. અનુકંપાદિક પાંચે દાનોમાં ઉત્કૃષ્ટતમ તરીકે ગણાતા સુપાત્રદાનને આચરીને તેનો લાભ મેળવવાને માટે શ્રાવકશ્રાવિકાવર્ગ સાધુ મહાત્માઓના વિહારથી થતા સમાગમને લીધે ભાગ્યશાળી બને છે.

૮. પૂજા, પ્રભાવના, સાધર્મિકવાત્સલ્ય અને વિનય, વૈયાવચ્ચ આદિનું સ્વરૂપ, તે કરવાથી થતો લાભ વિગેરે જાણી તેમાં પ્રવૃત્તિ કરવાનું અહોભાગ્ય તે પણ સાધુ મહાત્માઓના વિહારથી થતા સમાગમને આભારી છે.

૯. ચૈત્ય, પ્રતિમા, પાંજરાપોળ, ઉપાશ્રય વિગેરે ઉપયોગી

સ્થાનોના લાભો પણ સાધુમહાત્માના સમાગમથી ઘણી મોટી સંખ્યામાં લેનારા થાય છે.

૧૦. અન્ય ધર્મીઓ કે જેઓના દેવો વિષયકષાયમાં રાચેલા, ગુરુઓ આરંભપરિગ્રહમાં મસ્ત બનેલા અને ધર્મ કે જે દયાના દેશથી પણ દૂર દોડી ગએલો હોય છે તેવાઓ પણ અઢાર દોષ રહિત વીતરાગ પરમાત્મા દેવ ઉપર, પંચમહાવ્રતપાલક, કંચનકામિનીના ત્યાગી એવા ગુરુ ઉપર અને જગત જીવમાત્રને હિત કરનાર દયાપ્રધાન સંયમ આદિ ધર્મ ઉપર જે જુઠા કટાક્ષો કરતા હોય તેનું યથાર્થ સમાધાન મેળવી કુદેવ, કુગુરુ અને કુધર્મના ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવા પૂર્વક સુદેવ, સુગુરુ અને સુધર્મનો અંતઃકરણથી મોક્ષ પ્રાપ્ત થવા માટે આરાધન કરવાનું સુવિહિત સાધુઓના સમાગમથી જ બને છે.

ઉપસંહારમાં જણાવવાનું કે તે તે ક્ષેત્રોમાં વિચરતા તે તે મહાત્માઓએ તથા તે તે ક્ષેત્રમાં રહેલ શ્રાવકશ્રાવિકાઓએ આ લેખ ધ્યાનમાં રાખી પોતાથી બની શકે તેટલો લાભ દેવા અને લેવા તૈયાર થવું અને તેમાં જ આત્માનું શ્રેય છે એમ માનવું એજ આ લેખનો ઉદ્દેશ છે એને તે સર્વ સફળ કરો.

હે ભગવાન્ ! એક બાજુ ઈંદ્રોની શ્રેણિએ તમારી પૂજા કરી. અને બીજી બાજુ ગોવાળીઆઓથી હણાયા તો પણ આ બંને પ્રસંગોમાં તમે સમભાવને ધારણ કર્યો. આ સમભાવથી ઉત્કૃષ્ટ તમારી રાગરહિતપણાની અવસ્થા કઈ?

## અક્ષયતૃતીયા-પર્વની મહત્તા

સામાન્ય રીતે અખિલ જૈનજનતા તો શું પણ સમસ્ત હિંદુકોમ અક્ષયતૃતીયાના દિવસને ઉત્તમદિન અને પર્વદિન તરીકે માને છે. તે અક્ષયતૃતીયાનો દિવસ વૈશાખ સુદિ ત્રીજનો કહેવાય છે. તે દિવસની ઉત્તમતા જગતમાં પ્રચલિત થવાનું કારણ એજ છે કે—ભગવાન્ શ્રીઋષભદેવજીને બારમાસિક તપસ્યાનું પારણું તેજ દિવસે શ્રેયાંસકુમારે શેરડીના રસથી કરાવ્યું હતું. જો કે દરેક તીર્થંકરોને પહેલે પારણે ભિક્ષા દેનાર મહાપુરુષોના નામો શાસ્ત્રોના પાને તો ચઢેલાંજ છે, અને તેની સાથે ભગવાન્ ઋષભદેવજીને પહેલા પારણે એટલે બારમાસીના પારણે ઈક્ષુરસનું દાન દેનાર મહાપુરુષ શ્રેયાંસકુમારનું નામ પણ શાસ્ત્રોના પાનામાં ચઢેલું છે. છતાં કોઈપણ તીર્થંકરના પારણાનો દિવસ જો આખી જૈનકોમમાં જાહેર પારણારૂપે પ્રખ્યાતિ પામ્યો હોય, અને જૈનતર કોમમાં પ્રસિદ્ધપર્વદિવસ તરીકે પ્રસિદ્ધ થયો હોય તો તે ફક્ત આ વૈશાખ સુદિ ત્રીજનો દિવસ કે જેને સર્વ લોકો અક્ષયતૃતીયા (અખાત્રીજ) તરીકે માને છે. આ પારણાના અખાત્રીજના દિવસને વધારે જાહેરાત મળવાનાં કારણો તપાસીએ :-

૧. આ આખી અવસર્પિણીમાં પાત્રદાન જે પ્રવર્ત્યું છે તેની જડ ગણીએ તો આ અખાત્રીજનોજ દિવસ છે. (ભગવાન્ ઋષભદેવજીને પારણાને દિવસે જે પાત્રદાન દેવામાં આવ્યું તેની પહેલાં કોઈપણ મનુષ્ય પાત્રદાનને સમજતું જ નહોતું,

અને તેથી ભગવાન્ ઋષભદેવજી મહારાજે દીક્ષાને અંગે તો માત્ર છઠની તપસ્યા કર્યા છતાં જે વર્ષ દિવસ સુધી તપસ્યા કરવી પડી, તે કેવળ પાત્રદાનની પ્રવૃત્તિ ન હોવાને અંગેજ હતી.)

૨. આ અખાત્રીજને દિવસે પાત્રદાનની પ્રવૃત્તિ પહેલ-વહેલી થએલી હોવાથી લોકોને સાધુમાર્ગનું અક્ષયપણું લાગ્યું અને તેથી આ દિવસને અક્ષયતૃતીયા એટલે અખાત્રીજ કહી. (ભગવાન્ ઋષભદેવજીના દીક્ષાકાળ પછી આ પાત્રદાનની પ્રવૃત્તિનો કાળ બાર મહિના અધિકનો હોવાથીજ ભગવાન્ ઋષભદેવજીની સાથે સંસાર છોડીને દીક્ષિત થએલા ચાર હજાર સાધુઓ લજ્જાને લીધે ઘેરે પણ જઈ શકયા નહિ, અને નિરાહારપણે ભગવાનની સાથે રહેવાનું હોવાથી ભગવાનની સાથે સાધુપણામાં પણ રહી શકયા નહિ, પરંતુ તે ચારે હજારોને તાપસપણાની સ્થિતિ અંગીકાર કરી ભગવાનનું ધ્યાન કરતાં ફળફૂલનો આહાર કરી વનવાસ સેવવો પડ્યો. આવી સ્થિતિ ભવિષ્યના સાધુઓની ન થાય, કિન્તુ સાધુપણાની સ્થિતિ અક્ષયપણે ભવિષ્યના સાધુઓ રાખી શકે એવું પાત્રદાન આ દિવસે જ પ્રવર્ત્યું.

૩ શ્રેયાંસકુમારે જો કે સાધુપણું, સાધુઓનું દાન કે તેની રીતિ તે અયોધ્યામાં કે બીજી કોઇપણ જગાએ જોયાં કે જાણ્યાં ન હતાં પણ તેને જાતિસ્મરણથીજ પોતાનો અને ભગવાનનો ઘણા ભવનો સંબંધ જાણ્યો અને તે જ સંબંધ આ અક્ષયતતીયાને દિવસે દાન દઇ, તેના પ્રભાવે ભવિષ્યમાં આત્માને ઉન્નત કરી અવ્યાબાધપદ મેળવતાં ભગવાનની સાથેનો સંબંધ અક્ષય થવાનો નક્કી કરી અક્ષયતૃતીયાપણું સ્થાપ્યું.

૪ જગતમાં પહેલા પરમેશ્વર ભગવાન્ ઋષભદેવજી. તેમનું પહેલું પારણું. જગતમાં પ્રથમ દાતાર શ્રેયાંસકુમારજી. તેમના દાનનો દિવસ, ઉત્તમ દેયવસ્તુ તરીકે ગણાએલો રસ. તેના દાનનો દિવસ તે અક્ષયતૃતીયાનો દિવસ.

૫ આ આખી ચોવીસીમાં વસુધારાદિક પાંચે દિવ્યને પહેલ વહેલાં પ્રગટ થવાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૬ સૌથી પહેલા એવા રાજા ભગવાન્ ઋષભદેવજી હોવાથી પ્રથમ રાજર્ષિના પ્રથમ પારણાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૭ વ્યવહારમાં આવેલા તે વખતના સકલ દેશોના રાજાઓના પિતાના પહેલા પારણાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૮ પ્રભુના અનાહારપણાને લીધે સંતપ્ત થએલા સકળ દેશના પ્રજાજનોને સાંત્વન આપનાર અક્ષયતૃતીયાનો દિવસ.

૯ શુદ્ધ દેયવસ્તુનો તીર્થંકર મહારાજ જેવા શુદ્ધતમ પાત્રમાં શ્રેયાંસકુમાર સરખા શુદ્ધભાવવાળાને હાથે દાન થવાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૧૦ અક્ષય ફળને દેનાર એવા સુપાત્રદાનને પ્રવર્તાવનાર દિવસ તે અક્ષયતૃતીયા.

૧૧ સુર, અસુર, દાનવ અને નરેન્દ્રોને પણ દાનથી પહેલ-વહેલાં આનંદિત કરનારો દિવસ તે અક્ષયતૃતીયા.

૧૨ પહેલા ભગવાન, પહેલું દાન, પહેલો દાતાર અને પહેલ વહેલાં દેયનો સુપાત્રમાં ઉપયોગ થવાનું જે દિવસે થયું તે દિવસનું નામ અક્ષયતૃતીયા.

આવી રીતે ઉત્તમોત્તમ તરીકે ગણાએલા અક્ષયતૃતીયાના દિવસનો પારણાને અંગે લાભ લેવા વર્ષીતપ કરનારા અને

તેના સંબંધીઓ જ્યાં જ્યાં ભગવાન્ ઋષભદેવજીનું શ્રી સિદ્ધાચલજી, શ્રી કેશરીઆજી, શ્રી અયોધ્યાજી વિગેરે સ્થાને તીર્થ છે ત્યાં ત્યાં જાય છે, અને તે અક્ષયતૃતીયાને દિવસે ચૈત્ર વદિ ચૌદશને દિવસે ઉપવાસ લેવાથી કેટલાક તપસ્વીઓને ચાર ઉપવાસ ચાલુ વર્ષીતપમાં પણ કરવાના થાય છે, અને તે પારણામાં પણ માત્ર શેરડીનો રસ અગર તેની દુર્લભતા હોય તો માત્ર સાકરના પાણીથીજ પારણું કરવામાં આવે છે. આવી તપસ્યાની, છેલ્લા ઉપવાસોની અને પારણાની સ્થિતિ દેખીને સર્વ ભાગ્યશાળી જીવો તો અંતઃકરણથી તે પર્વની અને તે તપસ્વી વિગેરેની અનુમોદનાજ કરે, અને તે અનુમોદનાદ્વારાએ તથા તપસ્વીઓની ભક્તિ, ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા, ભક્તિ અને સાધર્મિકવાત્સલ્ય કરવા સાથે અક્ષયતૃતીયાના દિવસે આત્માને અક્ષયફળ મેળવવા માટે લાયક બનાવે.

પોતાના વૈરિ એવા મનુષ્ય અને દેવતાઓથી અનેકવાર હણાયા છતાં તેઓને વિષે ઉત્કૃષ્ટ દયાને ધારણ કરી. તો હે ભગવાન્! આ તમારી વીતરાગતા—રાગરહિત અવસ્થા કોની સાથે સરખાવાય! અર્થાત્ કોઈની સાથે નહિ.

## શ્રી સિદ્ધચક્રને અંગે કંઈક ઉપયોગી

શ્રી સિદ્ધચક્રમાં જ આરાધ્યપદોની સંખ્યાને અંગે જોડાએલો અંક ચાહે જેટલા પૂર્ણાંક ગુણાકારે ગુણીએ તો પણ ભિન્નતાને ધારણ કરતો નથી. નવને એકે ગુણતાં તો નવ આવે જ છે, પણ તેને બેએ ગુણીએ તો અઢાર આવે તેમાં પણ આઠ ને એક નવ જ થાય. ત્રણે ગુણતાં સત્તાવીસ આવે તો સાત ને બે નવ જ થાય. યાવત્ નવે ગુણીએ તો પણ એક ને આઠ નવ જ થાય. વીસે ગુણીએ તો એકસો એંસી થાય, તેમાં પણ આઠ ને એક નવ જ થાય. એવી રીતે કોઈ પણ પૂર્ણાંકથી ગણવામાં આ નવ અંકનું અભેદ્યપણું છે. આ અંકનું અભેદ્યપણું દૃષ્ટાંત તરીકે સમજી દાર્ષ્ટાંતિક તરીકે તો એ સમજવાનું છે કે-અનંતી ચોવીસીઓ અને વીસીઓ થશે, તો પણ આ નવપદજીવાળું સિદ્ધચક્ર કોઈ પણ કાળે ચલાયમાન થવાનું નથી. અર્થાત્ કોઈ પણ ભૂતકાળ કે ભવિષ્યકાળ પૂર્વે હતો નહિ કે ભવિષ્યમાં આવશે નહિ કે જે કાળે જગતમાં નવપદજીનું ચલિતપણું હોય અને સિદ્ધચક્રનું સામ્રાજ્ય ન ચાલતું હોય.

દરેક આસ્તિક શ્રોતાઓને એ વાત પૂરેપૂરી ખ્યાલમાં હશે કે-પર્યુષણ અને ચોમાસીની અઠ્ઠાઈઓ અશાશ્વતી એટલે એટલે અનિયમિત છે અર્થાત્ તે અઠ્ઠાઇઓમાં અજિતઆદિ બાવીસ તીર્થંકરની વખતના દેવતાઓ નંદીશ્વરદ્વીપમાં નિયમિતપણે અઠ્ઠાઈ મહોચ્છવ ન પણ કરે, પરંતુ શ્રી સિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનાવાળી આસો અને ચૈત્ર માસની અઠ્ઠાઇઓ તો દરેક તીર્થની વખતે દેવતાઓ નંદીશ્વરદ્વીપે નિયમિત અઠ્ઠાઇમહોચ્છવ કરે જ છે, અને તેથી

તે બે આસો અને ચૈત્રની નવપદજીની અઠ્ઠાઇઓ-શાશ્વતી છે એમ શાસ્ત્રકારોએ ખુલ્લા શબ્દોમાં જણાવ્યું છે. તો આવી શાશ્વતી અને દેવતાઓને પણ આરાધવા લાયક એવી ઓળીની અઠ્ઠાઈના આરાધવામાં કયો મનુષ્ય કચાશ રાખે?

અન્ય પર્વો આરાધવામાં દેવ, ગુરુ કે ધર્મ એ ત્રણમાંથી કોઈ કોઈ એકની જ મુખ્યતા હોય છે, ત્યારે આ શ્રીસિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનામાં તે દેવ, ગુરુ અને ધર્મ ત્રણે તત્ત્વની એકસરખી રીતે મુખ્યતા છે.

આ નવે પદોમાં પણ એ વિચિત્ર ખુબી છે કે પહેલું દેવતત્ત્વ લીધું છે, અને તેના બે પદો છે. જ્યારે બીજું ગુરુતત્ત્વ લઈ તેમાં આચાર્યાદિક ત્રણ પદો રાખ્યાં છે, અને ત્રીજું ધર્મતત્ત્વ લઈ તેના સમ્યગ્દર્શનાદિ ચાર પદો રાખ્યાં છે. એટલે પહેલાંના બે, બીજાનાં ત્રણ અને ત્રીજાના ચાર એમ મળી ત્રણે તત્ત્વના નવપદો સ્થાનથી એક એક વૃદ્ધિવાળાં કરેલાં છે.

ભગવાન્ અરિહંત વિગેરે નવ આરાધ્યપદોને ચક્રના આકારે ગોઠવેલા હોવાથી તે નવપદનું યંત્ર (સ્થાપના) તે ચક્રના આકારને ધારણ કરે છે, અને તેથી તેને સિદ્ધચક્ર કહેવાય છે.

એ નવપદજીના યંત્ર, મંડળ કે ગટ્ટામાં અરિહંત મહારાજને કર્ણિકાસ્થાને બિરાજેલા જેમ ગણાય છે તેમ સ્થાપનાના આકારની અપેક્ષાએ જ્યારે ચક્ર તરીકે કહેવામાં આવે ત્યારે ત્રિલોકનાથ તીર્થંકરો તે નવપદરૂપી ચક્રની નાભિને સ્થાને બિરાજમાન થએલા ગણાય. આ ચક્ર ચાલતું નહિ પણ સ્થિર હોવાથી તે નવપદના ચક્રમાં સિદ્ધ મહારાજા જ ઉચ્ચ સ્થાને બિરાજમાન થએલા છે, અને તેથી આ યંત્રને સિદ્ધ મહારાજા બીજે સ્થાને છતાં પણ સૌથી ઉચ્ચ સ્થાને આવવાથી શ્રી સિદ્ધચક્ર યંત્ર તરીકે જાણવું, માનવું કે જાહેર કરવું તે યોગ્ય જ છે.

# દીક્ષાની સુંદરતા અને મહત્તા

દરેક સુજ્ઞ ભવ્યજીવો આ ચતુર્ગતિક સંસારને અરણ્ય જેવો, દાવાનળ જેવો, દરિયા જેવો અને બંદીખાના જેવો ગણે છે અને જ્યાં સુધી આ ચતુર્ગતિક સંસારને દાવાનળ આદિ જેવો આ જીવ ગણે નહિ ત્યાં સુધી તેને સુજ્ઞભવ્ય કે આસન્નભવ્ય કહી શકાય જ નહિ, જો કે ભવનિર્વેદ એ સમ્યક્ત્વનું ચિહ્ન છે પણ સમસ્ત જીવાદિક પદાર્થોની પ્રતીતિ પૂર્વકના આસ્તિક્યાદિક પ્રગટ થવાદ્વારાએ થતો ભવનિર્વેદ તે સમ્યક્ત્વનું ચિહ્ન છે, પણ તેટલા માત્રથી સમ્યક્ત્વ સિવાય ભવનિર્વેદ ન જ હોય કે આસ્તિક્યાદિકની પરંપરા સિવાય ભવનિર્વેદ નજ હોય એમ તાત્પર્યથી જૈનશાસ્ત્રને માનનારો કોઈપણ મનુષ્ય કહી શકે જ નહિ, એટલે શુદ્ધ રીતિએ સમ્યક્ત્વ પામેલા કે વ્યવહારથી સમ્યક્ત્વ પામેલા અથવા માર્ગાનુસારિપણામાં રહેલા પણ ભવ્યો આ ચતુર્ગતિક સંસારને દાવાનળ આદિ સમાન માને એ સ્વાભાવિક જ છે. આમ છતાં જેઓ હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહના ત્યાગરૂપ અને સંસારસમુદ્રથી તારનારી એવી દીક્ષાને અગ્નિકુંડ કે જાળ તરીકે ઓળખાવે કે જાહેર કરે છે તેઓ અભવ્ય, દુર્ભવ્ય કે બીજી કઈ કોટિના મિથ્યાદૃષ્ટિ હશે તેનો નિર્ણય તો સર્વજ્ઞ પરમાત્મા જ કરી શકે, કેમકે શાસ્ત્રકારોએ તો પૂજા, સત્કાર, દેવતાઈ ઋદ્ધિ કે રાજ્યાદિકની પ્રાપ્તિ જેવા પૌદ્ગલિક લાભોને માટે પણ લેવાતી દીક્ષાને ઉંચા વૈમાનિક દેવપણાને મેળવી આપનાર જણાવી છે, અને તેવી દ્રવ્યદીક્ષાઓ અનંતી વખત આવે ત્યારે જ ભાવદીક્ષાની પ્રાપ્તિ

એમ સ્પષ્ટ અક્ષરોથી જણાવેલું છે અને ભાવદીક્ષા તો અંતર્મુહૂર્ત માત્રમાં પણ મોક્ષ આપવાને સમર્થ છે. આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે દીક્ષા એ વસ્તુ દ્રવ્યથી હો કે ભાવથી હો પણ તે કોઈપણ અંશે જીવને નુકશાન કરનારી તો છેજ નહિ એવી દીક્ષાને અગ્નિકુંડ કે મત્સ્યજાળ આદિ ઉપમાઓ આપી તેઓ જ નિંદી શકે કે-જેઓ ભવાભિનંદી પુદ્ગલાભિનંદી કે ઇંદ્રિયાભિરામીજ હોય, પણ જે આસન્ન-ભવ્ય કે સુજ્ઞભવ્યને આ ચતુર્ગતિક સંસાર દાવાનળ સમાન લાગવો જોઇએ અને લાગ્યો હોય તેને તો સ્વપ્નામાં પણ દીક્ષાની અનુમોદના સિવાય બીજું હોય નહિ. શાસ્ત્રકારોના કથન મુજબ સમ્યગ્દર્શનવાળો તેજ જીવ હોઈ શકે કે-જે જીવહિંસા વિગેરે પાંચે આશ્રવરૂપ પાપસ્થાનોને ત્રિવિધ ત્રિવિધ કોટિએ વર્જવા લાયક જ ગણે અને સંસારભરમાં રહેલા સર્વ જીવો એ હિંસાદિ પાપસ્થાનોથી ત્રિવિધ ત્રિવિધ દૂર રહે એવી શ્રદ્ધા અને મૈત્રી ભાવનાવાળો હોય, અર્થાત્ જગતમાં અધરહુડનો પડહો વગાડવા તેજ તૈયાર થયેલો કહેવાય કે-જે મનુષ્ય જગતના સર્વ જીવોને હિંસાદિક પાપ-સ્થાનકોથી વિરમવાનું સર્વદા ચાહે. આટલાજ માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી શ્રી યોગશાસ્ત્રમાં મૈત્રી ભાવનાને અંગે વિશ્વહિતની સ્થિતિ જણાવતાં સ્પષ્ટપણે જણાવે છે કે **मा कार्षीत् कोऽपि पापानि × × × मतिर्मैत्री निगद्यते ।** અર્થાત્ ચૌદ રાજલોકમાં રહેલો કોઈપણ જીવ પાપ (હિંસા, જૂઠ, ચોરી, સ્રીગમન અને પરિગ્રહ વિગેરે) કરો નહિ એવી જે બુદ્ધિ તેનું નામ જ મૈત્રીભાવના છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે હિંસાઆદિક પાપસ્થાનકોને વર્જવારૂપ દીક્ષાની વિરૂદ્ધ થવાવાળાં કે હલકી ઉપમાઓ

આપી દીક્ષાને નિંદનારા અથવા દીક્ષાના દેનાર અને લેનારને યેનકેન પ્રકારે નિંદનારા લોકો જગજજીવોના મિત્ર બની શકતા નથી, પણ વાસ્તવિક રીતે તેઓ ત્રિલોકનાથ તીર્થંકર-ની આજ્ઞાને ઉથાપનાર થવા સાથે શ્રમણકુલ, ગણ અને સંઘની નિંદાદ્વારાએ પ્રત્યનીકતા ધારણ કરવાવાળા હોઈ પોતાના આત્માના શત્રુ બનવા સાથે પરમાર્થથી જગતભરના જીવોના શત્રુ બને છે. અને તેથી તેઓ સ્વહિત, પરહિત કે વિશ્વહિત એ ત્રણ હિતોમાંથી કોઈપણ પ્રકારના હિતને સાધી શકતા નથી, છતાં તેવા શાસનના પ્રત્યનીકો અને તત્ત્વથી વિશ્વના વૈરીઓ પ્રત્યે પણ સર્વજ્ઞ ભગવાનના શાસનને અનુસરનારા જીવોએ તો તેઓને સર્વજ્ઞ ભગવાનના શાસનનો રસિક બનાવવા અને તેમ ન બને તો અંતે માધ્યસ્થભાવના લાવી ઉપેક્ષા રાખવી તેજ યોગ્ય છે, યાદ રાખવાની જરૂર છે કે દ્રવ્યથી કે ભાવથી અગર દ્રવ્ય, ભાવ ઉભય પ્રકારે પણ હિંસાદિક પાપસ્થાનોનો ત્યાગ કરવો એજ જીવોનો માટે હિતકારી માર્ગ છે.

પ્રાણીને મરણ અત્યંત ઈષ્ટ તો નથી જ અને તે રીતે અનિષ્ટ પણ નથી જ. જ્યારે તે મૃત્યુને સાધુપુરુષો સમાધિ-પૂર્વક થાય તેમ હંમેશાં સ્પષ્ટપણે પ્રાર્થના કરે છે.

# વિમળાચળ ગિરિરાજની વર્ષગાંઠની વિશિષ્ટતાઓ

સમગ્ર જૈન જનતાની ધ્યાનમાં એ વાત તો ચોક્કસ છે કે ચૌદ રાજલોકમાં, ત્રણ ભુવનમાં, પંદર ક્ષેત્રમાં આ વિમળાચળ ગિરિરાજ જેવું કોઈ પણ તીર્થ નથી. જો કે અઢીદ્વીપનો એક આંગળી જેટલો ભાગ પણ એવો નથી કે જેમાં અનંતા જીવો સર્વ કર્મનો ક્ષય કરીને અવ્યાબાધપદને પામેલા ન હોય, કેમકે સંસારની આદિ નથી, તેમ પરંપરાએ સિદ્ધદશાની પણ આદિ નથી, અને તેથી અનંત ઉત્સર્પિણી અવસર્પિણીએ એક એક જીવ પણ જો એક એક જગોએ મોક્ષે ગયો હોય તોપણ અત્યાર સુધીમાં આખા અઢીદ્વીપમાં દરેક જગોપર પણ અનંતા જીવો મોક્ષે ગએલા સિદ્ધ થાય, અર્થાત્ એક આંગળ જેટલી જગા પણ અઢીદ્વીપમાં અનંતા જીવોને મુક્તિ પામવા સિવાયની મળે નહિ અને આજ કારણથી શ્રી ઔપપાતિક અને પ્રજ્ઞાપનાજી વિગેરેમાં દરેક સિદ્ધને આખી અવગાહનાએ અનંતા સિદ્ધ જીવોની સ્પર્શના જણાવવા સાથે એક એક સિદ્ધને દેશ અને પ્રદેશે ફરસેલા સિદ્ધો તે આખા ફરસનારા સિદ્ધોની અનંત સંખ્યા કરતાં અસંખ્યાતગુણા અનંતા છે. આવી રીતે સિદ્ધોની પરસ્પર સ્પર્શનાની સ્થિતિને વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે-અઢીદ્વીપમાંથી સમશ્રેણીએ જનારા જીવો સિદ્ધદશાવાળા થઈ શકતા હોવાથી અઢીદ્વીપનો એક આંગળ જેટલો ભાગ પણ અનંતા જીવોની સિદ્ધિ સિવાયનો નથી. અર્થાત્ શ્રી વિમળાચળ ગિરિરાજની મહિમાની વિશિષ્ટતા જણાવતાં જે કાંકરે કાંકરે અનંતા સિદ્ધ થયા એમ કહેવામાં આવે છે તે કોઈપણ પ્રકારે યોગ્ય

નથી, કારણકે અઢીદ્વીપ બહાર કોઈપણ મોક્ષે જતો નથી, તેમજ અઢીદ્વીપનો કોઈપણ ભાગ કાંકરે કાંકરે મોક્ષ સિવાયનો છે નહિ, માટે સંભવ કે વ્યભિચાર એકે પણ ન હોવાથી અનંત સિદ્ધના સ્થાન તરીકે વિમળાચળની વિશિષ્ટતા જણાવવી તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી, પણ આવો વિચાર કરનારે સમજવું જોઈએ કે જેમ કાલનું અનાદિપણું હોવાથી અનાર્યક્ષેત્રમાં સિદ્ધ થએલા પણ અનંતા છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના તીર્થનું આલંબન લીધા સિવાય અતીર્થસિદ્ધપણે પણ સિદ્ધ થએલા અનંતા છે. સ્વયંબુદ્ધ કે પ્રત્યેકબુદ્ધ સિદ્ધપણે પણ અનંત જીવો સિદ્ધ થએલા છે, તો પછી શું વિચારક પુરુષે અનાર્યક્ષેત્રને મોક્ષની ભૂમિ તરીકે ગણવું ? ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને સ્થાપેલા તીર્થને સંસારસમુદ્રથી તારનાર તીર્થને શું તારનાર તીર્થ તરીકે ન ગણવું ? અને ધર્મના યથાર્થ સ્વરૂપને ધ્યાનમાં રાખીને ધર્મદેશનાની ધારાને અખંડપણે વરસાવતા આચાર્ય ભગવાનને શું તારક તરીકે ન ગણવા ? અર્થાત્ જેમ અનાર્યક્ષેત્રાદિકમાં થતી સિદ્ધિની અલ્પતા તે આર્યક્ષેત્રાદિકની સિદ્ધિની મહત્તાને બાધ કરનાર નથી, અને તેથી સિદ્ધિમાર્ગના સાધન તરીકે આર્યક્ષેત્રાદિની મહત્તા જ આગળ કરવામાં આવે છે, અને તેમ કરવું યોગ્ય જ છે, તો પછી પરમ પવિત્ર ગિરિરાજ શ્રી વિમળાચલની વિશિષ્ટતા જણાવતાં અનંત જીવોની સિદ્ધિના કારણ તરીકે તેની વિશિષ્ટતા જણાવાય તેમાં કોઇ પ્રકારે પણ આશ્ચર્ય નથી. સામાન્ય રીતે અકારણ કે અલ્પકારણનું કથંચિત કાર્ય કરનારપણું થઈ પણ જાય તો પણ તે દ્વારાએ કારણકાર્યભાવનો વ્યવહાર જગતમાં પ્રવર્તતો નથી, પણ જે કારણથી ઘણી વખત

નિયમિતપણે કાર્ય બને છે, તેવા કારણને જ કાર્ય કરનાર તરીકે ગણવામાં આવે છે, અને આજ કારણથી લક્ષ્મીપ્રાપ્તિનો હેતુ વ્યાપાર ગણવામાં આવે છે, પણ માટીની ખાણ ખોદવાથી કોઈ વખત નિધાનોદ્ધારાએ લક્ષ્મી મળે છે તોપણ તે ખાણના ખોદવાને લક્ષ્મીપ્રાપ્તિના ઉપાય તરીકે ગણવામાં આવતું નથી, તેવી રીતે ઠેસ લાગવાથી ઉખડેલી ઈંટના પ્રતાપે દેખવામાં આવેલી મહોરોવાળી હકીકત સત્ય છતાં પણ ઠેસ કે ઈંટોના ઉખળવાને મહોરપ્રાપ્તિના કારણ તરીકે કોઈપણ સમજુ મનુષ્ય ગણવાને તૈયાર થતો નથી, તેવી રીતે અહીં પણ પવિત્ર ગિરિરાજ શ્રી વિમળાચળ સિવાયના સ્થાનકો સિદ્ધિપ્રાપ્તિના કારણ તરીકે ગણાય નહિ, પણ આ ગિરિરાજ શ્રી વિમળાચળજીને જ અનંત સિદ્ધિના કારણ તરીકે ગણી આરાધવા યોગ્ય ગણી શકીએ.

આ ભારતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં પહેલવહેલું કોઈપણ સ્થાવર તીર્થ સ્થપાયું હોય તો શ્રી પુંડરિક સ્વામી ગણધર પોતાના પરિવાર સાથે મુક્તિ પામ્યા, તેને અંગે સ્થપાએલું આ વિમળાચળ તીર્થ જ પહેલા નંબરે છે.

ભાવતીર્થંકર કરતાં પણ દ્રવ્યતીર્થની પ્રબળતા ગણવાનું જો કોઇને પણ અંગે બન્યું હોય તો આ પરમપવિત્ર ગિરિરાજ વિમળાચળજીને અંગેજ.

ચક્રવર્તી અને બીજા પણ અનેક રાજા, મહારાજાઓએ ઉદ્ધારો કરીને જેના અસંખ્યાતી વખતે ઉદ્ધારો કર્યા એવું પવિત્ર તીર્થ તે આજ વિમળાચળજી જ છે.

જેના ઈન્દ્રોએ અને દેવતાઓએ પણ ઉદ્ધાર કરેલા હોય એવું તીર્થ ફક્ત આ વિમળાચળજી જ.

લાખો અને કરોડો (કેટલાક સ્વચ્છંદ કલ્પનાવાળાઓ શાસ્ત્રથી નિરપેક્ષ અને શાસ્ત્ર વિરૂદ્ધપણે ક્રોડની સંખ્યા પર કોડી કે એવી કોઈ સંખ્યા ગોઠવી દેવા માગે છે તેઓના વચન શાસ્ત્રાનુસારીને તો માનવાના હોય જ નહિ.)ની સંખ્યામાં મુનિમહારાજાઓએ તથા સાધ્વીઓએ જો મોક્ષપ્રદ મેળવેલાં હોય તો તેવું સ્થાન આ વિમળાચળજી. (પ્રતરગણિતની અપેક્ષાએ શાસ્ત્રમાં જણાવેલી સંખ્યાનો સમાવેશ કરવામાં કોઈ જાતની અડચણ આવે તેમ નથી, પણ પુરુષપરંપરા ઉપર વિચાર કરાય તો પણ લાંબા કાળને અંગે શાસ્ત્રોક્ત સંખ્યામાં અડચણ આવે તેમ નથી, આવા હેતુથી કેટલીક સૂત્રોક્ત અને ગ્રંથોક્ત સંખ્યામાં ફેર પડે તો શ્રદ્ધાળુઓને શ્રદ્ધા કરવામાં અડચણ આવે તેમ નથી.)

સર્વકાળમાં પોતાના આકારે નિયમિત રહેવાવાળું તીર્થ હોય તો તે ફક્ત આ વિમળાચળજી.

પાંચ પાંડવો, શુકરાજા, ચંદ્રશેખર વિગેરેને જબરદસ્ત કાર્યસિદ્ધિ આપનાર હોય તો તે આજ તીર્થરાજ.

આવા પવિત્રતમ ગિરિરાજ શ્રી વિમળાચળની જે છેલ્લી પ્રતિષ્ઠા ચોર્યાસી ગચ્છના આચાર્યોને મેળવી, સર્વની સંમતિથી જે પ્રતિષ્ઠા કર્માશાહે કરાવી, અને જે પ્રતિષ્ઠાની વર્ષગાંઠ શ્રીસિદ્ધાચલજી અને બીજે સ્થાને ઉજવાય છે, તે ઉજવણી ભવ્યજીવો મહિમા ખ્યાલમાં રાખીને કરે, એટલા માટે જ આ લેખની જરૂરીઆત વિચારી છે.

---

હે ભગવાન્! તમારા માતાપિતા જ્યારે સ્વર્ગે સિધાવ્યા ત્યારપછી અધમ એવા ગોવાળીઆઓએ આપને ઉપદ્રવ-ઉપસર્ગો કર્યા જો કે-માતાપિતા જીવતા હતા ત્યારે તો તેઓ પણ રક્ષણ કરતા હતા.

# જાત્રાળુઓનું કર્તવ્ય

વર્તમાન કાળમાં અને પૂર્વ કાળમાં અનેક ભાગ્યશાળી જીવો પોતાના આત્માના ઉદ્ધાર માટે તીર્થયાત્રાના સંઘનું આધિપત્ય ચક્રવર્તી ભરત મહારાજથી અત્યાર સુધીમાં મેળવવા ભાગ્યશાળી થયા છે, અને તેઓએ પોતાના સદ્ દ્રવ્યનો વ્યય તે સંઘયાત્રાના કાર્યમાં કરતાં આત્માને ઘણી ઉન્નત દશામાં ચડાવ્યો છે. બાહ્યદૃષ્ટિ પુદ્‌ગલાભિનંદી કે ભવાભિનંદી જીવો જ્યારે દેશ, પ્રાંત, નગર કે ગામનું આધિપત્યપણું દેશ, ગામ, નગર કે કુટુંબના મનુષ્યનું આધિપત્યપણું શમશેરને જોરે મેળવવાનું થાય છે અને તેમાંજ તેઓ તત્ત્વદષ્ટિ માનતા હોવાથી પોતપોતાના આત્માને અધિક અધિક ઉચ્ચતર સ્થિતિમાં માની મદોન્મત્ત બની તે તે તાબે રહેલા મનુષ્યોની ઉપર સત્તા ચલાવી તે તાબેદારોની કમાણી ઉપર ઘણે ભાગે તાગડધિન્ના કરનારા થાય છે, પણ આ સંઘના અધિપણાનું પદ તેથી જુદી જાતનુંજ છે. તે સંઘના આધિપત્યમાં જ દુનિયાદારીથી પોતાના પ્રાણ કરતાં વહાલી ગણાએલી લક્ષ્મીનો પાણીની માફક ઉપયોગ કરાય છે. કોઈ પણ સંઘપતિ કોઈ પણ સંઘમાં આવતા. યાત્રિક પાસેથી કોઈ પણ જાતનો ટેક્ષ, હિસ્સો કે લાગો લેતા નથી. ભાગ્યશાળી સંઘપતિને તો પોતાના આત્માનો તીર્થયાત્રાથી ઉદ્ધાર થવા સાથે અનેક જીવોનો ઉદ્ધાર થાય એજ ભાવના સતત હોય છે. વર્તમાન કાળમાં જોકે વખત અને પૈસાના બચાવની દૃષ્ટિ રાખવા-વાળાઓને ધન અને વખતનીજ માત્ર કિંમત હોવાથી આવા

સંઘઆધિપત્ય જેવા પદો ઘણા ખર્ચવાળા અને ઘણી મુદતના ભોગે મળવાવાળા હોવાથી અણગમતા થાય તે સ્વાભાવિક છે, પણ તેમાં તે વિત્ત અને વખતના વિચારોના વમળમાં વહેતાં લોકોને તેમ લાગે તેમાં આશ્ચર્ય નથી. કારણ કે વાંકી દૃષ્ટિથી જોવાવાળો સીધા લાકડાને પણ વાંકું દેખે તેવી રીતે શાસન, તીર્થ, ધર્મ અને ધર્મિષ્ઠોના મહિમાને અને દાન શીલ તપ અને ભાવ એ ચારે પવિત્ર પ્રવૃત્તિઓને જગતભરમાં પોષણ કરી પ્રસિદ્ધિ પમાડનાર એવું આ સંઘપતિપણાનું પદ તે તેઓનેજ રૂચે જેઓ ધર્મમાં થતોજ ધનવ્યય સફળ માનતા હોય અને ધર્મને અંગે જેટલો કાળ નિવૃત્તિપરાયણતા થઈ અવ્યાપાર અને બ્રહ્મચર્ય જેવી પૌષધના મુખ્ય અંગ જેવી ચીજો પરસ્પર મદદથી અસાધારણપણે પોષાતી રહે તે કાળજ જિંદગીમાં સફળ છે. અર્થાત્ શાસ્ત્રકારો જેમ સામાયિક અને પૌષધમાં ગયેલા વખતનેજ ત્યાગની દૃષ્ટિએ સફળ માને છે, અને તે સામાયિક, પૌષધ સિવાયના વખતને કંઈ પણ પાપનું કાર્ય ન કરે તો પણ સંસારવૃદ્ધિને કરાવનારજ માને છે તેવી રીતે અહિં શાસન અને ધર્મના ઉદ્યોતને અંગે થતો ધનનો વ્યય અને વખતનું વહેવું સફળ ગણનારા જીવોજ સંઘના આધિપત્યપણાની અને સંઘસમુદાય સાથે થતી યાત્રાની કિંમત આંકી શકે છે. આજકાલ જગતમાં સેવક, સ્વયંસેવક, સેવાસમાજ, સેવાવૃત્તિ વગેરે શબ્દો શોભાભરેલા ગણવામાં આવે છે. તેવી રીતે અહિં સંઘપતિપણાનો શબ્દ ડોળ ઘાલવા માટે નથી, પણ જે તીર્થનો સંઘ નીકળેલો હોય અને તે તીર્થની જાત્રા માટે જેઓ ચાલેલા હોય તે બધાની રક્ષણ, સેવાવૃત્તિ અને સંભાળ લેવામાંજ અને તે લેવાની જવાબદારીને અંગેજ સંઘપતિપણાનું પદ મળે છે. આ સંઘપતિપણાનું

પદ ગાદીએ બેસી ગોર ફેરવવા દ્વારાએ હુકમ સંભળાવવામાં નથી, પોતાના મનગમતી રીતિએ દંડ લઈ પોતાના ટોળામાં દાખલ કરવારૂપે સંઘપતિપણું ભોગવવાનું આમાં નથી. પોતાને કે પોતાના ગોઠીયાને સાચી કે ખોટી રીતે જે મનુષ્ય ખટકતો હોય તેવાઓઓનું કાસળ કાઢવામાં સંઘપતિપણાનું પદ નથી. પણ આ સંઘપતિપણાનું પદ તો મુખ્યતાએ પોતે એકાહારી, પાદચારી વિગેરે છ જે રી ( રી અંતવાળી ૬ ક્રિયાઓ ) તેને પાલન કરવામાં તૈયાર રહેવું. દરેક ગામોમાં સંઘની ઉન્નતિના કાર્યો કરવા ચૈત્યપૂજા, જીર્ણોદ્ધાર, સાધર્મિકભક્તિ, જીવદયા વિગેરે પરલોકના ભાથારૂપ સત્કાર્યો કરવા અને પોતાના આલંબને બીજા જીવો પણ પોતાના આલંબને દરેક ગામે શાસનની ઉન્નતિ વગેરે કાર્યમાં સહકાર કરનાર થાય. તેવી રીતે પ્રવર્તવું એ જ આ સંઘપતિપણાનું જાહેર ચિહ્ન છે. આ સંઘપતિને પોતાની સાથમાં આવેલા દરેક સાધર્મિકની ઔષધ, અશન, પાન, વગેરેથી ભક્તિ કરવાની હોય છે, પ્રત્યક્ષ રીતે અનુભવ કરાય છે કે સેંકડો અને હજારોની સંખ્યામાં છએ રી પાલનારાઓની સેવા કરવાને ભાગ્યશાળીપણું આવા સંઘપતિ થનારા સિવાયને ભાગ્યેજ મળે છે. ચતુર્વિધ સંઘમાંથી જે જે યાત્રાપ્રેમી સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા એ યાત્રાના સાથમાં જોડાએલા હોય તે દરેકની દરેક પ્રકારની નિઃસ્વાર્થ અને પૂર્ણ ભક્તિભાવથી સેવા કરવી તેમાંજ સંઘપતિ પોતાનું અહોભાગ્ય માને છે. અર્થાત્ આ સંઘપતિપણામાં પતિશબ્દ રૂઢિદ્વારા માલિક અર્થને જે સૂચવે છે તે સૂચવનાર નથી પણ માત્ર ચતુર્વિધ સંઘની તરફથી શાસનશોભાની અને તીર્થજાત્રાની પવિત્ર ભાવના હોય તેનું રક્ષણ કરવું તે દ્વારાએજ સંઘપતિપણામાં રહેલું પતિપદ સફળ કરવાનું

હોય છે. સામાન્ય રીતે વિચાર કરતા માલમ પડશે કે કોઇપણ સદ્ગૃહસ્થ પોતાને સ્થાને રહ્યો થકો હજારો, સેંકડો તો શું પણ માત્ર ડઝનબંધ પણ એકાસણા કરવાવાળા, સચિત્તના ત્યાગી, પાદચારી એવા એટલે કે કોઈક અપેક્ષાએ ઉપધાનવહન અને પ્રતિમાવહન આદિ ધાર્મિક જીવનોના ઉચ્ચ પ્રવાહને વહન કરતાં સાધર્મિકોની ભક્તિ કરવાને ભાગ્યશાળી બની શકતો નથી, ત્યારે કોઈપણ તીર્થની યાત્રાને અંગે યાત્રિકોના સમુદાયરૂપ સંઘની રક્ષા કરવાની જવાબદારીએ આધિપત્યપદને વહેનારો ભાગ્યશાળી શ્રદ્ધાળુ સદ્ગૃહસ્થ હંમેશાં સેંકડો અને હજારો સચિત્તનો પરિહાર કરનારા, એકજ વખત ભોજન કરનારા, ગુરુમહરાજ સાથે પગથી પ્રયાણ કરનારા અને બ્રહ્મચારીપણાથી શોભિત, એવા શ્રાવકોની દ્રવ્ય, ભાવ ઉભય પ્રકારની ભક્તિ કરવાને ભાગ્યશાળી બને છે, અને તે પણ ભાગ્યશાળીપણું એકાદ દિવસને માટે નહિ પણ લાગલાગટ કેઈ અઠવાડિયા કે પખવાડિયા સુધી તીર્થના માર્ગના પ્રમાણમાં તેઓ પૂર્વે કહેલા ભક્તિના કાર્યો કરવાને ભાગ્યશાળી થાય છે પોતાના સ્થાનમાં રહેલો કોઈપણ પ્રતિષ્ઠિત શ્રદ્ધાળુ સમૃદ્ધિસંપન્ન છતાં પણ યાત્રાળુઓની જેમ સંઘપતિપણાની વખતે ભક્તિ કરી શકે છે તેવી ત્યાં કરી શકતો નથી વળી પંચમહાવ્રતધારક, સંસારસમુદ્રથી તારનાર મહાનુભાવ સાધુ, સાધ્વીરૂપ જંગમતીર્થની નિરવદ્ય અને શુદ્ધ ભક્તિ કરવાનો વખત તો સંઘપતિપણામાંજ અદ્વિતીય હોય છે. દરેક સ્થાનમાં તેવા સમુદાય સહિત તેવી સમૃદ્ધિ સાથે જવાની જૈન, જૈનેતરોમાં શાસન, ધર્મ અને ધર્મિષ્ઠોની પ્રશંસા અને અનુમોદનાદ્વારાએ જે લાભ અનુભવાય છે તેને સમજનારો મનુષ્ય સંઘપતિપણાની કિંમત આંકી શકે છે, પણ ભીલજાતમાં

ભીલપણે કેળવાએલા મનુષ્યને ચાહે જેવો કિંમતી હીરો પણ કોડીઓની કિંમતનોજ લાગે છે, તેવી રીતે તે ધર્મપ્રશંસા-આદિક સત્કાર્યોની કિંમતને નહિ સમજનારો મનુષ્ય સંઘપતિપણાની કિંમત ઓછી ગણે તો નવાઇ જેવું નથી, પણ તેવા મનુષ્યે તેવી કિંમત કરેલી હોય તેટલા માત્રથી તે ઉત્તમ માર્ગની કિંમત ઘટતી નથી. તીર્થના સ્થાનોમાં આધિપત્ય કરનારા સત્તાધીશોને પણ સંઘનો સમુદાય સંઘની સમૃદ્ધિ અને સંઘવીના મોભાને અંગે ઘણી ભાવવૃદ્ધિ થાય છે અને તેનેજ પ્રભાવે તે સત્તાધારીઓ અજૈન છતાં પણ હિંસા, મદિરા વગેરેનું છોડવું, ધર્મના લાગા વગેરે પ્રવર્તાવવા અને આશાતના વગેરે ટાળવાના કાર્યોમાં કટીબદ્ધ થાય છે. જગતનો અનુભવ સાક્ષી પુરે છે કે તીર્થ જેટલું સ્વપ્રભાવે ઉજ્જવળતા મેળવે તેના કરતાં ઘણેજ અધિક અંશે ભક્તોની સાહ્યબી અને ભક્તોનું આગમન તીર્થની ઉજ્જવળતા કરે છે, જે જે સ્થાને તીર્થો મોટા છતાં પણ સમૃદ્ધિશાળી અને સમુદાયે ભક્તોનું આવાગમન નથી હોતું તે તે તીર્થો ઉજ્જવળતામાં ઘટે છે અને યાવત્ ભદ્દિલપુર આદિ તીર્થોની માફક વિચ્છેદ પામે છે, અને તે તીર્થોનો પ્રભાવ એટલો બધો ઘટી જાય છે કે જ્યાં ત્રિલોકનાથ તીર્થંકરના જન્માદિક પાંચે કલ્યાણકો કે જન્માદિક ચાર કલ્યાણકો સરખાં અતિશાયી કાર્યો બનેલા હોઈ તીર્થ તરીકે જાહેર થયાં હોય તેવા તીર્થોનો ઉદ્ધાર કરવા કે નિશાની માત્ર રાખવા પણ તે તે જુગનો સંઘ તૈયાર થઈ શકતો નથી દાખલા તરીકે પુરીમતાલ (અલ્હાબાદ), ભદ્દિલપુર (હટવડીયા) મિથિલા, શ્રાવસ્તિ (સેંટમેંટનો કિલ્લો) અને કોસંબી એ વગેરે તીર્થો મુસાફરીના વિષયમાં છતાં પણ તેની હૈયાતી કે નામનિશાન પણ રાખવા વર્તમાન સંઘ વિચાર

કરતો નથી. જો કે દેશમાત્રને અંગે ઘેલા બનેલા યુવકો તો તેવા અગર તેથી ચઢિયાતા પણ તીર્થોની દરકાર ન કરે તે સમજી શકાય તેમ છે પણ શક્તિસંપન્ન શ્રદ્ધાળુ, શાસન તથા ધર્મ પર પ્રેમ રાખનારા સજ્જનો પણ તેવા તીર્થોને ટકાવવા કે નામનીશાન રાખવા પણ તૈયાર થતો નથી. એનું ખરૂં કારણ તપાસીએ તો તે તીર્થો જે સ્થાનમાં આવેલા છે તે સ્થાનમાં અગર તેની નજીકમાં ધર્મપ્રેમીઓની વસતી નથી અગર ઓછી છે અને તેને લીધે ત્યાં યાત્રા કરવા કે સંઘપતિ તરીકે યાત્રિકોને લઈ જવાનું સદ્‌ભાગ્ય સમૃદ્ધિશાળી સદ્‌ગૃહસ્થો મેળવી શકતા નથી, અને બીજી બાજુ જે સ્થાનો (ભોયણી, પાનસર, માતર, જગડીયા, વગેરે) શાસ્ત્રદ્વારાએ કલ્યાણકઆદીને અંગે કહેલા કારણથી તીર્થ તરીકે નહિ છતાં માત્ર અપૂર્વ અને આહ્‌લાદનીય કે સાધિષ્ઠાયક એવી જિનપ્રતિમાને અંગે જાહેરમાં આવ્યાં અને તે તીર્થોની જાહોજલાલી અનેક કલ્યાણકવાળાં તીર્થો કરતા પણ કેઈગુણી અધિક થઈ છે. આ સ્થિતિ વિચારતાં જો કલ્યાણકથી થએલાં તીર્થોના સ્થાનોમાં સંઘસમુદાયનું સમુદાયે જવું નજ થાય તો પછી તે તીર્થોનું સ્થાન ન રહે અને ભવ્યોના અંતઃકરણમાંથી તેનું સ્થાન પણ ભુંસાઇ જાય. એટલું જ નહિ પણ શાસ્ત્રોમાં તે તીર્થોનું પ્રતિપાદન આવ્યા છતાં પણ ચક્ર, સ્તૂપ અને સુષુમારપુરઆદિ તીર્થોની માફક તેનું સ્થાન અને તેની હયાતી સાથે સત્યતા સાબીત કરવી પણ મુશ્કેલ પડે, એટલે કલ્યાણકઆદિકને લીધે પ્રસિદ્ધ થએલા તીર્થોની સંઘસમુદાયથી કરાતી યાત્રા ઘણી આવશ્યક છે એમ વિચક્ષણોને લાગ્યા વગર રહેશે નહિ વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે વર્તમાનમાં તીર્થસ્થાનોના તો શું પણ અન્ય સ્થાનોના પણ સત્તાધારકો જન્મથી કે

આચારથી જૈનધર્મને અનુ રનારા દેખાતા નથી. જોકે જૈનધર્મની પવિત્રતા અને તે ધર્મને પાળનારી વેપારી કોમની ધનાઢ્યતા અને સદાચારને અંગે અદ્વિતીય પ્રસિદ્ધિ વ્યાપેલી છે છતાં તેટલા માત્રથી અન્ય ધર્મને પાલનારા સત્તાધારકોને ધર્મના દેવાદિક તરફ સદ્‌ભાવ થઈ જાય તે આકાશકુસુમવત્‌જ છે. અને જ્યારે તે તીર્થના સત્તાધારકોને જૈનધર્મના દેવ, કે ગુરુ કે ધર્મ તરફ સદ્‌ભાવ ન હોય અને તેને બકરીના ગળાના આંચળ જેવા નિરર્થક ગણે ત્યારે તે તીર્થોની ઉન્નતિ અને સ્થિતિસ્થાપકતા તો શું પણ અવનતિ થવાનો વખતજ આવે તે અપેક્ષાએ પણ વર્તમાનમાં સંઘસમુદાયે સંઘસહિત યાત્રા કરવાનું જરૂરી ગણવું જોઇએ. એવા સંઘસમુદાયમાં જવાવાળા દરેક મનુષ્યને એ વાત તો અનુભવસિદ્ધ છે કે ચાહે જેવી સમૃદ્ધિશાળી એકલી વ્યક્તિ કે ચાહે જેવા જ્ઞાનધુરંધર શાસનપ્રભાવક આચાર્ય તેવી છાયા સ્વતંત્ર નથી પાડી શકતા કે જે છાયા સમુદાયદ્વારાએ પડે છે. સંઘ સાથે યાત્રા કરવાવાળો અનુભવી મનુષ્ય જોઈ શકે છે કે સંઘમાં રહેલા યાત્રિકોની જેમ જેમ મોટી સંખ્યા હોય છે તેમ તેમ તેની પ્રસિદ્ધિ વધારે વધારે પ્રમાણમાં થાય છે, અને તે પ્રસિદ્ધિને લીધે બેસંખ્ય જૈનેતર મનુષ્યો પણ કેઈ કોશોથી આવી તે સંઘના દર્શનનો લાભ લે છે, અનુમોદન કરે છે, અને સંઘપતિ તથા શાસનધુરંધરોની ભક્તિ કરવાપૂર્વક બહુમાન કરે છે કેટલેક સ્થાને તો સત્તાધારકો અન્ય ધર્મીઓ છતાં પણ જૈનધર્મના દેવ, ગુરુઆદિનું બહુમાન કરવા સાથે પોતાની હિંસક વિગેરે અધમ વૃત્તિઓને પણ યાવજ્જીવને માટે કે કેટલાક કાળને માટે જલાંજલિ આપે છે. તીર્થસ્થાનના સત્તાધિકારીઓ પણ તેવા વિશાળ સંઘના સંઘપતિઓને ઘણા સન્માનથી નવાજે

છે. સંઘપતિએ કરવા ધારેલા તીર્થના ઉત્તમ કાર્યોમાં અસાધારણ રીતે મદદ કરનારા થાય છે, અને તીર્થની આશાતના ટાળવા તરફ સંઘપતિએ તે સત્તાધીશનું દોરેલું ચિત્ત સતત્ અવ્યાહતપણે રહે છે. કેટલેક સ્થાને તો તેવા વિશાળ સમુદાયના સંઘપતિની પ્રેરણાથી સત્તાધિકારીઓએ યાવચ્ચંદ્રદિવાકર સુધી આવકો કરી આપેલી છે એમ ભૂત અને વર્તમાન કાળનો ઈતિહાસ પણ સાક્ષી પૂરે છે. વળી સંઘપતિપણાના અવસરને અંગે તે તે તીર્થસ્થાનોનો ચિરસ્મરણીય ચૈત્યાદિકના જીર્ણોદ્ધાર આદિના કાર્યો કરે છે તે સર્વ એ સંઘયાત્રાનો પ્રભાવ છે. શાસ્ત્રોમાં જેમ સાધુઓને પોતાના આત્માની સાક્ષીએ સાધુપણું પાળવાનું હોય છે, છતાં પણ આચાર્ય અને ગચ્છવાસીની અપેક્ષાએ તેના સાધુપણામાં સુંદરતા દિવસે દિવસે નવા નવા રૂપમાં આવે છે. તેવી રીતે સંઘપતિ પણ જો કે ધર્મના સ્વતંત્ર અર્થી હોયજ છે, તો પણ તેવા તેવા સુંદર સમુદાયના યોગે સુંદર સુંદર ભાવોલ્લાસમાં આવી સુંદર સુંદરતર કાર્યો અધિક અધિક કરનારો થાય છે. સંઘયાત્રાના વર્તમાન કાળના પ્રભાવિક કાર્યો અન્ય ધર્મિષ્ઠોને અનુમોદનદ્વારા નિર્મળતા કરનારા હોય તેમાં તો શું કહેવું? પણ ભવિષ્યકાળમાં પણ સંઘપતિની યાત્રા અને તેના ચિરસ્મરણીય કાર્યો અનેક ભવ્ય જીવોને અનુમોદનાદ્વારાએ નિર્મળતા કરાવનારા થાય છે એ વાત ધર્મિષ્ઠ ઈતિહાસજ્ઞોથી અજાણી નથી. બીજી બાજુ મનુષ્યને વડિલોપાર્જિત કે સ્વભુજોપાર્જિત મળેલા ધનની ત્રણ દશા સિવાય ચોથી દશા નથી હોતી એ અવિચળ સિદ્ધાંત છે. એ ત્રણ દશામાં નાશ અને ભોગદશા સર્વથા પરિણામે નીરસ છે એમાં બે મત થઈ શકેજ નહિ. વાસ્તવિક રીતે મળેલા ધનનું ફળ હોય તો તે કેવળ દાનજ છે. દાન

એ એવી વસ્તુ છે કે જે જીવનનાશે કે ધનનાશે પણ પોતાના પુણ્ય-લાભરૂપી કે કીર્તિરૂપી ફળને નાશ થવા દેતી નથી. હજારો, લાખો અને ક્રોડો ધનપતિઓ મરી ગયા, તેના ધનનો અંશ પણ ન રહ્યો છતાં તેઓએ કરેલાં દાનનો પ્રભાવ શાસનમાં અવ્યાહતપણે જાગતોજ છે, અને તે અવ્યાહત દાનપ્રભાવને દેખીને અનેક શ્રદ્ધાળુ અને ઇતિહાસપ્રેમી જીવો અનુમોદના કરીને પોતાના આત્માને નિર્મળ કરે છે અને ધનપતિઓ પણ તે દાનના ફળો સદ્ગતિમાન થઈ અનુભવી રહ્યા છે.

જો કે દાનધર્મનું સેવન ગૃહસ્થોનો મુખ્ય ધર્મ હોવાથી પ્રતિદિનના કર્તવ્ય તરીકે હોઇ સર્વસ્થાને હોય છે, પણ સંઘપતિપણાના પ્રસંગમાં કે સંઘના યાત્રિકપણાના પ્રસંગમાં તે દાનધર્મને સેવનનો પ્રસંગ જબરદસ્ત મળે છે. વળી સંઘપતિ તરીકે કે સામાન્ય યાત્રિક તરીકે સંઘસમુદાયે યાત્રા કરતાં દેશમાં અને સ્થાને ભિન્નભિન્નપણે રહેલા ચતુર્વિધ સંઘનો મહાન્ સંગમ થાય છે, અને તેથી તે ભિન્નભિન્ન સ્થાનના ભિન્નભિન્નપણે રહેલા ચતુર્વિધ સંઘના નરરત્નોના ગુણોનું જ્ઞાન થવાથી આત્માને તે ગુણોને વાસિત કરવાનું, તેમજ નહિ પ્રાપ્ત થએલા ગુણોને પ્રાપ્ત કરવાના સાધનરૂપ ગુણીજનોનું બહુમાન, સત્કાર વિગેરે કરવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી અદ્વિતીય લાભનો પ્રસંગ પ્રાપ્ત થાય છે જો કે શ્રીચતુર્વિધ સંઘના તેવા નરરત્નોનો સમાગમ સંઘપતિ કે સામાન્ય યાત્રાળુને પોતાના પ્રસંગમાં પણ હોય છે, તો પણ સ્થાનાંતરના વિશેષે કરીને વિશેષતર ગુણસંપન્ન સંઘયાત્રાના પ્રસંગને લીધેજ સંઘપતિયાત્રિક અને સામાન્ય યાત્રિકને મળે છે, અને તે પણ અનેક શુભ સ્થાનોના રહેવાવાળા શુભતર અનુષ્ઠાનને સેવવાવાળા નરરત્નોનું લાંબા કાળ સુધી

સમાગમ અને સત્કારઆદિનો વખત એ સંઘયાત્રાના પ્રસંગમાં જ મળે છે. છતાં જે નરરત્નો તેવી સંઘયાત્રામાં ન પણ આવ્યા હોય, તેવા પણ નરરત્નોના સમાગમનો લાભ સંઘપતિયાત્રિક અને સામાન્ય યાત્રિક દરેક ગામે જ્યાં જ્યાં સંઘનો પડાવ હોય ત્યાં નવા નવા આહ્‌લાદનીય કે સાધિષ્ઠાયક તીર્થો અને ચૈત્યોના દર્શનાદિના પ્રસંગની વખતે અને તે સિવાયના પણ ગામોમાં મેળવવાને ભાગ્યશાળી થાય છે.

શ્રીસંઘપતિનું સામાન્ય કર્તવ્ય પહેલાં સંઘવિધિના લેખમાં જણાવેલું હતું. પણ તે કેવળ સંઘયાત્રાની વિધિને અંગે જણાવેલું હોઈ આખા સંઘસમુદાયને અનુસરીને હતું. અને આ સ્થાને તે સંઘપતિનું કર્તવ્ય એક યાત્રિક તરીકે જણાવેલું છે, અને આજ કારણથી યાત્રિકોના કર્તવ્યનો પ્રસંગ જણાવતાં પહેલે નંબરે સંઘપતિરૂપ યાત્રિકનો પ્રસંગ જણાવેલો છે. જેવી રીતે સંઘપતિયાત્રિકનું કર્તવ્ય યાત્રિક તરીકે જણાવ્યું છે, તેવી જ રીતે સામાન્ય યાત્રિકોનું કર્તવ્ય પણ જણાવવું અસ્થાને નથી. સામાન્ય યાત્રિકોએ સંઘવિધિ અને સંઘપતિના કર્તવ્યના અનુમોદન સાથે સંઘપતિને અંગે જણાવેલા લાભો પોતાની શક્તિ પ્રમાણે લેવા તૈયાર થવું જ જોઈએ. સામાન્ય યાત્રિકોએ પોતાની શક્તિ પ્રમાણે દરેક સ્થાને સુપાત્રદાન અને સાધર્મિક ભક્તિનો લાભ લેવા તૈયાર રહેવું જ જોઇએ. જ્યાં જ્યાં સંઘનો પડાવ થાય ત્યાં તીર્થચૈત્ય હોય કે સામાન્ય ચૈત્ય હોય તેની આશાતના ટાળવા, તેમજ દર્શન, પૂજાદિથી લાભ મેળવવાને માટેની સામગ્રી તૈયાર કરવી જ જોઈએ. દરેક ગામે પૂજાના ઉપકરણો, શ્રીજિનેશ્વર ભગવાનના આભૂષણો કે પૂજાના સાધનો મ્હેલવા માટે ઉપયોગ અને પ્રયત્ન કરવો જ જોઈએ. જે મનુષ્યો તન,

ધન કે મનથી જે જે કાર્ય કરી શકતા હોય, તે તે મનુષ્યોએ તે તે કાર્યો યાત્રિકપણાના વખતમાં તો જરૂર બજાવવાં જ જોઈએ. સંઘપતિયાત્રિક કે સામાન્ય યાત્રિકો કદાચિત્ થોડો માર્ગ લાંબો થાય તોપણ તીર્થના માર્ગમાં આવતા કે નજીકમાં રહેલા ભવ્યતીર્થ અને ચૈત્યોની યાત્રાદિકનો લાભ મેળવવા કોઈ દિવસ પણ ભાગ્યશાળી થયા સિવાય રહેવા જોઈએ નહિ. યાત્રિકોએ યાત્રાના પ્રસંગમાં તન, મન, ધનની સફળતાને પ્રતિક્ષણ અનુમોદવી જોઈએ, યાદ રાખવાની જરૂર છે કે–શાસ્ત્રીય વિધિ પ્રમાણે ધર્માનુષ્ઠાનનું કરવું તે એક બીજ વાવવા જેવું છે, પણ તે અનુષ્ઠાનની અનુમોદના કરવી તેજ જલસિંચન જેવી હોવાથી અનુષ્ઠાનને ખરેખર ફળ સુધી પહોંચાડે છે. સિંચન વગરનું વાવેલું બીજ જેમ નિષ્ફળ થાય છે કે અલ્પફળ જ આપે છે, તેવી રીતે ધર્માનુષ્ઠાન કરવારૂપ બીજ પણ અનુમોદના વગર તેવી દશાને પામે છે, માટે યાત્રિકોએ સુપાત્રદાન, સાધર્મિકભક્તિ, તીર્થસેવા વિગેરે કરાતા અપૂર્વ કાર્યોની અનુમોદના અહર્નિશ કરવી જોઈએ. બીજાએ કરેલા પણ સુપાત્રદાનાદિક ધર્માનુષ્ઠાનોની અનુમોદના પોતે કરેલા કાર્યોની અનુમોદનાની માફક જ ફળ દેવાવાળી છે, માટે યાત્રિકોએ યાત્રાના પ્રસંગમાં સર્વ જગોએ સર્વ પ્રકારે થતાં ધાર્મિક કાર્યોના અનુમોદનમાં લીન રહેવું જોઇએ, અને જો આવી રીતે સત્કાર્ય કરવામાં અને તેના અનુમોદનમાં યાત્રિકજન લીન રહે તો સંઘયાત્રાનો સમગ્ર વખત તે યાત્રિકને જન્મ સફળ કરવામાં મોટો ભાગ ભજવે. છએ રીને પાળનારા યાત્રિકોએ ધ્યાનમાં રાખવાનું છે કે કે આ છએ રીનું પાલન વિષયકષાયની નિવૃત્તિ કરવા સાથે આરંભાદિકની નિવૃત્તિ માટે છે તો પછી પગે ચાલવાથી

પાદચારીરૂપ રીને સાચવતા છતાં જો રાજકથાદિક વિકથાઓ કરવામાં આવે તથા ગૃહજંજાળની અનેક જંજિરોમાં જો આ જીવ જકડાઈ રહે તો તે વ્યવહારથી પાદચારીપણું રહ્યા છતાં પણ તેના વિષયકષાયઆદિની નિવૃત્તિરૂપ ફળને તે મેળવી શકે નહિ. સંઘના યાત્રિકો એવી યાત્રાએ પ્રવાસ કરતા હોવા જોઈએ કે જેના વર્તન વિચાર અને વચનો દરેક સ્વધર્મી કે અન્યધર્મીઓને ધર્મની છાયા પાડનારાં હોય. જો આવા નિવૃત્તિના વખતમાં સુપાત્રદાનાદિક સત્કાર્યો કરવા છતાં પણ યાત્રિકો પોતાના આત્માને તે સત્કાર્યો અને તેની અનુમોદનાથી વાસિત નહિ કરે અને અન્ય જૈન કે જૈનેતરોમાં ધર્મની પ્રશંસાના કાર્યથી બોધિબીજ વાવવાનો પ્રસંગ નહિ સમર્પણ કરે તો પછી તે પોતાના અને પરના ઉદ્ધારને માટે જિંદગીમાં શું કરી શકશે? જે મનુષ્યો લાભના પ્રસંગે પણ લાભ ન મેળવે તેઓ અન્ય પ્રસંગે લાભ મેળવે એ માનવું ઘણુંજ મુશ્કેલ છે. આવા યાત્રિકપણાના પ્રસંગો જિંદગીમાં વારંવાર આવતા નથી. આવેલા પ્રસંગને બરોબર ન સાધતાં તેના ફળથી વંચિત રહેવું બુદ્ધિમાનોને તો શોભે તેવુંજ નથી. યાત્રિકોમાં મોટો ભાગ એવોજ હોવો જોઈએ કે જેઓના વિચાર, વચન અને વર્તનો અહનિંશ નવાનવા ચૈત્યોના દર્શનાદિના અભિલાષમાં અને કરેલા દર્શનાદિકના અનુમોદનમાં હોય, અને તેથી યાત્રિકોનો આત્મા યાત્રા જેટલા વખતમાં તો ધર્માત્માજ બનવો જોઈએ. સંઘપતિયાત્રિકે પોતાની સમૃદ્ધિસંપન્નતા અને શક્તિસહિતતાને લીધે જે જે કાર્યો મોટા રૂપમાં કરાતાં હોય, તે તે દરેક સુપાત્રદાન, સાધર્મિકભક્તિ અને તીર્થસેવાદિ કાર્યો સામાન્ય યાત્રિકોએ પોતાના વૈભવ અને શક્તિને અનુસરીને કરવા લક્ષ્ય આપવું જ જોઇએ કે જેથી સંઘપતિ યાત્રિકની માફક સામાન્ય યાત્રિક પણ પોતાને મળેલા વૈભવને તથા મળેલા સંયોગોને સફળકરવા ભાગ્યશાળી થાય.

# શ્રીસિદ્ધક્ષેત્ર અને સાધુસાધ્વી

સોરઠ દેશમાં પવિત્રતમ એવો સિદ્ધક્ષેત્ર તરીકે પ્રસિદ્ધ થએલો શત્રુંજય ગિરિરાજ છે એ વાત જૈનજનતામાં સારી રીતે પ્રસિદ્ધ છે. આ ગિરિરાજ તેજ છે કે જેની ઉપર પાંચ ક્રોડ મુનિના પરિવાર સહિત પુંડરીકસ્વામી મહારાજ આ ક્ષેત્રના પ્રભાવે જ કેવળજ્ઞાનને પામી અવ્યાબાધ પદને વરેલા છે. આ પુંડરીકસ્વામીજીનું આ તીર્થક્ષેત્રમાં સ્થિરતા કરી રહેવું ભગવાન્ ઋષભદેવજી મહારાજના હુકમથીજ થયું છે, જો કે આ ગિરિરાજ ઉપર પાંડવો, શ્રીરામચંદ્રજી વિગેરે અનેક મહાપુરુષોનું ક્રોડો મુનિઓ સાથે મોક્ષે જવું થએલું છે. આ સ્થાને ક્રોડ શબ્દથી સો લાખની જ સંખ્યા લેવાની છે, કેમકે જો વીસની સંખ્યા જે કોડી તરીકે કહેવાય છે, તે જો લેવામાં આવે તો એમાં કંઇ તીર્થની અતિશયતા છે જ નહિ, કેમકે બીજા ક્ષેત્રો અને બીજા તીર્થોમાં પણ સેંકડો અને હજારો મુનિઓ મોક્ષપદને પામેલા જ છે. વળી ક્રોડની જગો પર કોડી લઈ લેશે, પણ નારદજી એકાણું લાખની સાથે મોક્ષે ગયા તેમાં લાખની જગો પર કઈ બીજી સંખ્યા લેવાની અને જો એકાણું લાખ સરખી સંખ્યા બરાબર લાખના હિસાબેજ જો મંજુર હોય, તો પછી સો લાખની ક્રોડ સંખ્યા માનવામાં અડચણ શી? કદાચ શાસ્ત્રવચનો ઉપર શ્રદ્ધાનુ-સારિપણું ખોએલ હોઈને શ્રદ્ધા ન પણ હોય અને કેવળ શરીરના પ્રમાણ ઉપર જ જવાતુ હોય તો પણ તે તે વખતનું પ્રમાણ શાસ્ત્રકારોએ મોટું જણાવેલું જ છે, અને તેથી કાઉસ્સગ્ગની અપેક્ષાએ જો તે વખતના માપનું

ક્ષેત્રગણિત કરવામાં આવે તો કોઈ જાતનો વિરોધ આવે નહિ, પણ જેઓને ન તો શ્રદ્ધાનુસારિપણે શાસ્ત્રવાક્ય માનવું હોય, ન તો હિસાબ કરવો હોય, પણ કેવળ પરંપરાથી મોક્ષ પામવાવાળાની સંખ્યા ન લેતાં મનસ્વીપણે બોલવું અને બેસાડવું હોય તેવાઓની આગળ શાસ્ત્ર અને યુક્તિ વિગેરેનો પ્રકાશ સફળ ન થાય તે સ્વાભાવિક છે.

આજ સિદ્ધક્ષેત્રમાં ભગવાન્ અજિતનાથજી મહારાજા અને શાંતિનાથજી મહારાજાએ ચતુર્માસ કરેલા છે, અને તેથીજ એટલે શ્રીસિદ્ધક્ષેત્ર મહારાજની પવિત્રતા અને જિનેશ્વર ભગવાનોનું ચોમાસું રહેવું થએલ હોવાને લીધે વર્તમાન સમયમાં પણ સેંકડોની સંખ્યામાં સાધુ, સાધ્વી અને શ્રાવક, શ્રાવિકાઓ આ પવિત્ર ગિરિરાજની છાયામાં ગિરિરાજનું ધ્યાન ધરતા ચોમાસું કરે છે. અન્ય મતમાં જેવી રીતે કાશીમાં મરણ થવાથી મુક્તિ માનેલી છે, અને તેથી તે મતને માનવાવાળાઓ તે કાશીક્ષેત્રની અંદર જન્મભૂમિ છોડીને પણ કેઈ વરસો સુધી વાસ કરે છે, તેમ આ શ્રીસિદ્ધગિરિની પવિત્રતાને સમજનારો શ્રીસિદ્ધગિરિની સેવા અને આરાધનાથી ત્રીજે ભવે મોક્ષે જવાય છે એમ સમગ્ર જૈનજનતા માને છે, અને ચોમાસામાં સ્થિરતાનો સમય હોવાને લીધે સારી રીતે ગિરિરાજની સેવા કરવા માટે સેંકડોની સંખ્યા દરેક વર્ષે ચોમાસામાં રહે છે. જો કે જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત અને પ્રથમ કર્તવ્ય જીવદયાનું પાલન કરવું એ હોવાથી શ્રદ્ધાસંપન્ન કોઈપણ મનુષ્ય એ ગિરિરાજ ઉપર ચોમાસાને લીધે રસ્તામાં સ્થાન સ્થાન ઉપર લીલોતરી, લીલફૂલ અને ત્રસજીવોનો ઉત્પાદ થવાથી ગિરિરાજની જાત્રા ચોમાસામાં કરતા નથી. એક પગથીઉં પણ ગિરિરાજનું ચોમાસામાં ચઢવાને માટે

શ્રદ્ધાળુઓ તૈયાર હોતા નથી, કેમકે એક એક ડગલાં કરતાં અને એક એક ટેકરી કરતાં સમગ્ર મર્યાદાનો નાશ દીર્ઘદષ્ટિવાળા શ્રદ્ધાળુઓ જોઈ શકે છે. તીર્થંકર ભગવાનોએ ચોમાસાં કર્યાનું બહાનું કેટલાક વિપરીતભાષીઓ તરફથી લેવામાં આવે છે, પણ તેઓએ તીર્થંકર મહારાજના અતિશયોનો, કુંથુઆની ઉત્પત્તિના અભાવનો, તેમજ તે વખતની સુઘડતાનો અંશે પણ વિચાર કરેલો જણાતો નથી. શ્રદ્ધાસંપન્નોએ તે શ્રીકૃષ્ણ મહારાજ અને કુમારપાળ મહારાજ સરખાના ચોમાસાના નિયમિતપણાના દાખલા ધ્યાનમાં રાખવાના હોય છે.

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે આ શત્રુંજય ગિરિરાજ આખો તીર્થરૂપ છે શાસ્ત્રકાર પણ **'गिरिरेव तीर्थरूपः'**-વિગેરે વાક્યોથી આખા ગિરિરાજને તીર્થરૂપે જણાવે છે, અને તેથીજ ગિરિરાજની ચારે બાજુની જે જે તળાટીની દહેરીઓ છે, તે મર્યાદાની અંદર કોઈ પણ શ્રદ્ધાસંપન્ન મનુષ્ય જોડા પહેરતો નથી, થૂંકતો નથી, પેશાબ કરતો નથી અને ઝાડે જતો નથી. અર્થાત્ દહેરામાં જેવી રીતે આશાતના વર્જવામાં આવે છે, તેવી જ રીતે બહુલતાએ આ આખા ગિરિરાજની આશાતના વર્જવામાં આવે છે, અને આ આખો ગિરિરાજ તીર્થરૂપ મનાએલો હોવાથી, શ્રદ્ધાસંપન્નોને ઉપર એક પણ ડગલું ચઢવાનું નહિ હોવા છતાં માત્ર ગિરિરાજની છાયાના લાભ માટે અહીં ચોમાસું રહેવાનું થાય છે, અને તેથી જ ચોમાસું રહેલા ભાવિક લોકોનો ઘણો મોટો ભાગ સાંજ સવાર તળાટીએ જઈ, ચૈત્યવંદન કરીને ગિરિરાજની સ્પર્શનાથી પોતાના આત્માને કૃતાર્થ કરે છે,

આવી રીતે આત્માને કૃતાર્થ કરવા માટે રહેલો ભાવિક-વર્ગ સ્વદેશ કરતાં ઘણાં જ ઉંચા રૂપમાં તપસ્યા તરફ

દોરાય છે. પર્યુષણની કંકોતરીઓને કે પર્યુષણના તપસ્યાના સમાચારોને વાંચનાર કે જાણનાર હરકોઈ મનુષ્ય એ વાતને સારી રીતે સમજે છે કે વીસ વીસ હજાર શ્રાવકની વસતિવાળા શહેરો અને બીજાં પણ શહેરો કરતાં શ્રી સિદ્ધાચળજીમાં માત્ર સેંકડોની સંખ્યામાં રહેલા ભાવિકોમાં પણ માસખમણ જેવી તપસ્યાનો આંકડો જબરદસ્ત આવે છે, અને શ્રીસિદ્ધાચલજીમાં જઈને જોનારો જનસમુદાય સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે–શ્રીસિદ્ધાચળજીમાં રહેનારો વર્ગ ચારે માસ કેવી કેવી સિદ્ધિતપ,·ચત્તારિ–અટ્ઠ–દસ–દોય, સમવસરણ. છટ્ઠ, અટ્ઠમ વિગેરે તપસ્યાઓ હરહંમેશ ચાલતી જ દેખાય છે. જેઓને આવી રીતે થતી તપસ્યાઓ દેખવી નથી, જેઓને તીર્થ મહિમા ખમાતો નથી, જેઓને બીજાઓ પણ તીર્થ સેવા કરે તે રૂચતી નથી, તેઓને તીર્થસ્થાનમાં સાધુ સાધ્વીઓનું આગમન કે રહેવું અત્રે થાય તે આકરું લાગે છે, પણ તેઓએ ખરી રીતે વિચારવું જોઈએ. કે સાધુ, સાધ્વીના પ્રમાણમાં ચાત્રિકવર્ગ ન હોય, તો સાધુ, સાધ્વીઓને આહારપાણી, વસ્ત્રપાત્ર, કંબલ, રજોહરણ વિગેરેની અડચણ પડે એ જાણીતી વાત છે અને સ્વાભાવિક છે, છતાં તેવી અડચણને ન ગણતાં અને બીજા ક્ષેત્રોમાં કોઈ પણ જાતની અડચણ નહિ પણ અધિક સગવડ હોવા છતાં તે સગવડને છોડીને આ અગવડવાળા ક્ષેત્રમાં સાધુ, સાધ્વીઓની સંખ્યા રહે તે તેમની તીર્થસેવાને જ આભારી છે. જેઓને શ્રીસિદ્ધાચલજીમાં સાધુ, સાધ્વીઓની તપસ્યા થાય છે તે જોવી નથી, સગવડના ભોગે અને અગવડ વહોરીને પણ તીર્થની આરાધના કરવા તત્પર થયા છે એ ભક્તિનો અંશ પણ જેને જોવો નથી, પણ માત્ર જેને સંખ્યા જ જોવી છે, તેઓએ નીચેનો હિસાબ ધ્યાનમાં રાખવો :–

સાધુ અને સાધ્વીની કુલ સંખ્યા ત્રણ હજાર ગણીએ અને સરેરાશ દરેકનો ત્રીસ વર્ષનો દીક્ષાપર્યાય ગણીએ તો ત્રીસ વર્ષમાં નેવું હજાર ચોમાસાં થાય, અને તેમાં દશ દશ ચોમાસાએ એક એક ચોમાસું અહીં આવે તો દરેક વર્ષે ત્રણસો સાધુ, સાધ્વી તો દશ વર્ષે જ આવેલાના હિસાબે હોય, અને તેમાં ગુરુણીજી ન આવેલાં હોય અને તે આવે ત્યારે ચેલીઓને આવવું પડે, અને ચેલીઓ નહિ આવી હોય તેથી ચેલીજી આવે ત્યારે ગુરુણીજીને આવવું પડે, તેવી રીતે ગુરુજી ન આવ્યા હોય તો ચેલાઓને તેમની સાથે આવવું પડે અને ચેલાઓ ન આવ્યા હોય તો ગુરુજીને તેમની સાથે આવવું પડે એ સિવાય જો ધ્યાનમાં લઈએ તો આ ગિરિરાજમાં ઓછામાં ઓછી દરેક વર્ષે પાંચસોની સંખ્યા રહે તે સ્વાભાવિક છે. આ ઉપરની સંખ્યાનું પ્રમાણ માત્ર જેઓ ગિરિરાજના મહિમાને નથી સમજતા અને શ્રાવકોની સંખ્યાના પ્રમાણમાં શ્રાવકો તીર્થસેવામાં જોડાયા નથી. એ બાબતનો વિચાર કરતા નથી, પણ કેવળ સાધુ સાધ્વીની સંખ્યાને જ આગળ કરે છે તેવાઓને જ વસ્તુ-સ્થિતિ સમજાવવા માટે જણાવી છે.

આવી રીતે ચોમાસાવાળાઓની જણાવેલી સંખ્યા માત્ર તીર્થસેવાના રસિયાઓને અંગે છે, બાકી જેઓ ધર્મશાળાના ઓરડાઓ બથાવીને પડ્યા છે, વર્ષો થયાં પાલીતાણાની ભાગોળ પણ ઓળંગી નથી, આવતા ભાવિક જાત્રાળુઓને લૂંટવાનો જ ધંધો ચલાવી રહ્યા છે, અને માતા સાંઢની પેઠે આનંદજી કલ્યાણજીના મનુષ્યો કે ગામના ભાવિક શ્રાવકો કે ભાવિક યાત્રિકોના વચનને ગણકારતા જ નથી તેવાઓ તો ખરેખર આ તીર્થસેવાને સડાવનાર જ છે, અને તેવાઓની

પુષ્ટિ માટે તો એક અક્ષર પણ ભવભીરૂ મનુષ્ય લખી શકે નહિ, પણ કેટલુંક ધાન સળેલું નીકળે તેટલા માત્રથી બધું અનાજ ફેંકી ન દેવાય પણ સળેલા અનાજનેજ ફેંકવાનો પ્રયત્ન કરાય. તેવી રીતે તીર્થ સળાવનારાઓની સેતાનિયતથી તીર્થ-સેવાના સાધકોની કિંમત શ્રદ્ધાવાળા અને અક્કલવાળાઓથી ઘટાડાયજ નહિ, માટે તીર્થનો પ્રભાવ, તેની સેવા અને ચોમાસાને વખતે અનેક પ્રકારની આકરી આકરી થતી તપસ્યાઓને અજવાળામાં લાવવા માટે જ આ લખવામાં આવ્યું છે. ઇચ્છીએ છીએ કે ભાવિકવર્ગ આ હકીકત વિચારી તીર્થસેવાની ભાવનામાં વધારો કરશે.

---

હે ભગવાન! આખા વિશ્વમાં મેં અન્ય-તમારા સિવાય બીજા કોઈ પણ ધર્મનો ઉપદેશ કરનાર જોયા નથી. કારણ કે બીજાઓના ઉપદેશમાં હેય-ત્યાગ કરવા યોગ્ય અને ઉપદેશ-ગ્રહણ કરવા યોગ્ય તેના વિષયનું વિશિષ્ટ જ્ઞાન જ તેમનામાં નથી.

---

હે ભગવાન્ તમે નિશ્ચય પૂર્વક કહો છો કે આશ્રવો-ત્રિધા-મનવચન કાયાથી ત્રિધા-કરવું કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારથી હેય છે, અને સંવર ગ્રાહ્ય છે, એ સંક્ષેપથી આગમનો સાર છે અને અપર-બીજો વિસ્તાર છે.

# મનક-મનાક્ કે મહાન્

જૈનજનતામાં દશવૈકાલિક નામનું સૂત્ર સારી રીતે પ્રસિદ્ધ પામેલું છે. જો કે તે દશવૈકાલિકસૂત્ર જે મુનિમહારાજને માટે શ્રુતકેવલી મહારાજ શ્રીશય્યંભવસૂરિજીએ ઉદ્ધર્યું છે તે મુનિમહારાજની દીક્ષાની અને તે સૂત્રને અધ્યયન કરવાની વય માત્ર આઠ વર્ષનીજ છે એટલે કે તે શ્રીદશવૈકાલિકસૂત્ર રચના ચારિત્રને લાયકની જઘન્ય ઉંમરને માટે હોઈ તે ઘણીજ ટૂંકી હોય એ સ્વાભાવિક છે, તેમજ તે બાળકની આઠ વર્ષની વયે દીક્ષા લીધી ત્યારે આયુષ્યસ્થિતિ વિચારતાં ભગવાન્ શય્યંભવ-સૂરિજીને તે બાળકનું આયુષ્ય માત્ર છ માસ બાકી છે એમ માલમ પડયું અને તેથી તેવી આઠ વર્ષની ઉંમરે દીક્ષિત થએલો અને માત્ર છ મહિનાના આયુષ્યમાં સંયમમાર્ગની આરાધના કરે તે મુદ્દાએ દશવૈકાલિક સરખા લઘુસૂત્રની રચના કરવામાં આવી છે અને એ દશવૈકાલિકસૂત્રને દિગંબરો પણ સર્વાર્થસિદ્ધિ વિગેરે ટીકામાં અનંગપ્રવિષ્ટ સૂત્ર તરીકે જણાવે છે, અને તેને પરમમાન્ય શ્રુતસાગરનો એક અંશ ગણે છે છતાં આશ્ચર્યની વાત છે કે તે દિગંબર મતવાળા આગમોનો વિચ્છેદ માનવાની ધૂનમાં તેવા દશવૈકાલિક સરખા નાના અનંગપ્રવિષ્ટ સૂત્રનો પણ વિચ્છેદ માનવા તરફ દોરાઈ ગયા છે. બારીક દૃષ્ટિથી વિચારનારા-ઓને તો તે દિગંબરો તરફથી દશવૈકાલિકના વિચ્છેદની કહેવાતી વાત તે દશવૈકાલિકસૂત્ર હજારો જગો પર હાજર હોવાથી ગપ્પજ જેવી લાગે, પણ સ્થૂળદૃષ્ટિથી વિચાર કરનારાઓ પણ દિગંબરના પૂર્વાચાર્યો તરફ ઘણી જ ઘૃણાની નજરથી જુએ,

કારણકે–તે દિગંબરમતના ધુરંધર ગણાતા આચાર્યો એક આઠ વર્ષના છોકરાએ છ મહિનામાં અભ્યાસ કરાય એવો દશવૈકાલિક નામનો આગમનો અંશ સાચવી ન રાખ્યો તેઓને આગમ-ભક્તિને માટે શું કહેવું તે વચનના વિષયની બહાર છે. વાસ્તવિક રીતે તો સ્થૂળદૃષ્ટિવાળા પણ દશવૈકાલિકના વિચ્છેદની વાત સાંભળીને સ્પષ્ટપણે સમજી શકે કે તે લઘુવયના સાધુને થોડી મુદતમાં ભણવા લાયકનું દશવૈકાલિક નામનું શાસ્ત્ર સમર્થ આચાર્યો હોવાથી વિચ્છેદ થઈ શકે જ નહિ. પણ તે સમર્થ આચાર્યો કે તેના અનુયાયીઓને સૂત્ર ન માનવાનું હોવાથી વિચ્છેદના નામે ચઢાવી દીધું એવી રીતે જો કે દિગંબરમતવાળાઓ તે દશવૈકાલિક સરખા લઘુશાસ્ત્રને પણ માનતા નથી, તો પણ જૈનશાસનના દરેક શ્રદ્ધાળુઓ તેમજ તે શાસનમાંથી નીકળેલા બીજાઓ પણ તે દશવૈકાલિકસૂત્રની બરોબર માન્યતા રાખે છે, અને તેથી તે દશવૈકાલિકસૂત્રની ઉત્પત્તિના મૂળકારણભૂત લઘુમુનિને મનક–મનાક્ કહેવા કે મહાન્ કહેવા એ લેખ જરૂર વિચારવા લાયક થઈ પડશે.

૧ જે કુળની અંદર જૈનધર્મના પૂર્વથી સંસ્કાર ન હતા તેવા કુળમાં મહાપુરુષ મનકની ઉત્પત્તિ થવાની હોવાને લીધે જાણે પ્રભવસ્વામી મહારાજે દીક્ષાવસ્તુનું બીજ વાવ્યું હોય તેમ જેને માટે બન્યું તે મુનિ મનક–મનાક્ કેમ કહેવાય?

૨ જે લઘુમુનિ ગર્ભાવસ્થામાં પણ માતા પણ ન ઓળખી શકે તેવી સ્થિતિમાં હતા તેવે વખતે જેને ઘેર દીક્ષા-વસ્તુની છાયા પડી તે મુનિ મનક–મનાક્ કેમ કહેવાય?

૩ જે મુનિ માતા પણ બરોબર ન જાણી શકે તેવી સ્થિતિએ ગર્ભમાં હતા ત્યારે દીક્ષા વસ્તુથી ક્લેશની હોળીમાં સળગતા કુટુંબે હાયહોઈની લીલા ભજવી દીક્ષાવસ્તુ વ્યાપક બનાવી દીધી તે મુનિ મનક–મનાક્ કેમ કહેવાય?

૪ દીક્ષાની વિરૂદ્ધતાથી ઉદ્ધત બનેલા કુટુંબે જેઓશ્રીની માતાને દ્રવ્યદયાના દીર્ઘ નિઃશ્વાસથી ગર્ભવિષયક પ્રશ્ન કર્યો અને દીક્ષા વસ્તુને પ્રસરાવી તે મુનિ-મનાક્ કેમ કહેવાય?

૫ જે મુનિરાજની માતાએ તે દ્રવ્યદયાના દાબડાવાળા દિલોજાન કુટુંબને ગર્ભ સંબંધી પ્રશ્નના ઉત્તરમાં મનાક્ એટલે માગધીમાં '**मणय**' એમ કહ્યું. તે મુનિ મનક-મનાક્ કેમ કહેવાય?

૬ જે મુનિ મહારાજની માતા, પિતાના દીક્ષિતપણાને લીધે પતિના વિયોગે પણ સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરતી હતી તે મુનિ મનક-મનાક્ કેમ કહેવાય? (અર્થાત આચાર્ય મહારાજ શય્યંભવસૂરિએ સંસાર ત્રિવિધ ત્રિવિધે છોડી દીધો છે, છતાં સંસારવાળાઓએ તેમને કુટુંબમાલિકીમાંથી કાઢી નાખ્યા નથી અને એ જ કારણથી સંસારમાં રહેલી એકલી માતાની રજા વિના પણ નાની આઠ વર્ષ જેવી ઉંમરે ઘણા કોશ દૂર નાસી જઇને લીધેલી દીક્ષામાં શિષ્યનિષ્ફેટિકા ગણાઈ નથી.)

૭ જે મુનિરાજે ફક્ત આઠ વર્ષની ઉંમરે દીક્ષાની ભવિતવ્યતાની પ્રેરણાથી જ હોય નહિ તેમ માતાને સૌભાગ્યપણાને અંગે 'મારો પિતા ક્યાં છે?' એ પ્રશ્ન કર્યો એવી અનુકૂળ ભવિતવ્યતાવાળા મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય?

૮ જે મુનિરાજ માત્ર આઠ વર્ષની વયના હતા તે વખતે માતાએ દુર્લભબોધિપણાની લાયકના એવાં વાકચો કહ્યાં કે લુચ્ચા, પાખંડી શ્રમણો (સાધુઓ) તારા બાપને ભરમાવીને ઉઠાવી ગયા છે આવાં વાકચો માતા તરફથી સાંભળ્યાં છતાં પણ જેને શ્રમણ ભગવંતો તરફ અરુચિ

થઈ નહિ એટલું જ નહિ પણ શ્રમણ ભગવંતો તરફ સદ્ભાવ થવાને માટે શ્રમણ બનેલા પોતાના પિતા તરફ લાગણી દોરાઈ એ મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૯ જે મુનિરાજ આઠ વર્ષ જેવી નાની વયમાં શ્રમણ ભગવંત થએલા પિતાને મળવા માટે માને પૂછ્યા સિવાય શહેરમાંથી નીકળી જાય એ મુનિ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૦ જે મુનિરાજ આઠ વર્ષ જેવી નાની વયમાં શ્રમણ ભગવંત બનેલા પિતાને માટે એકલો ઘણા ગાઉ સુધી ચાલી નીકળે તે મુનિરાજ મનક-મનાક્ કેમ કહેવાય?

૧૧ જે મુનિરાજ આઠ વર્ષની લઘુવયે માતાને પૂછ્યા સિવાય છાનામાના શહેરમાંથી નાસીને કેઈ કોશ દૂર રહેલા શહેરની બહાર અચાનક શ્રમણ બનેલા પિતાને જ મળે તેવી અનુકૂળ સામગ્રીવાળા મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૨ જે મુનિરાજ લઘુ ઉંમરમાં નહિ ઓળખેલા એવા પણ શહેરની બહાર મળેલા શ્રમણ ભગવંત થએલા પિતાને વંદન કરવાને ભાગ્યશાળી થાય તે મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૩ જે મુનિરાજની જિજ્ઞાસા પોતાના શ્રમણ ભગવંત એવા પિતાને મળવાની હોવાથી વાસ્તવિક રીતે પિતા છતાં પણ તેમને પિતા તરીકે નહિ જાણવાથી મારા પિતાને તમે ઓળખો છો? એવો પ્રશ્ન કરી પિતાની પાસે જ પિતાના પ્રશ્નને પૂછવાની હિંમત ધરાવનાર મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૪ જે મુનિરાજ લઘુવયના હોવાથી તેમને તેમના પિતા જ પોતાની પિતા તરીકેની ખબર દેતા નથી, પણ શરીર

અને જીવનું જુદાપણું આગળ કરી શય્યંભવને આત્મા તરીકે ગણાવતા બોલનાર એવા શરીરની વક્તાપણાની પરિણતિને આગળ કરી તે તારા શય્યંભવ પિતા મારા એક અભિન્ન મિત્ર છે એમ જણાવવામાં આવ્યું તે મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૫ જે મુનિરાજ લઘુવયના છતાં પિતા છતાં પણ નહિ ઓળખાએલા ખુદ શય્યંભવ આચાર્યે પિતાને મળવાનું પ્રયોજન પૂછ્યું ત્યારે સ્વતંત્રપણે દીક્ષા લેવાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યો એ મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૬ જે મુનિરાજને પિતા તરીકે નહિ ઓળખાએલા એવા શય્યંભવ આચાર્યે પોતાની પાસે દીક્ષા લેવાનું જણાવ્યું તે વખતે પિતાની પાસે દીક્ષા લેવાનો આગ્રહ નહિ રાખતાં તે શય્યંભવ આચાર્યની પાસે દીક્ષા લેવાનું કબુલ કર્યું તે મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૭ જે મુનિરાજ લઘુવયના અને પિતાની પાસે દીક્ષા લેવાના અભિપ્રાયવાળા છતાં પણ અજાણ્યા એવા શય્યંભવ આચાર્યની સાથે દીક્ષા લેવા ઉપાશ્રયે આવે છે તે મુનિરાજ મનક–મનાક્ કેમ કહેવાય?

૧૮ જે મુનિરાજ લઘુવયમાં પણ અજાણ્યા એવા શય્યંભવ આચાર્યની સાથે ઉપાશ્રયે આવી પિતાની ખોળને ભૂલી જઈ માત્ર શ્રમણપણાને જ વધાવી લે છે તે મુનિરાજ મનક-મનાક્ કેમ કહેવાય?

૧૯ જે મુનિરાજના લઘુવયે દીક્ષા થયા પછી લઘુવય છતાં પણ આ મુનિરાજનું આયુષ્ય કેટલું છે એવું તપાસવાની શય્યંભવ આચાર્યને વૃત્તિ થઇ તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય?

૨૦ જે મુનિરાજને માટે છેલ્લા દશપૂર્વીએ કે છેલ્લા ચૌદપૂર્વીએ

કરાતું ઉદ્ધારનું કાર્ય છેલ્લા નહિ એવા શય્યંભવસૂરિજીએ કર્યું તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય?

૨૧ જે મુનિરાજને માટે વિકાલ થતાં પણ સૂત્રનો ઉદ્ધાર કરવામાં આવ્યો તે મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય?

૨૨ જે મુનિરાજે શય્યંભવસૂરિજીએ દશવૈકાલિક શાસ્ત્રનો છ માસ જેવી મુદતમાં અભ્યાસ સંપૂર્ણ કર્યો તે મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય?

૨૩ જે મુનિરાજે આઠ વર્ષ જેવી લઘુવય છતાં પણ છ માસમાં સંયમની યથાસ્થિત આરાધના કરી તે મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય?

૨૪ જે મુનિરાજને છ માસમાં યથાસ્થિત સંયમની આરાધના થવા માટે શ્રીશય્યંભવ આચાર્ય સરખા પુત્રવત્સલ પિતાએ પુત્ર તરીકેની જાહેરાત ન કરી એ મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય?

૨૫ જે મુનિરાજની લઘુવયે અને લઘુપર્યાયે આરાધના થએલી હોવાથી શય્યંભવ આચાર્ય સરખા શ્રુતકેવલી મહારાજને પણ આશ્ચર્યની સાથે આનંદના આંસુ આવે તે મુનિરાજ મનક-મનાક્ કેમ કહેવાય?

૨૬ જે મુનિરાજની અજ્ઞાત ગુરુપુત્રપણાની સ્થિતિને જેમના કાળ પછી જાણીને યશોભદ્રસુરરિજી વિગેરે સમર્થ આચાર્યાદિકોને પણ વેયાવચ્ચ વિગેરે કરવાનો લાભ ન મળ્યો તેમાં પશ્ચાત્તાપ થાય એ મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય?

૨૭ જે મુનિરાજને આચાર્ય મહારાજ શય્યંભવસુરિજી સરખા એ છ માસ સુધી અભ્યાસ કરાવ્યો છતાં તે અભ્યાસનું શાસ્ત્ર જે દશવૈકાલિક તે સૂરીશ્વરજી પાસે સતત સેવામાં રહેવાવાળા શ્રી યશોભદ્ર મહારાજ વિગેરેને પણ જાણવામાં ન આવ્યું અને તેનો અભ્યાસ છ માસ સુધી કરાવ્યો

અને કયો એ મુનિરાજ મનક્ર-મનાક્ કેમ કહેવાય?

૨૮ જે મુનિરાજના છ માસ જેટલા ટુંક સમયમાં સંયમની આરાધનાપૂર્વક કાળધર્મ થયા પછી તેને માટે ઉદ્ધરેલા દશવૈકાલિનું સંહરણ કરવાને માટે થએલો શય્યંભવસુરિનો વિચાર શ્રીયશોભદ્રસુરિ વિગેરે શ્રમણસંઘે વિનંતિ કરી રોકી દીધો એ મુનિરાજ મનક-મનાક્ કેમ કહેવાય?

૨૯ જે મુનિરાજ દશવૈકાલિકના બહાને પાંચમા આરાનાં છેડા સુધી પોતાની સત્તા સાબીત કરશે તે મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય?

૩૦ જે મુનિરાજ માત્ર આઠ વર્ષની વયે દીક્ષિત થએલા અને કેવળ છ માસ જેટલાં ટુંક વખત સુધી ચારિત્ર પ્રર્યાયમાં રહેલા છતાં તેમને નામે ચૌદપૂર્વધર શ્રુતકેવલી શય્યંભવસૂરિની પ્રસિદ્ધિ થાય અને મનક પિતા તરીકે શ્રીપર્યુષણાકલ્પ વિગેરેમાં સ્થવિરાવલીમાં લખાય એ મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય?

**નોંધ**—મુનિરાજ મનકની દીક્ષા જે આઠ વર્ષની વયે જે કહેવામાં આવે છે તે આઠ વર્ષ પુરાં થઈ ગએલ સમજવા નહિ, પણ માત્ર સાત પુરાં થઈને આઠમું વર્ષ ચાલતું હતું તે વખતે દીક્ષા થએલી છે એમ સમજવું, કારણ કે જો એમ ન હોય તો શ્રીનિશીથભાષ્ય અને પંચકલ્પભાષ્યમાં જન્મ પછી આઠ વર્ષ પૂર્ણ થએ દીક્ષા માનનારા પક્ષની અપેક્ષાએ પણ તે મનક મુનિજીની દીક્ષાને અપવાદ તરીકે ગણત નહિ. યાદ રાખવું જરૂરી છે કે જે જે પક્ષ જે જે માન્યતા ધરાવે તે તે પક્ષ તે તે માન્યતાની અપેક્ષાએ જ ઉત્સર્ગ અપવાદને બાધિત કરવા કોઇ સમજુ પુરુષ તૈયાર થાયજ નહિ. આ લેખમાં જણાવેલી હકીકત બાળદીક્ષાને પોષણ કરનાર થાય તેના કરતા તે મુનિરાજની મહત્તા વધારે પોષણ કરનાર છે અને તેજ ઉદ્દેશ આ લેખનો રાખવામાં આવેલો છે.

# આષાઢ ચતુર્માસી પર્વની મહત્તાનાં કારણો

જગતમાં સામાન્ય રીતે સર્વ આર્યલોકો કાર્તિકી, ફાલ્ગુની અને આષાઢી એમ ત્રણ ચોમાસીઓ માને જ છે, અને જૈનજનતામાં પણ જે શાસ્ત્રો મનાએલાં છે તેમાં પણ અસલથી એ કાર્તિકી વિગેરે ત્રણ ચોમાસીઓ મનાએલી છે, છતાં પણ સર્વ આર્યપ્રજા અને સામાન્ય રીતે જૈનજનતા કાર્તિકથી અને ફાલ્ગુનથી જ શરૂ થતા ચોમાસાને ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તથા જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ ચોમાસાં માને છે છતાં તે કાર્તિક મહિને અને ફાલ્ગુન મહિને ચોમાસાં બેઠાં એમ બોલવાનો વ્યવહાર કરતા નથી પણ આષાઢ મહિનાની ચોમાસીની વખતે વરસાદની શરૂઆત થાય ત્યારે જ સર્વ આર્યલોકો અને સામાન્ય જૈનજનતા ચોમાસું બેઠું એમ વ્યવહાર કરે છે. જો કે ચોમાસી શબ્દના અર્થથી વિચારીએ તો ચાર માસના સમૂહને ચોમાસી કહેવાય અને તેથી કાર્તિક અને ફાલ્ગુનને પણ ચોમાસું બેઠું એમ કહેવામાં ચોમાસી શબ્દના અર્થની કોઈ પ્રકારે સ્ખલના થતી નથી. છતાં આષાઢ મહિને ચોમાસું બેઠું એમ જે વ્યવહાર પ્રવર્ત્તેલો છે. તે ચોમાસીશબ્દના અર્થની અપેક્ષાએ નથી, પણ ત્રણે ચોમાસામાં આષાઢ ચોમાસું જ દુનિયાદારી અને ધાર્મિક દૃષ્ટિએ તત્ત્વરૂપ હોઈ આષાઢ માસમાં જ ચોમાસાનો વ્યવહાર કરવામાં આવે છે, કોઈ પણ જિજ્ઞાસુ કોઈ પણ મુનિમહારાજ વિગેરેને પ્રશ્ન કરે છે ત્યારે પણ એમ જ કહે છે કે–આપ ચોમાસું ક્યાં કરવાનાં છો ? અથવા ગયે વર્ષે ક્યાં ચોમાસું કર્યું હતું ? અને વિનતિ કરવા તરીકે પણ જ્યારે 'અમારે ત્યાં ચોમાસું

કરો' એમ કહે છે ત્યારે તે સર્વમાં આષાઢી ચોમાસીનું જ લક્ષ્ય હોય છે, અને ઉત્તર દેનાર મુનિમહારાજ પણ તે આષાઢના ચોમાસાના વર્ષથી જ તેના ઉત્તરો અને વિનતિનો સ્વીકાર કરે છે. આ બધી વસ્તુને વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે આવા આષાઢના ચોમાસાને જ ચોમાસી કહેવાના વ્યવહારમાં તે આષાઢ ચોમાસીના તાત્ત્વિકપણાની લૌકિક અને લોકોત્તર દષ્ટિએ છાયા છે. તેમાં લૌકિક દૃષ્ટિએ કાર્તિકી અને ફાલ્ગુની ચોમાસાની અંદર જીવનનાં સાધનો અને અન્નપાણીની જરૂરીઆત પૂરી પાડનાર જો કોઈ પણ ચોમાસું હોય તો તે આષાઢ ચોમાસું જ છે. આ વાતને સમજવા માટે પાદશાહે બીરબલને સત્તાવીસમાંથી નવ જાય તો કેટલા રહે? એવા પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં બીરબલે જે 'કાંઈ પણ ન રહે' એમ કહ્યું હતું. અર્થાત્ બારે મહિનાના સત્તાવીસ નક્ષત્રોમાં નવ નક્ષત્રો વરસાદના ગણાય છે અને તે નવ નક્ષત્રમાં જો વરસાદ ન આવે તો અઢાર નક્ષત્રો બાકીના રહ્યા છતાં પણ કાંઈપણ ન રહ્યું એમ સ્પષ્ટ કર્યું, તેવી રીતે આષાઢ ચોમાસીમાં જો અન્ન અને જલનો યથાયોગ્ય સંભવ ન થાય તો કાર્તિક અને ફાલ્ગુનના ચોમાસાં જ વ્યર્થ જ જાય, અને તેથી આષાઢની ચોમાસીને જ લોકોએ ચોમાસા તરીકે ગણી, અને તેજ કારણ લૌકિક દૃષ્ટિની પ્રધાનતાએ વ્યવહાર કરવાવાળા લોકોમાં આષાઢ મહિનાનો પણ ચોમાસું બેસવાનો નિયમ ન રાખતાં જેઠ મહિને પણ વરસાદની શરૂઆત થાય તો ચોમાસું બેઠું એમ વરસાદની અપેક્ષાએ કહે છે, પણ લોકોત્તર દષ્ટિની અપેક્ષાએ વિચાર કરીએ તો કાર્તિક મહિનાથી માંડીને આષાઢ મહિના સુધીના આઠ મહિનાના સમયમાં એકેક મહિનો જ રહેવાનો હોય છે, પણ સાધુ મહાત્માઓને મહિનાથી અધિક

રહેવાનો જો કોઈપણ વખત હોય અને તેને લીધે શ્રમણોપાસક વર્ગને ગુરુમહારાજની લાગલાગટ ચાર માસ સુધી પર્યુપાસના કરવાનો અને જિનેશ્વર મહારાજના વચનરૂપી અમૃતનું લાગલાગટ ચાર માસ સુધી પાન કરવાનું બની શકતું હોય તો તે ફક્ત આષાઢ ચોમાસીમાં જ બની શકે છે, કેમકે શાસ્ત્રકારે કાર્તિક વિગેરે આઠ મહિનામાં વગર કારણે મહિનાથી અધિક રહેવાની મનાઇ કરી છે, પણ આષાઢ ચોમાસીના ચાર માસમાં વગર કારણે વિહારની જ મનાઈ કરેલી છે. આ ઉપરથી લોકોત્તર દૃષ્ટિને ધારવાવાળા જૈનો આષાઢ મહિનાથી શરૂ થતા ચોમાસાને જ ચોમાસા તરીકે વ્યવહાર કરે તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી, પણ આ ઉપરથી આષાઢ ચતુર્માસ કરનારા સાધુમહાત્માઓએ તે તે આષાઢ ચોમાસાના ક્ષેત્રોમાં વસ્ત્ર, પાત્ર, કંબલ, પુસ્તક, પંડિત વિગેરેના ખર્ચોથી ક્ષેત્રને નીચોવવા જેવું નહિ કરતાં ખરેખર ચોમાસાના લાગલાગટ ચાર માસ સુધી શ્રોતા અને શ્રદ્ધાળુ શ્રમણોપાસક વર્ગને ત્રિલોકનાથ તીર્થંકરના વચનામૃતનું પાન અખંડ રીતે કરાવવું જોઈએ. ધ્યાન રાખવાની જરૂર છે કે આષાઢ ચતુર્માસ સિવાયના વખતમાં સાધુમહાત્માનો લાંબો સમાગમ ન હોવાથી જ તે શ્રદ્ધાળુ અને શ્રોતા એવા શ્રમણોપાસકવર્ગને પ્રકરણોના અભ્યાસનું અને સૂત્રોના રહસ્યને સાંભળવાનું મળી શકે નહિ, પણ આ ચોમાસાના લાંબા ટાઈમમાં શ્રદ્ધાળુ અને શ્રોતા એવા શ્રમણોપાસક વર્ગને મોક્ષના મુખ્ય સાધનભૂત સામાયિક, પ્રતિક્રમણ, પૌષધની ક્રિયામાં જોડવા સાથે પ્રકરણોનો રહસ્ય સાથે અભ્યાસ કરાવવો અને ત્રિલોકનાથ તીર્થંકરના વચનામૃતનું પાન કરાવવું, અને જે શ્રમણોપાસકવર્ગ શ્રદ્ધાળુપણાની ખામીવાળો હોય તેને મધુર, શાંત અને શાસ્ત્રાનુસારી વચનોથી યથાસ્થિત તત્ત્વ

સમજાવી શ્રદ્ધાળુ શ્રોતા બનાવવા જોઈએ. મુનિ મહારાજના સમાગમમાં એક દિવસ અને એક વખત પણ આવવાવાળો ભવ્યજીવ ભવોદધિના ઉદ્ધારના સાધનો મેળવી શકે એમ અનેક શાસ્ત્રીય દૃષ્ટાંતો અને અનુભવથી પણ કાંઇક અંશે સિદ્ધ થએલું છે, તો પછી ચાર મહિના જેવા લાંબા ટાઈમની સ્થિરતા છતાં શ્રમણોપાસકવર્ગમાંથી એક પણ વ્યક્તિ શ્રદ્ધાળુ અને શ્રોતાપણાથી બેનસીબ રહે તો તે સાધુ મહાત્મા અને શ્રમણોપાસકવર્ગ બંનેને વિચારવા જેવું છે. જોકે શ્રમણોપાસકવર્ગે સાધુ મહાત્માઓના જ્ઞાન, દર્શન અને ચારિત્રના આરાધન અને વિકાસને માટે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, કંબલ, પુસ્તક, પંડિત, ઉપાશ્રયઆદિની સગવડ કરવી તે તેમની ફરજ જ છે, પણ ચોમાસું રહેનાર સાધુ મહાત્માઓએ જેમ બને તેમ તે શ્રમણોપાસકવર્ગના ભાવોનો ઉલ્લાસ રહે તેમ વર્તવું જોઇએ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે આષાઢ ચોમાસીના વખતમાં વરસાદના સંજોગને અંગે ઉપાશ્રયના ચોકમાં, માત્રા કે ઠંડિલની જગ્યામાં લીલોતરી અને લીલફૂલ થવાનો ઘણો સંભવ હોય છે, અને તેમાં જો શ્રમણોપાસક-વર્ગ વરસાદની શરૂઆત થવા પહેલાં જો તે લીલોતરી અને લીલફૂલ નહિ થાય તેવો ઉપયોગ કરી લે છે, તો શ્રમણ અને શ્રમણોપાસકના બંને વર્ગો જીવોની વિરાધનાથી બચી જાય છે. શ્રમણોપાસક અને શ્રમણવર્ગે લીલફૂલના એક સોય જેટલા ભાગમાં પણ અનંત જીવો સ્પષ્ટપણે માનેલાજ છે, તો પછી તેવી લીલફૂલ થવાના સ્થાનકે રાખ, ચૂનો, કાંકરી કે એવી ચીજનો ઉપયોગ પહેલેથીજ કરી લીધો હોય તો લીલફૂલની વિરાધના થતી બચી જાય. શ્રમણોપાસકવર્ગ અનંત જીવની વિરાધનાના ભયે કંદમૂળને છોડવાવાળો હોય

છે, છતાં ચિકટા ભાજનો અને સ્થાનોને માટે ચૂના વિગેરેનો ઉપયોગ ન કરવાથી અનંતકાયની સજ્જડ વિરાધના કરવાવાળો થાય છે, માટે તે બાબતનો શ્રમણ અને શ્રમણોપાસકવર્ગે ખ્યાલ રાખી વિરાધનાથી બચવાની જરૂર છે. આવી રીતે વિરાધનાનો પ્રસંગ અને વિરાધનાથી બચવાના પ્રયત્નનું સ્થાન આ આષાઢ ચતુર્માસી હોવાથી અને ઉપર જણાવેલાં કારણોથી લોકોત્તર દૃષ્ટિએ આષાઢથી શરૂ થતી ચોમાસીને ચોમાસી કહેવામાં આવે છે.

હે જિનેશ્વર ભગવાન્! નિત્યવેરવાળા એવા બ્રાહ્મણોને ગણધરપદથી અલંકૃત કર્યા અને જે સાંસારિક સંબંધે જમાઈ અને ભાણેજના સંબંધવાળા જમાલીને ગણ-ગચ્છથી બહાર કર્યો.

હે ભગવાન્! મન્દબુદ્ધિવાળો પણ ફળ વગરના કાર્યને કરતો નથી એવી લોકમર્યાદા છે. તો તમે સર્વજ્ઞ-સર્વ વસ્તુને જાણનાર દેશનાથી કોઈ પણ વિરતિ રૂપ ફળ પામશે નહિ તેમ જાણવા છતાં તમે પ્રથમ ઉપદેશ-દેશના આપી.

હે ભગવાન્! તમે સર્વ વસ્તુને જાણનાર સર્વજ્ઞ અને સર્વથા રાગરહિત હોવા છતાં પણ રાજાને બોધ પમાડવા માટે સેંકડો યોજન દૂર ગયા પણ મને એક વચન પણ આપતા નથી-સંભળાવતા નથી. અર્થાત્ મને બોધ પમાડો.

# મહાસતી મયણાસુંદરીની મનનીય મનોદશા

જૈનજનતા એ હકીકત તો સારી પેઠે જાણે છે કે શ્રીમયણાસુંદરીએ ભરસભામાં પોતાના રાજેશ્વરી પિતાની આગળ તે પિતાનાજ પ્રભાવને દબાવીને કર્મવાદનાજ પ્રભાવને આગળ કર્યો અને તેજ કારણથી રાજ્યમદમાં અંધ બની કર્તુંમ્ અકર્તુંમ્ અને અન્યથાકર્તુંમ્‌ની ભાવનાના આકાશચુંબી શિખર ઉપર ચઢેલા તે રાજેશ્વરી પિતાએ ન ગણી કુળની શોભા, ન ગણ્યો કુટુંબક્લેશ, ન દરકાર રાખી ધર્મના પ્રભાવની, ન વિચાર્યું સાહસનું પરિણામ, પણ કેવળ પોતાના પ્રભાવને નહિ ગણનાર પોતાની ખુદ પુત્રી ઉપર પ્રજાવત્સલપણું તો રહ્યું પણ સંતતિવત્સલપણું પણ વિસારીને તે રાજવૈભવમાં ઉછરેલી, જેને રૂંવાડે પણ રોગનો અંશ નથી એવી પોતાની પુત્રીને દરિદ્રપણામાં ડૂબી રહેલા, સ્થાન સ્થાન ઉપર ભીખ માગનારા અને સકળ અંગોપાંગ કોઢથી જેના ગળી ગએલા છે અને જેનો આખો પરિવાર પણ કોઢના કઠિન પંજામાં સળતો રહેલો છે તેવા એક પરદેશી અજાણ્યા દરિદ્ર કોઢિઆની સાથે પરણાવી દે છે.

આવી રીતે રાજાના કરેલા સાહસિક કાર્યને અંગે જગતના સ્વભાવ પ્રમાણે દુન્યવી ફાયદાને અંગે કરાતી ગમે તેવા કાર્યની પ્રશંશા અને દુન્યવી નુકશાનને અંગે ગમે તેવા ઉત્તમ કાર્યને અંગે નિંદા કરવાનો સ્વભાવ હોય છે તે પ્રમાણે તે નગરીના વિવેકશૂન્ય લોકોને તે મયણાસુંદરીની હાલત કોઢીઆની સાથે વરવાનું થવાથી ખરાબ લાગી અને પોતાના અવિવેકનોજ જાણે જગતમાં ચંદરવો બાંધતા હોય

નહિ તેમ તે પુદ્ગલપરાયણતામાં પોઢેલા તે અવિવેકી લોકોએ રાજાની કૃતિને પસંદ કરવાને અંગે કહો કે પોતાની પૌદ્ગલિક ભાવનાના પ્રભાવને અંગે કહો, ગમે તે કારણથી હો, પણ તે મયણાસુંદરીના તેમની દૃષ્ટિ પ્રમાણે થએલા હિતના નુકશાનને જાણ્યા છતાં પણ તે કુંવરી તરફ દયાની નજર કરી શક્યાજ નહિ એટલુંજ નહિ પણ તેઓની દૃષ્ટિ પ્રમાણે પણ દયાને પાત્ર બનેલી મયણાસુંદરી ઉપર પણ આખી રાજસભાએ આખા કુંટુંબે, અને શહેરના સમગ્રલોકોએ તિરસ્કાર વર્તાવવામાં કમીના રાખી નહિ એટલું જ નહિ, પણ સુકાંની સાથે લીલું પણ બાળવામાં આવે તેવી રીતે તેમની દૃષ્ટિએ દયાને પાત્ર બનેલી કુંવરી ઉપર તિરસ્કાર વરસાવતાં વિમળ વિવેકના વહેળાને વહેવડાવનાર, સત્ય તત્ત્વના સૂર્યનો ઉદય કરનાર, જડચેતનનો વિભાગ સમજાવી વાસ્તવિક વસ્તુતત્ત્વને ઓળખાવનાર એવા શ્રીમયણાસુંદરીના ઉપાધ્યાય ઉપર પણ તિરસ્કાર વરસાવવામાં કમીના ન રાખવા સાથે ભવાંતરનું ભાથું, શિવની નિસરણી, ભવોદધિનું પ્રવહણ અને આત્માની અવ્યાબાધ જ્યોતિને ઝળકાવનાર જૈનધર્મની નિંદા કરવામાં પણ તે અવિવેકી લોકોએ એક સજ્જનતાની ખાતર પણ વિવેકનો છાંટો દેખાડ્યો નહિ.

આવી વખતે પણ ધર્મના સત્યતત્વને પ્રગટ કરવાની વખતે શાસ્ત્રકારોએ ઉન્માર્ગે રહેલો જીવ રોષાયમાન થાય કે ઝેર ખાય તોપણ યથાસ્થિત વસ્તુની નિરૂપણા કરનારે તેની દરકાર નહિ કરતાં વસ્તુના સત્યતત્ત્વનીજ દરકાર કરવી એવા શાસ્ત્રીય તત્વને આગળ કરીને કેટલાક અવિવેકીઓ તરફથી કોઇપણ વ્યક્તિના તિરસ્કારને માટે કહેવાતું વચન એ સત્ય હોય તોપણ મૃષાવાદ છે એવી શાસ્ત્રકારોની આજ્ઞાનો

અવળો અર્થ કરી જૂઠાને મીઠું બનાવનારા હજારો લોકોની રાજદરબારી પુરૂષોની કે ખુદ પોતાનાજ જનેતા અને પાલનહાર પિતા આદિ કુટુંબની વિરૂદ્ધતાની એક અંશે પણ, દરકાર તે મયણાસુંદરીએ કરી નહિ. એવી ધર્મથી રંગાએલી અને ઈતર કારણોને કારણ તરીકે માનતા છતાં પણ તે કારણોની કર્મના ફળને આધીન સ્થિતિ હોવાથી ગૌણતા ગણીને મુખ્ય ફળ દેનાર એવું જે કર્મ તેમજ ચૌદરાજલોકના જીવો ઉપર જેનો પ્રભાવ પડી રહ્યો છે તેવા તે કર્મને પ્રબળ કારણ તરીકે ગણતી તે મયણાસુંદરી પોતાના પિતાએ ક્રોધથી પણ વરાવેલા વરને કબુલ કર્યો અને તે કોઢીઆ અને કોઢીઆનાજ પરિવારથી વિંટાએલા તેવા શ્રીશ્રીપાલની સખત મનાઈ છતાં પણ કેવળ કર્મવાદની પ્રધાનતાને અવલંબેલી તે રાજપુત્રીએ તેજ વરને જિંદગીને માટે કબુલ કર્યો અને તેજ વરને સાથે લઈને પોતાના પવિત્ર વાદ અને વ્રતને ઝળકાવવા તે રાજકુંવરી કટિબદ્ધ થઈ. જગતમાં જે જીવો કર્મવાદની યથાર્થ પ્રધાનતાને સમજતા નથી તે જીવોને બનવું જોઈએ અને બને છે તેમ ન હઠાવી શકાય તેવી આપત્તિને પ્રસંગે બારે માસ અને ત્રીસે દિવસ કરાતી પણ ધર્મક્રિયા ભૂલી જવાય છે અને તે ધર્મક્રિયાનું ભૂલાવું તેજ સ્પષ્ટ કરી આપે છે કે બારે માસ અને ત્રીસે દિવસ કરાતી ધર્મક્રિયા કર્મવાદની પ્રધાનતાને અંગે નહિ પણ ગતાનુગતિકપણે, કુલાચારપણે, લાજ શરમથી કે પૌદ્ગલિક કોઈપણ પદાર્થના લાભની દૃષ્ટિએ માત્ર તે કરાતી હતી, પણ તે કરવામાં શુભ કર્મની કે કર્મના ક્ષયોપશમઆદિની પ્રધાનતા હતીજ નહિ અને કદાચ પરમ શુશ્રૂષાના પ્રભાવે સાંભળેલા તત્ત્વમય શાસ્ત્રોથી કોઈક વખત તેવી પ્રધાનતા આવી હોય તો તે પણ આવી આપત્તિને વખતે તો વિખરાઈ

ગયેલીજ હોય છે અને તેને લીધેજ જગતના જીવો તત્ત્વદૃષ્ટિથી નિહાળે તો દેખી શકે છે કે કોઇપણ જાતના વ્રત, નિયમ વિગેરે કરનારા મનુષ્યો આપત્તિ વખતે ધર્મની વાસનાને પણ છોડી દેવાના કરારો તે લેતી વખત સંપૂર્ણપણે કરે છે એટલુંજ નહિ પણ આપત્તિની વખતે તેનો પુરેપુરો અમલ કરવામાં પણ ચૂકતા નથી, અને આજ સ્થિતિ દેખીને વિચારનારા મનુષ્યો દુનિયામાં ગણાતા ત્યાગી, વૈરાગી, ધર્મિષ્ઠ કે પૂજાપ્રભાવનામાં પરાયણ એવા પ્રાણીઓના મરણને બગડતી સ્થિતિમાં દેખી તેનું કારણ કર્મવાદપરાયણતાની ખામીને સ્પષ્ટપણે સમજી શકે તેમ છે.

પણ આ ઉપર જણાવેલી કર્મવાદના રંગમાં રંગાએલી ધર્મની ધુંસરીને ધારનારી, તત્વની દૃષ્ટિને શણગારવામાં શૂરવીર બનેલી એવી શ્રીમયણાસુંદરી તેવા અવિવેકી લોકોની દશામાં દોરવાઇ જઇને ધર્મને ધક્કો મારનારી થઈ નથી પણ તેવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આપત્તિને વખતે પણ અને અવિવેકી પુરુષો તરફથી પોતાને અંગત, ઉપાધ્યાય અને ધર્મને માટે વિરોધીપણાના વહેણાં વહેવા માંડ્યાં છતાં પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના દર્શન અને અવદ્યરહિત માર્ગમાં પોતે પ્રવર્તી બીજાને પણ તેમાં પ્રવર્તાવનાર એવા ગુરુમહારાજનું વંદન કરવાનું તે ભાગ્યવતી રાજકુંવરી મયણાસુંદરી ચૂકી નથી.

આ ઉપરથી જેઓ સારી સ્થિતિમાં પણ દેવદર્શનથી બેનસીબ રહે છે અને ગુરુવંદનથી વંચિત થાય છે તેઓ કઇ કોટિમાં અને કઇ સ્થિતિમાં મુકાય તે વિચારવાનું વાચકનેજ સોંપીએ છીએ. વગર કસોટીએ પણ જે કાળું પડે તેમાં સોનાપણાની આશા રાખનારો મનુષ્ય જેમ અક્કલથી

દૂર રહેલોજ ગણાય તેમ વગર આપત્તિના પ્રસંગે પણ દેવદર્શનથી બેનસીબ અને ગુરુવંદનથી વંચિત રહેનારા પુરુષોમાં જૈનત્વની સંભાવના કરનારો મનુષ્ય પણ અક્કલથી સેંકડો કોશ દૂર ગણાય તેમાં આશ્ચર્ય નથી, અને જો એવા દેવદર્શનથી બેનસીબ અને ગુરુવંદનથી વંચિત રહેનારાઓને જૈન માનવામાં પણ જો અક્કલહીનપણું હોય તો પછી તેવા દેવદર્શનથી બેનસીબ અને ગુરુવંદનથી વંચિત તો શું પણ દેવના દૂષણો અને ગુરુના અવગુણો યેનકેન પ્રકારેણ ખડા કરનારા હોય તેવાઓને જૈન તરીકે માની તેવાઓને માટે મોટી મોટી સાહેબીવાળાં મકાનો, આવનારાં છોકરાંઓએ જન્મે પણ ન દેખેલી તેવી સારી સારી ખાવાપીવાની સગવડો, ઘેર જતાં તેમનાં માબાપને ભારે પડે તેવી રીતની કરાતી પોષાક અને માવજતની સગવડો એ ખરેખર તેવાને માટે તેવું કરનારાની અવિવેક દશાની ટોચ છે. આ ઉપરથી શ્રાવકોને મદદ નહિ કરવી એવો ઉદ્દેશ એક અંશે પણ સમજવાનો નથી, પણ તે મદદથી મહાલનારા ગણાતા જૈન કે તેના સમુદાયને સંચાલન કરનાર કે મદદ કરનાર મહાપુરુષોએ ત્રિલોકનાથ તીર્થંકરના દોષ કહેવામાં કે પરમતારક ગુરુમહારાજોના અવગુણો ગણવામાં અક્ષમ્ય દોષ ગણી તેના નિવારણને માટે ઉત્કટ પ્રયત્નની જરૂરી ગણવી જોઇએ અને તે એટલે સુધી કે જો તે પ્રયત્ન સફળ ન થાય તો તે મદદનું દેવું કે લેવું, સંચાલન કરવું કે કરાવવું એ સર્વને તિલાંજલિ આપી દેવા તૈયાર થવુંજ જોઇએ. યાદ રાખવાની જરૂર છે કે દેવગુરુના દૂષણોને બોલનારા ભવાંતરે દુર્લભબોધિ હોવા સાથે આ ભવમાં પણ સમ્યક્ત્વરત્નથી રહિતજ છે અને તેવાઓનું શ્રાવક કે જૈનને નામે પોષણ કરવામાં શ્રાવકપણા કે જૈનપણાને એક અંશે પણ શોભા દેનારૂં નથી.

આ સ્થળે કર્મવાદની પ્રધાનતા જાહેર કરવાને પ્રતાપેજ ભાગ્યવતી મયણાસુંદરીના સાંસારિક સોગોને સૂર્ય આથમી ગયો છે અને દુઃખના દરિયામાં ડૂબકીઓ ખાવામાં બાકી રહી નથી, તો પણ તે સાંસારિક સ્થિતિથી કફોડી દશા પૂર્વ-ભવમાં ઉપાર્જન કરેલાં કર્મોનેજ આભારી છે પણ વર્તમાનમાં કરાતો ધર્મ તે કફોડી દશાના અંશે પણ કારણભૂત નથી એટલુંજ નહિ પણ તે કફોડી દશાના કારણભૂત કારમા કર્મોને કાપવાને કઠિનતમ કુહાડો જો હોય તો તે આ ત્રિલોકનાથ તીર્થંકરનું વંદન, દર્શન અને ભવોદધિતારક ગુરુમહારાજનું વંદન વિગેરે ધર્મક્રિયાજ છે અને તેથી રોગી મનુષ્ય રોગના હલ્લાની વખત જેમ દવા મેળવવા તીવ્ર પ્રયત્ન કરે તેમ ઉત્કટ આપત્તિને વખતે તો દેવના દર્શન અને ગુરુના વંદન તરફ તીવ્ર પ્રયત્નની જરૂર છે અને તેથી તે આ વખતે તો અવશ્ય કર્તવ્ય છે એમ ગણનારી તે ભાગ્યવતી શ્રીમયણાસુંદરી ત્રિલોકનાથ તીર્થંકરના દર્શન અને ભવોદધિતારક ગુરુમહા-રાજના વંદનને માટે તૈયાર થઈ. સમુદ્રમાં દાખલ થએલી હોડી પોતાના પ્રભાવે લોઢાને પણ તારે છે તેવી રીતે સજ્જનના ગૃહમાં ગૃહલક્ષ્મી તરીકે દાખલ થએલી કેટલીક ભાગ્યવતી સ્ત્રીઓ પણ પોતાના ધર્મિષ્ઠપણાની છાપ પોતાના સમગ્ર કુટુંબ ઉપર પાડવા સાથે પોતાના ભર્તાર ઉપર તો જરૂર પાડે છે. તેવીજ રીતે આ કર્મપ્રધાનમાં પરાયણ થએલી મહાસતી મયણાસુંદરીના યોગે પણ જન્મમાં પણ જિનેશ્વરના દર્શન નહિ કરેલાં અને ગુરુવંદન મેળવવાને ભાગ્યશાળી નહિ થએલા એવા શ્રી શ્રીપાળને પણ ભગવાન્ જિનેશ્વરના દર્શન અને આરાધ્યતમ ગુરુમહારાજના વંદનનો લાભ સતી શિરોમણિ મયણાસુંદરીને લીધેજ મળ્યો. સ્પષ્ટપણે સમજી

શકાશે કે ભર્તારની સ્થિતિ ધર્મરહિતપણાની હોય તેવે વખતે ભર્તારની સ્થિતિમાં મળતા થવા માટે ધર્મને ધક્કો મારવો એ સતીપણાનું લક્ષણ નથી પણ ભર્તારને સાથે લઈને પોતે અવશ્ય ધર્મમાર્ગમાં પ્રવર્તવું તેજ સતીપણાને શોભા દેનારૂં છે.

## દેવદર્શન અને ગુરુવંદન

બાહ્યદૃષ્ટિથી લોકોથી નિંદા પામેલી, કુટુંબથી વિખૂટી પડેલી, એક પરદેશી નિર્ધન અને રોગી ટોળાંના એક કોઢીઆ ભર્તારને વરેલી શ્રી મયણાસુંદરી કર્મનાં કારણો, તેનાં ફળોને સમજતી હોવાથી, તેમજ તે સમજણ તન્મયતા પ્રાપ્ત થએલી હોવાથી આવા અત્યંત શોચનીય સંજોગોમાં પણ આર્તધ્યાનને અંશે પણ અવકાશ આપતી નથી, કારણ કે પાપકર્મના ઉદયથી આવેલાં દુઃખોને અનુભવતી વખત મનુષ્ય જો આર્તધ્યાનમાં પ્રવેશ કરે તો તેનું ભોગવેલું દુઃખ સર્વથા વ્યર્થ જાય, કેમકે દુઃખની વખતે પણ કરેલા આર્ત, રૌદ્ર ધ્યાનથી બંધાએલાં પાપો ફેર નવાં દુઃખોને ઉભાં કરવાનાં જ છે, એટલે જે દુઃખોને ઉભાં કરવાનાં જ છે, એટલે જે દુઃખ આ વખતે અનુભવ્યું તે તો વ્યર્થ જ ગયું, કેમકે કરેલા આર્તધ્યાનને લીધે વેઠેલા જેવું કે તેનાથી અધિકતર દુઃખ ભોગવવાનું તો જીવને ઉભું જ રહ્યું. આવી રીતની શાસ્ત્રીય હકીકત તે મહાસતીના ખ્યાલમાં હોવાથી તે અંશે પણ આર્તધ્યાનમાં પ્રવેશ ન કરે તે સ્વાભાવિક જ છે. જો કે સ્થૂળદૃષ્ટિથી તો મહાસતી શ્રીમયણાસુંદરી જેવા પ્રસંગો અન્ય જીવોને તો તીવ્રતર રૌદ્ર ધ્યાનમાં ફેંકી દે, કેમકે ગજાની દૃષ્ટિએ સર્વ સુંદર અને અસુંદર કર્તવ્યની જવાબદારી રાજાના ઉપર જ હતી અને તે માની લીધેલી જવાબદારીને અદા કરવા માટે જ રાજાએ મહાસતી શ્રીમયણાસુંદરી

ઉપર જુલમનો વરસાદ વરસાવ્યો છે, અને તેથી મહાસતી શ્રીમયણાસુંદરી જો શાસ્ત્રીય સિદ્ધાંતના શરણે સ્થિર ન રહે તો પોતાના સત્ય એવા કર્મવાદને પણ તે સમગ્ર દુઃખનું કારણ જાણી અરૂચિકર ગણે અને તેવી દશા થતાં પોતાના પિતાશ્રી રાજેશ્વર તરફ રૌદ્રધ્યાનની પ્રવૃત્તિનો પાર રહે નહિ, અને તે સત્ય એવા કર્મવાદની જાહેરાતથી કોપાયમાન થએલા રાજાએ પોતાની સત્તાનો સોટો ચલાવવા માટે શ્રીમયણાસુંદરી જેવી પુત્રીને હેરાન કરવાની બુદ્ધિથી જ દુઃખના દરિયામાં ડૂબાડી છે. તેવા પ્રસંગે પ્રજાજનને કર્મવાદની ડગલે પગલે અનુભવાતી સત્યતાની ખાતર રાજાના અભિમાન ઉપર તિરસ્કાર છૂટવો જોઈએ અને રાજેશ્વરે કરેલા ક્રોધનાં કુટિલ કાર્યોનો ભોગ બનેલી મહાસતી શ્રી મયણાસુંદરી ઉપર દયાની દૃષ્ટિ ઝળકવી જોઇએ તે સ્થાને જ્યારે પ્રજાજન કર્મવાદના સત્ય સ્થાનમાં રહેલી શ્રી મયણાસુંદરીની અને સદાકાળ અવિચ્છિન્ન સત્ય એવા કર્મવાદના સિદ્ધાંતને શિખવનાર અધ્યાપકની તરફ તેમજ કર્મના સિદ્ધાંતોને વિવિધ પ્રકારે સમજાવીને સુખની સામગ્રીમાં મદોન્મત્ત દશા નહિ થવાનું તથા ઉત્કટમાં ઉત્કટ દુઃખની સામગ્રીમાં શોકના સાગરમાં નહિ સરકી જવાનું શિખવનાર પૂર્વાપર વિરોધ રહિત, સર્વજ્ઞે કહેલો, મુમુક્ષુ અને સાધુ પુરુષોએ ગ્રહણ કરેલો, સમગ્ર જગતમાં જીવોના હિતને માટે જ પ્રકાશાએલો એવો ઉત્તમોત્તમ જૈનધર્મ તે પ્રજાજનની દૃષ્ટિમાં અધર્મ અને અનર્થકારક તરીકે આવે ત્યારે તે પ્રજાજન ઉપર મહાસતી શ્રી મયણાંસુંદરી જો કર્મવાદના અવિચળ સિદ્ધાંતને અવલંબવામાં જરાપણ ઢીલી થાય તો દ્વેષ આવવામાં બાકી રહે નહિ અને તેથી રાજા અને પ્રજાજનને આશ્રીને તે શ્રી મયણાસુંદરીને રૌદ્ર ધ્યાન પુરવાનો વખત

આવે, પણ સતી શિરોમણિ શ્રી મયણાસુંદરીને તો આવા વિકટતમ પ્રસંગના અનુભવમાં પણ આર્તધ્યાનનો અંશ પણ આવ્યો નથી અને તેથી જ તેવા વિકટ પ્રસંગે પણ ધર્મ-ધ્યાનરૂપી કલ્પવૃક્ષની છાયામાંથી તેનો આત્મા બહાર નીકળ્યો નહિ અને તેથી તેવા પ્રસંગે પણ ત્રિલોકનાથ તીર્થંકરના દર્શન અને પૂજ્યપાદ ગુરુ મહારાજના વંદનનીજ તેણે પ્રવૃત્તિ કરી અને પોતાના મુરબ્બી એવા શ્રીપાલ મહારાજને પણ તેજ કાર્યમાં જોડયા. મનુષ્ય ઘણી વખત આપત્તિમાં અટવા-એલો અને મોહમાં મુંઝાએલો હોય છતાં પણ વ્યાવહારિક નિત્ય પ્રવૃત્તિને વળગી રહે એ જેમ કેટલાક ધર્મપ્રવૃત્ત પુરુષોને બને છે તેમ કેવળ વ્યવહાર પ્રવૃત્તિ દ્વારાએ જ આ મહાસતી શ્રીમયણાસુંદરીનું દેવદર્શન કે ગુરુવંદન નથી, પણ જગતમાં ગણાતી સર્વ અશુભ દશાઓના કારણ તરીકે જો કોઈપણ હોય તો તે બીજું કોઈ જ નહિ પણ કેવળ પાપજ છે અને તેવા પાપનો નાશ કરવામાં પહેલું પગથિયું તો એજ છે કે તે પાપના ઉદયે આવેલાં દુઃખોને નિર્જરાનું સાધન માની સમતાભાવે સહન કરવાં જોઇએ અને જગતમાં રોગથી ઘેરાએલો પુરુષ રોગના નાશને માટે વૈદ્ય અને ઔષધને જેવી હિતબુદ્ધિથી ગ્રહણ કરે તેવી રીતે ભવિષ્યમાં દુઃખ દેનારાં પાપકર્મો બંધાય નહિ અને પહેલાંનાં બંધાયાં હોય તે પાપરોગનો નાશ કરે એવું પાપનું ઔષધ આ દેવદર્શન અને ગુરુચરણકમળનું વંદન છે એમ આ મયણાસુંદરીને રોમેરોમ વ્યાપેલું હોઈ તે દેવદર્શન અને ગુરુવંદનની ક્રિયા કરતાં રોમેરોમે આનંદિત થએલી છે. દેવદર્શન પાપનું ઔષધ છે એમ ધારનારી આનંદના અપૂર્વ અબ્ધિમાં અવગાહેલી મહાસતી શ્રીમયણાસુંદરી ત્રિલોકપૂજ્ય અર્હત્‌પરમેશ્વરની સ્તુતિ કરતાં તે દુઃખદશાને અંશે પણ

નહિ સંભારતાં ભગવાન્ તીર્થંકરના ગુણોનીજ સ્તુતિ કરતી ભગવાન્ ઋષભદેવજીની સ્તુતિ કરે છે. તે સ્તુતિ કેવી છે તે આપણે જોઇએ :—

भत्तिभरनमिरसुरिंदविंद-वंदिअपय पढमजिणंद चंद ।
चंदुज्जलकेवलकित्तिपूरपूरियभुवणंतरवेरिसूर ॥१७४॥
सूरुव्व हरिअतमतिमिर देव देवासुरखेयरविहिअसेव ।
सेवागयगयमयरायपायपयडियपणामह कयपसाय ॥१७५॥
सायरसमसमयामयनिवास, वासवगुरुगोयरगुणविकास ।
कासुज्जलसंजमसीललील, लीलाइ विहिअमोहावहील ॥१७६॥
हीलापरजंतुसु अकयसाव, सावयजणजणिआणंदभाव ।
भावलयअलंकिय रिसहनाह, नाहत्तणु करि हरि दुक्खदाह॥१७७॥
इअ रिसहजिणेसर भुवणदिणेसर, तिजयविजयसिरिपाल पहो ।
मयणाहिअ सामिअ सिवगइगामिअ, मणह मणोरह पूरिमहो।१७८।

જેના ચરણકમળમાં ભક્તિપૂર્વક ઇંદ્રના સમુદાયે નમસ્કાર કરેલો છે, જેઓ અઢાર કોડાકોડિ સાગરોપમ અજ્ઞાનમય અંધારાને દૂર કરનાર હોઈ પ્રથમ જિનેશ્વર છે, જેઓએ સંપૂર્ણ અને ચંદ્ર જેવી ઉજ્જવળ કીર્તિના સમુદાયે જગતને ભરી દીધું છે, જેઓએ પોતાની સત્તામાત્રથી આત્માને સ્વસ્વરૂપની ચલિત કરી દેનાર કામ, ક્રોધાદિ અંતરંગ શત્રુઓને દૂર કરવામાંજ શૌર્ય ફોરવ્યું છે, જેઓએ અજ્ઞાન અંધકારનાં પડલોનો નાશ કરવામાં અંતરંગ સૂર્યની સ્થિતિ પ્રાપ્ત કરી છે, જેમની દેવતા, વિદ્યાધરો અને અસુરોએ સેવા કરી છે, જેમના ચરણકમળમાં માનના શિખર ઉપર ચઢેલા રાજાઓ પણ પોતાના અભિમાનને છોડીને સેવા માટે આવેલા અને જેઓએ વસ્તુના સત્યસ્વરૂપને પ્રગટ કરવાદ્વારાએ જગતના

જીવો ઉપર પ્રસન્નતા વરસાવી છે, જેઓ આદરપૂર્વક અનુભવાતા સમતારસને જન્મ આપનાર શાસ્ત્રરૂપી અમૃતના સ્થાનભૂત છે, જેમના ગુણનો વિકાસ બૃહસ્પતિની વાણીનાજ વિકાસમાં આવી શકે છે, ઉજ્જવલ સંયમ અને શીલરૂપી લીલાઓને જેઓ ધારણ કરનારા છે, જેઓએ લીલામાત્રથી મોહમહીધરનો નાશ કર્યો છે, નિંદા કરવાવાળા જીવો ઉપર જેમણે શાપ વરસાવ્યો નથી, જેમના અમૃતમય વચનોને સાંભળનારા લોકો સર્વદા આનંદિત અવસ્થામાં જ મગ્ન રહે છે, જેઓ નિષ્કલંક અધ્યવસાયે અલંકૃત છે એવા ભગવાન ઋષભદેવજી મારા આત્માને નહિ પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ રત્નોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થએલા જ્ઞાનાદિ રત્નોનું રક્ષણ કરવારૂપ નાથપણું કરીને દુઃખદાવાનળને હરનારા બનો. હે ઋષભજિનેશ્વર! હે જગતના સૂર્ય! હે ત્રિજગતની વિજય-લક્ષ્મીને પાલન કરનાર પ્રભો! શિવગતિને પામેલા હે સ્વામી! હું જે મયણા તેના શિવપદપ્રાપ્તિરૂપી મનના મનોરથોને પૂરનારા થાઓ.

આ પ્રમાણે કરાએલી સ્તુતિના ભાવાર્થમાં ઉતરનારા ઉત્તમ પુરુષો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે આપત્તિના ઊંડા ખાડામાં ખડકાએલી મયણા તે આપત્તિના ખાડાની દરકાર કરતી નથી, પણ એવા કેવળ આત્મસ્વરૂપના અવ્યાબાધ મનોરથોમાં મહાલી રહેલી છે. જો કે ભક્તિમાન્ જીવો દેવ, ગુરુ કે ધર્મની આરાધનામાં મળતા અપૂર્વ લાભને સમજ-નારા હોઈ કચરા જેવા અને સર્વથા છાંડવા લાયક એવા પૌદ્ગલિક ભાવોમાં પરાયણ થતા નથી, પણ ગુણવાન્ જીવોની સર્વ પ્રકારે ભક્તિ કરવી તે ઉત્તમ પુરુષોનું કર્તવ્ય હોવાથી જગતમાં ઉત્તમ ગણાતા એવા દેવો તે ભક્તિમાન્ પુરુષોની ઉપર અત્યંત ખુશ થાય છે અને આત્મીય ગુણોને અર્પણ

કરવાની તાકાત પોતાનામાં નહિ હોવાથી ઈષ્ટ સંયોગો ઉત્પન્ન કરવાને જરૂર તૈયાર થાય છે, અને તેવો ચમત્કાર અત્રે મહાસતી મયણાસુંદરીને અંગે બને છે ને તે એજ કે જે ભગવાન્ ઋષભદેવજીની સ્તુતિ કરવામાં આવી છે, તે ભગવાન્ ઋષભદેવજીનાં કરકમળમાં રહેલું બિજોરૂં અને કંઠસ્થાનમાં રહેલી શ્રેષ્ઠ પુષ્પની માળા ઉછળીને મહાસતી શ્રી મયણાસુંદરી અને ભાગ્યવાન્ શ્રી શ્રીપાલ મહારાજની પાસે આવીને સકલજન સમક્ષ પડ્યાં. આ પ્રસંગે તે બિજોરા અને માળાની કંઈ કિંમત ગણાય નહિ, પણ અચેતન એવી મૂર્તિનાં ગળામાં રહેલી માળા ઉછળીને દૂર રહી સ્તુતિ કરનારી મયણાસુંદરી પાસે આવી પડે અને ગભારામાં રહેલી મૂર્તિનાં હાથમાં રહેલું બિજોરૂં ગભારાની બહાર સ્તુતિમાં જોડાએલા મહાપુરૂષ શ્રીપાલની પાસે આવી પડે એ અધિષ્ઠાયકનો કરેલો પ્રસાદજ ખરેખર ચમત્કારને કરનાર છે, પણ ઉત્કટ વિપત્તિનાં વમળમાં ગુંચાયેલી મયણાસુંદરી જેમ આર્તધ્યાનની ધગધગતી ધમણમાં ધકેલાઈ ન હતી, તેવીજ રીતે અહીં અધિષ્ઠાયકનાં અદ્વિતીય પ્રસાદ અર્પણનાં સાક્ષાત્કારમાં પણ તે મહાસતી વિચારવમળમાં સંડોવાઈ નહિ, પણ તત્કાળ ભવોદધિતારક, પરમ નિર્ગ્રન્થ, સમતાસિંધુ, સાધુસમુદાયનાં અધિપતિ મુનિચંદ્રસૂરિ પાસે ગુરૂવંદનનાં હર્ષથી ભરાએલી એવી મહાસતી મયણાસુંદરી પોતાનાં ભર્તારને લઈને જાય છે અને વિધિપૂર્વક ભક્તિથી તે મુનિચંદ્રસૂરિ મહારાજનાં ચરણકમળને નમસ્કાર કરે છે.

# મૌન એકાદશી અને ભગવાન્ નેમનાથજી મહારાજ

पर्वेदं दुर्लभं लोके, श्रीकृष्णेनादृतं पुरा।
कल्याणकौघैर्दीप्तं, यज्जिनानां श्रीजिनोदितम् ॥ १ ॥

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનાં શાસનમાં મોક્ષને સાધવાની દૃષ્ટિ મુખ્યતાએ રહેલી છે. અને તેથી તે શાસનમાં અહોરાત્ર, પાક્ષિક, ચાતુર્માસિક કે સંવત્સરીની પ્રતિબદ્ધ ક્રિયાઓ જે જે જણાવવામાં આવેલી છે તે તે કેવલ આત્માની દૃષ્ટિએ અને કેવલ મોક્ષની પ્રાપ્તિ માટેજ કહેવામાં આવી છે અને કરવામાં આવે છે અને જેવી રીતે અહોરાત્ર ચર્ચા વિગેરે આત્માની દૃષ્ટિએ અને કેવલ મોક્ષની પ્રાપ્તિ માટે કહેવામાં આવી છે અને કરવામાં આવે છે. તેવીજ રીતે જ્ઞાનપંચમી આદિ પર્વોની આરાધના પણ જૈનશાસનમાં આત્માની દૃષ્ટિએ અને મોક્ષની પ્રાપ્તિ માટે જ છે. આ રીતિની સાથે જૈન શાસનમાં તહેવારો પણ આત્માની દૃષ્ટિએ અને મોક્ષપ્રાપ્તિ માટે જણાવવામાં આવેલાં છે શાસ્ત્રોમાં જણાવેલાં તહેવારોમાં **મૌન એકાદશી** નામનો તહેવાર કોઇક જુદી રીતેજ વર્ણવવામાં આવેલો છે. જ્ઞાનપંચમી આદિ તહેવારોની ઉત્પત્તિ અને તેની પ્રવૃત્તિ જ્યારે જ્ઞાનાદિકની વિરાધનાથી થયેલા દુઃખો અને અંતરાયો દૂર કરવા માટે થયેલી છે ત્યારે આ મૌન એકાદશીનો આવિર્ભાવ ત્રણ ખંડના માલીક ક્ષાયિકસમ્યક્ત્વને ધારણ કરનાર મહારાજા કૃષ્ણજીને અંગે થએલો છે હકીકત એવી છે કે-મહારાજા કૃષ્ણ, જરાસંધના ભયથી મથુરા અને વૃન્દ્રાવન જેવા અસલ નિવાસસ્થાનોને છોડી દઈને દક્ષિણ સૌરાષ્ટ્રમાં આવ્યા અને લવણસમુદ્રના અધિષ્ઠાતા દેવતાની આરાધના કરી ( હાલ કોડીનાર નામે

ગામ છે.) ત્યાં દેવલોકને ટક્કર મારે એવી દ્વારિકાનગરી વસાવવાને માટે શક્તિસંપન્ન થયા.

પછીથી તે દ્વારિકાનગરીની દિનપ્રતિદિન જાહોજલાલી વધતી જ ચાલી. તે દ્વારિકાનગરીની એ રીતે વૃદ્ધિ દેખાવા સાથે તે દ્વારિકાનગરીના નાશની કલ્પના કોઈપણ પ્રકારે બુદ્ધિમાં આવી શકે તેવી ન્હોતી, અને તે ન આવવાથી ભગવાન્ શ્રી નેમનાથજી મહારાજ પાસે તે દ્વારિકાનગરીના નાશનો પ્રશ્ન શ્રી કૃષ્ણમહારાજ તરફથી થયો. જગતમાં જાણવામાં આવેલો ગ્રહ જેમ પીડા ન કરી શકે તેવી રીતે દ્વારિકાનગરીનાં નાશનાં કારણો જાણવામાં આવે તો તેનો હું વિરોધ કરી શકું એ ધારણાથી કરેલા દ્વારિકાના નાશના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ નેમનાથજી મહારાજે દારૂ, દ્વૈપાયનઋષિ અને શાંબકુમાર વગેરેનો ઇતિહાસ જે ભવિષ્યમાં બનવાવાળો હતો તે જણાવ્યો. એ ઇતિહાસને સાંભળી કૃષ્ણમહારાજે સંસારની અનિત્યતા જાણીને પોતાના સમગ્રદેશમાં પડહો બજાવીને જે કોઈ પોતાના આત્માનો સંસારથી ઉદ્ધાર કરવા દીક્ષા લે તેને સમગ્ર પ્રકારે મદદ આપવાનું જાહેર કર્યું. એ પડહાના પ્રતાપે હજારો પ્રાણીઓ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તૈયાર થયા. તેવા વખતમાં કૃષ્ણમહારાજને પોતાના આત્માના ઉદ્ધારની પણ ચિંતા ઝલહલતી થઈ ગઈ અને ભગવાન્ નેમનાથજી મહારાજને પોતાના આત્માના ઉદ્ધારને માટે ઉપાય બતાવવાની વિનંતિ કરી. ત્યારે ત્રિલોકનાથ ભગવાન્ નેમનાથજી મહારાજે તેમને આ **મૌન એકાદશી**ની આરાધનાનો ઉપદેશ કર્યો અને આ મૌન એકાદશીની આરાધના **સુવ્રત** નામના શેઠે કેવી અદ્વિતીય રીતે કરી હતી સવિસ્તર જણાવ્યું.

ધ્યાન રાખવું કે-જૈન શાસનમાં ચોવીસે તીર્થંકર મહારાજનાં શાસનો આત્મદૃષ્ટિએ મોક્ષની પ્રાપ્તિ માટે જ યોજાયલાં

છે. અને તેથી જ અન્ય તીર્થપતિઓનાં શાસનમાં પ્રવર્તેલા તહેવારો અને પર્વો પણ અન્ય અન્ય તીર્થપતિઓનાં શાસનમાં પ્રવર્તે છે. જેવી રીતે પરમપવિત્ર સકલતીર્થમાં શિરોમણિરૂપ શ્રી સિદ્ધગિરિજીનો મહિમા ભગવાન્ ઋષભદેવજી મહારાજના શાસનથી પ્રવર્તેલ છે. છતાં સર્વતીર્થંકરોનાં શાસનમાં ચાલ્યો. વળી રોહિણી તપનો મહિમા વાસુપૂજ્યસ્વામીનાં શાસનમાં પ્રગટ થયેલો, છતાં બધા પ્રભુનાં શાસનમાં ચાલુ રહ્યો તેવી રીતે આ **મૌન એકાદશી પર્વ**, ભગવાન્ નેમનાથજી મહારાજનાં શાસનમાં પ્રગટ થયેલું છે, છતાં તેનો મહિમા ભગવાન્ મહાવીર મહારાજનાં શાસનમાં પણ પ્રવર્તેલ છે શાસ્ત્રોમાં કોઈ પણ તીર્થંકરોનાં જન્માદિક કલ્યાણકોમાંથી એક કલ્યાણકવાળો દિવસ પણ પવિત્ર તરીકે માનવામાં આવે છે. તો પછી આ મૌન એકાદશીનો દિવસ કે-જે દિવસે ત્રણે કાળનાં દશે ક્ષેત્રનાં કલ્યાણકો એકઠા કરવાથી ૧૫૦) કલ્યાણકો થઈ જાય છે તે કેટલો પવિત્ર ગણાય? ધ્યાન રાખવું કે-બાર માસની બાકીની ત્રેવીશ અગીઆરસોને દિવસે જ્યારે ત્રણે કાલનાં અને દશે ક્ષેત્રનાં મળીને માત્ર દોઢસો જ કલ્યાણકો આવે છે! ત્યારે આ મૌન એકાદશી જેવી એકલી એક પવિત્ર તિથિમાંજ દોઢસો કલ્યાણકો આવે છે. આથી ભગવાન્ નેમનાથપ્રભુએ કૃષ્ણમહારાજની માગણી મુજબ સર્વ દિવસો-માંનો આ એક દિવસ દીઠો અને તે આરાધના માટે તેમને જણાવ્યો. આ કારણથી જૈન લોકોમાં કિંવદન્તી ચાલે છે કે-મૌન એકાદશીનું જે ધર્મકાર્ય તે એક છતાં પણ દોઢસોગુણા કરીને દેવાવાળું છે આ સર્વ હકીકત ધ્યાનમાં લઈને ધર્મિષ્ઠ પુરુષોએ વ્રત સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ઉપવાસ અને જપમાળાદિક ગણવા વગેરેથી આ પર્વનું અવશ્ય આરાધન કરવું જોઈએ.

## ભગવાન્ ગૌતમસ્વામીજીનું કેવલજ્ઞાન

જૈન જનતામાં ભગવાન્ ત્રિલોકનાથ તીર્થંકરોનાં કેવલજ્ઞાનનો દિવસ કેવલજ્ઞાનકલ્યાણક તરીકે આરાધાય છે તેથી તે તે તીર્થંકરોનાં તે તે કેવલજ્ઞાનનાં દિવસો શાસ્ત્રદ્વારાએ નિર્મિત થયેલા છે, અને તે જ પ્રમાણે આરાધવામાં પણ આવે છે, પરંતુ ભગવાન્ તીર્થંકરોની માફક પહેલાનાં ભવમાં ગણધરનામકર્મનો બંધ કરીને ગણધર તરીકે થયેલા મહાપુરૂષોનાં કેવલજ્ઞાનનાં દિવસોને કલ્યાણક તરીકે નહિ, પરંતુ મહોત્સવ તરીકે પણ આરાધવાનું જૈન જનતામાં ઘણું ઓછું જ બને છે. શ્રમણભગવાન્ મહાવીર મહારાજનાં અગીઆર ગણધરો થયા છે, અને તેઓ સર્વે કેવલજ્ઞાન મેળવીને મોક્ષનેજ પામ્યા છે, છતાં ભગવાન્ ગૌતમસ્વામીજી સિવાય બીજા કોઈ પણ ગણધરનાં કેવલજ્ઞાનનો દિવસ ઉપલબ્ધ થતો નથી, અને તે શાસ્ત્રને કરનારાઓએ જણાવ્યો પણ નથી, તેમ જૈન જનતામાં તે તે કેવલજ્ઞાનનાં દિવસો પર્વ તરીકે આરાધવામાં રૂઢ થયેલા પણ નથી, જો કે શ્રમણભગવાન્ મહાવીર મહારાજે ગણધરપદની સ્થાપના કરતી વખતે જ ગણની અનુજ્ઞા એટલે શાસન ધારવાની આજ્ઞા ભગવાન્ સુધર્માસ્વામીને જ આપી હતી, અને તેથી જ ભગવાન્ મહાવીર મહારાજનાં નિર્વાણ પછી શ્રી સુધર્માસ્વામીજ શાસનધારક થયા, અને એજ કારણથી કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં પટ્ટપરંપરાના મૂલ તરીકે શ્રી સુધર્માસ્વામીનેજ લેવામાં આવ્યા છે. તેવા શાસનનાં મૂલ પુરૂષ સુધર્માસ્વામીજીનો પણ કેવલજ્ઞાનનો દિવસ ઉપલબ્ધ થાય તેમ શાસ્ત્રકારોએ તેને ઉલ્લિખિત કર્યો નથી, અને જૈન જનતામાં પર્વ તરીકે આરાધાતો નથી,

પરંતુ સર્વ લબ્ધિનિધાન એવા ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજીનાં કેવલજ્ઞાનનો દિવસ જે કાર્તિક સુદિ એકમનો છે એને શાસ્ત્રકારોએ ઉલ્લિખિત કર્યો છે, અને સમગ્ર જૈન જનતા તે દિવસને પર્વ તરીકે આરાધે પણ છે, વાંચકે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ૧૯૮૯ની સાલ પહેલાં સમસ્ત જૈનજનતા શ્રી ગૌતમ-સ્વામીજીનાં કેવલજ્ઞાનને અંગે કાર્તિક સુદિ એકમનાં દિવસેજ મહિમા કરતી હતી. પરંતુ આ થોડા વર્ષોમાં શાસનને ખેદાન મેદાન કરી નાખવા તૈયાર થયેલ ક્રૂર દૃષ્ટિનાં કુટિલ પ્રવર્ત્તનથી તે આરાધનામાં ભેદનો પ્રયત્ન તેની ટોળી તરફથી થવા લાગ્યો છે, જો કે તેજ ટોળીનાં વાજીંત્રોમાં ૧૯૮૯ પહેલાં તો શું? પરંતુ બે ત્રણ વર્ષ પહેલાં પણ ચૌદશની દીવાલી લખાતી હતી તો પણ ભગવાન્ ગૌતમ સ્વામીજીનાં કેવલજ્ઞાનનો મહિમા કાર્ત્તિક સુદી એકમનાં દિવસે જ લખવામાં આવતો હતો, પરંતુ શાસનભેદનાં જ માટે અવતરેલાની અવળી પ્રવૃત્તિથી હમણાં ભગવાન્ ગૌતમસ્વામીજીનાં કેવલ-જ્ઞાનનાં મહિમાને પણ કાર્તિક સુદિ એકમે ન રાખતાં આસો વદિ અમાવાસ્યાએ લાવવામાં આવે છે. જૈન જનતા સારી રીતે સમજે છે કે નવ મલ્લકી અને નવલેચ્છકી રાજાઓ વિગેરેએ ભગવાન્ શ્રી મહાવીર મહારાજનાં નિર્વાણનાં કલ્યાણકને અપનાવેલ હોવા વિગેરે કારણથી શાસ્ત્રકારોએ શ્રી વીરભગવાનનાં નિર્વાણનું કલ્યાણક જે દીવાલીરૂપી પર્વ તેને લોકને અનુસરીને કરવાનું જણાવ્યું છે, એટલે દીવાળીનું પર્વ લોકને અનુસરતું કરવાથી કોઇક વખતે આસો વદિ ચૌદશ તથા અમાવાસ્યાએ પણ તે આવે, પરંતુ સર્વ-લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજીનાં કલ્યાણકનો તહેવાર પણ લોકને અનુસારે કરવો એમ કોઈ પણ શાસ્ત્રકારોએ કહેલું નથી, તેમ આ શાસન વિરોધી એવી ટોળી સિવાય કોઈએ

તેમ કહ્યું કે કર્યું પણ નથી, માટે શાસ્ત્ર અને પરંપરાને માનનારા મહાનુભાવો તો દીવાલી આસો વદિ ચૌદશની હોય, અથવા તો આસો વદિ અમાવાસ્યાની હોય, પરંતુ ભગવાન્ ગૌતમસ્વામીજીનાં કેવલજ્ઞાનનો મહિમા ગણણું ગણવાથી, દેવવાંદવાથી, અને યાવત્ સ્મરણ શ્રવણથી કાર્તિક સુદિ એકમનાં દિવસેજ કરીને તેને આરાધવા યોગ્ય ગણે છે અને આરાધે છે ચાલુ વર્ષમાં જો કે દીવાલી આસો વદિ ચૌદશ અને શુક્રવારની છે, અને તેથી તેરશ અને ચૌદશ એ બે દિવસ ભાગ્યશાળીઓને દીવાલીનાં છઠ્ઠની તપસ્યા કરવાનું થશે અને ભગવાન્ ગૌતમ સ્વામીજીનાં કેવલજ્ઞાનનો મહિમા ૧૯૯૬નાં કાર્તિક સુદિ એકમને રવિવારે થશે. સોલપહોરનાં પૌષધ અને સોલ પહોરની દેશના, એ બન્ને ભગવાન્ મહાવીર મહારાજનાં નિર્વાણ કલ્યાણકને ઉદ્દેશીને અથવા એનાં અંત્યભાગને અનુલક્ષીને કરવામાં આવે છે, તેથી તે છઠ્ઠ અને સોલ પહોરનાં પોસહ આસો વદિ તેરશ અને ગુરૂવાર તથા આસો વદ ચૌદસ અને શુક્રવારનાં થાય તેમાં શાસનાનુસારિયોને અને શાસનપ્રેમિયોને તો બોલવાનું રહેજ નહિ.

## ધર્મશબ્દનો વ્યુત્પત્તિ અર્થ

બાલ, મધ્યમબુદ્ધિ અને બુધ જીવોને દેશના કરવા યોગ્ય, અલંકાર અને ઉપમાથી અસીમ સુભગતાવાળો, લૌકિક, લોકોત્તર, સર્વ સુંદરતાનું સાધન અને વર્તમાન જીવનના સુખ અને નિર્વાહના સાધનભૂત સમગ્ર પદાર્થોની સૃષ્ટિને ધારણ કરનાર એવા ધર્મની વ્યાખ્યા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્

હેમચંદ્રસુરિજીએ, શ્રુતકેવલી સમાન શ્રીધર્મઘોષસૂરિજીના મુખે જણાવી અને વર્તમાન જીવનના સાધનોની ધારણારૂપે ધૃ ધાતુનો ધારણકરવારૂપ એક ભાગ જણાવ્યો. વિચક્ષણ પુરુષો વિચાર કરવાથી સમજી શકે તેમ છે કે ધર્મપદાર્થની વાસ્તવિક કિંમત કે જરૂરીઆત ઈહભવના સાધનોની પ્રાપ્તિને અંગે જેટલી સાધ્યકોટિમાં આવતી નથી, તેના કરતા કેઇ અધિકગુણે ધર્મની જરૂરીઆત બાહ્યદૃષ્ટિવાળાંને પણ પરભવનાં જીવન સંબંધી સાધનોની પ્રાપ્તિની અપેક્ષાએ રહેલી હોય છે, કારણ કે આ ભવના સુખના સાધનોની પ્રાપ્તિના કારણભૂત ધર્મ એ ગત ભવના પુણ્યરૂપ હોવાથી સિદ્ધરૂપજ છે. અને તેથી તેની સાધ્યતા ન હોય અને તેજ કારણથી તેનું ઉપદેશ્યપણું પણ ઘટાડવું મુશ્કેલ છે. અનુવાદની કોટિએ ધર્મના ઈહલૌકિક સાધનોને ફળરૂપે બતાવાય તે જુદી વાત છે. બીજું આ લોકના સાધનોને મનુષ્યો કર્મથી પ્રાપ્ય ગણવા કરતાં ઉદ્યમથી પ્રાપ્ય ગણી શકે જો કે પૂર્વે જણાવેલા કલ્પવૃક્ષાદિક સાધનો કેવળ ભાગ્ય પ્રાપ્યજ છે, છતાં પણ દેવતાઈ સાધનોદ્વારાએ તેની તેવી અનુકૂળતા પ્રાપ્ય ગણી, ઉદ્યમથી પ્રાપ્ય પણ ગણી શકે. અર્થાત્ ઇહલૌકિક સાધનોનાં કારણ તરીકે ધર્મની અસાધારણપણે હેતુતા સાબીત કરવી ઘણીજ મુશ્કેલ પડે છે, અને તેથી જ કર્મસિદ્ધિ એ વ્યવહારનો વિષય થઈ શકતો નથી. જો ઈહલૌકિક ફળના સાધન દ્વારાએ ધર્મકર્મની સિદ્ધિ એ વ્યવહારનો વિષય થઈ જતો હોત તો જગતમાં સંખ્યાને અંગે, સ્પર્શાદિક વિષયોને અંગે, સુવર્ણાદિક ધાતુઓને અંગે યાવત્ ઉદ્યોત, અંધકારને અંગે જેમ કોઈ પણ બાલ, જુવાન, વૃદ્ધ, આર્ય, અનાર્ય કે સમ્યગ્દૃષ્ટિ; મિથ્યાદષ્ટિમાં વિવાદ (મતભેદ) હોતો નથી, તેવી રીતે કર્મસિદ્ધિમાં પણ મતભેદ

(મતભેદ) હોતો નથી, તેવી રીતે કર્મસિદ્ધિમાં પણ મતભેદ હોત જ નહિ; એટલે સ્પષ્ટ સમજાય છે કે વર્તમાન જીવનના નિર્વાહના સાધનોના અદ્વિતીય સાધન તરીકે ધર્મની કે કર્મની સિદ્ધિ કરવી એ મુશ્કેલ જ છે. જો કર્મની કે ધર્મની સિદ્ધિ માનનારાઓને ઈહલૌકિક જીવનના સાધનો પણ ધમથી જ પ્રાપ્ય છે એમ સ્પષ્ટપણે જાણી, માની શકાય તેમ છે, પણ જેઓ ધર્મકર્મની સિદ્ધિ માનનારા નથી, તેઓને તે ઈહજીવનના સાધનોની પ્રાપ્તિ ધર્મકર્મના પ્રભાવે થએલી હોય છતાં પણ તેને તેવી શ્રદ્ધા કરાવવાને માટે તે સાધનો સમર્થ થઈ શકતાં નથી, પણ જે કોઇ પણ આસ્તિક કે નાસ્તિક સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ સમજદાર મનુષ્ય હોય છે, તે એટલું તો જરૂર માને છે કે આ વર્તમાન જીવન સદાને માટેનું નથી. પુણ્યપાપ, કે સ્વર્ગ નરકને અંગે આસ્તિક અને નાસ્તિકમાં જોકે મતભેદ હોય છે, તો પણ વર્તમાન જીવનનો નાશ માનવાની બાબતમાં કોઈને પણ મતભેદ નથી. એટલું જ નહિ પણ વર્તમાન જીવનમાં પરંપરાથી મળેલો, માતપિતાએ અર્પણ કરેલો કે પોતાના ઉદ્યમથી જિંદગીની જહેમતે એકઠું કરેલું કંચન, કામિની, કુટુંબ અને કાયા વિગેરે સુખ પામવાની ઈચ્છાએ મેળવેલાં સકળ સાધનો મેલીનેજ જવું પડે છે. અર્થાત્ આ ભવમાં જે જે મેળવેલું કે મળેલું તે બધું મેલવાનું જ છે, અને જ્યારે આ જીવનમાં મેળવેલી કે મળેલી બધી વસ્તુ મેલી જ દેવાની છે, તો પછી ભવિષ્યના ભવનું સુંદર જીવન અને તેના નિર્વાહના સાધનો મેળવવાની ચિંતા પરભવની હયાતી માનનારા હરકોઈ મનુષ્યને પણ થાય તે સ્વાભાવિક જ છે.

**હિંદુ શબ્દની વ્યુત્પત્તિ**

જોકે પરભવની હયાતી માનવામાં જગતમાં જાણીતા

થએલા વર્તમાન જનોમાં બે ભેદો પડે છે. એક ભેદ એવો છે કે જેઓ વર્તમાન જીવનમાં આચરેલા કર્તવ્યોના ફળ તરીકે કયામત કે ન્યાયને દિવસે મળતી બહેસ્ત (સ્વર્ગ) કે દોઝખ (નરક) ની ગતિ થવી માને છે પણ તે બહેસ્ત કે દોઝખના જીવન પછી અન્ય જીવનો માનવા માટે તેઓ તેઓના ધર્મશાસ્ત્રો તેઓના ધર્મપ્રરૂપકો સર્વથા ચૂપકીદી ધારણ કરી રહેલા છે, એટલું જ નહિ પણ માનમાં અંધ બનેલો આંધળો રૂપરંગની વાત કરનાર ઉપર જ રોષ કરે તેવી રીતે તે કેવળ બહેસ્ત અને દોઝખને માનનારાઓ પોતાના મતમાં અંધ થઈ જીવનું અનેક ભવમાં હિંડવું (ભટકવું) માનવાવાળા હિંડુઓ તરફ અત્યંત તિરસ્કારની નજરથી જુએ છે, અને તે હિંડુ શબ્દ તરફ ધિક્કાર વરસાવવા માટે તે હિંડુશબ્દનો અર્થ જ કાફર એવો કરવા લાગ્યા. એક વર્ગ જ્યારે આવી રીતે કેવળ એક ભવ માનવામાં લીન થએલો છે ત્યારે બીજો વર્ગ કે જેને આપણે હિંડુ તરીકે ઓળખીએ છીએ તે આત્માને એકેક ભવથી બીજે બીજે ભવે હિંડવાવાળો (ભટકવાવાળો) માની આત્માને હિંડુ નામથી ઓળખે છે (જૂઓ ભગવતીજી સૂત્ર શતક ૨૦ ઉ. ૨) અને તેવા હિંડુઆત્માને માનવાવાળા જનો પોતે જ હિંડુ તરીકે ઓળખાવા લાગ્યા. આજ કારણથી જૈન, શૈવ, વૈષ્ણવ બૌદ્ધ વિગેરે સમગ્ર અનેક ભવ માનવા-વાળો સમુદાય હિંડુ તરીકે ઓળખવા લાગ્યો અને તેજ કારણથી આ હિંદુસ્તાનમાં રહેવાવાળા મનુષ્યો અનેક ભિન્ન ભિન્ન મતવાળા છતાં પણ એક હિંડુ કોમ તરીકે ઓળખાવા લાગ્યા. જોકે વર્તમાનમાં કેટલાકોની કલ્પના સિંધુ નદી સિંધુસ્થાન શબ્દ મૂળમાં લઈ હિંદુસ્થાન એવો શબ્દ બનાવે છે. જોકે એવી રીતે સિંધુ નામની ગોઠવણ કરી દ્વેષની માત્રા

ઘટાડવા માટે ઐદંયુગિનોએ પ્રયત્ન કર્યો છે, પણ સિંધુ નદી સિવાય બીજા દ્વારાએ પૂર્વપશ્ચિમ કે ઉત્તરદક્ષિણમાં હિંદુઓ કે ઈતરોની જાવડઆવડ ન હતી એમ માની શકાય તેમ નથી અને તેવું માનવાનો પુરાવો પણ નથી. હિંદુસ્થાનની બહાર ચારે બાજુ રહેવાવાળી વસતિ આત્માના અનેક ભવોને માનવાવાળા ન હતી અને માત્ર હિંદુસ્થાનમાં રહેવાવાળી વસતિ જ આત્માના અનેક ભવાંતરોને માનવાવાળી હતી અને છે. આ બધું કહેવાનું તત્વ એટલું જ છે કે વર્તમાન જગતમાં વર્તતો જનસમુદાય આ જિંદગી સિવાયની અન્ય જિંદગીની હયાતિ તો માને જ છે, અને ભવિષ્યની જિંદગીની એકલી હયાતિ જ માને છે, તેમ નહિ પણ ભવિષ્યની જિંદગીની સુંદરતા અને અસુંદરતા પણ માને જ છે. જ્યારે વર્તમાન જનસમુદાય ભવિષ્યની સુંદર અને અસુંદર બે પ્રકારની સ્થિતિ માને છે, ત્યારે પરમાત્માના માર્ગની શ્રદ્ધાવાળા જનસમુદાયની માફક, વર્તમાન જગતનો સમગ્ર જનસમુદાય પણ ભાવિ પોતાની જિંદગી અસુંદર ન થતાં સુંદર થાય એવું ઇચ્છે તે સ્વાભાવિક છે, પણ તે ભવિષ્યની જિંદગી સુંદર મળે અને અસુંદર ન મળે તે તેના આ ભવના કર્તવ્ય ઉપર જ આધાર રાખે છે, અને તે સુંદર જિંદગીને મેળવી આપનાર કે અસુંદર જીંદગીને દૂર કરનાર એવાં જે જે કાર્યો તે તે ધર્મ શબ્દથી કહેવાય છે.

## ધર્મ શબ્દની વ્યુત્પત્તિ.

તેટલા જ માટે ધર્મ શબ્દમાં પારલૌકિક જિંદગીને અંગે ધર્મશબ્દમાં રહેલા ધૃધાતુનો અર્થ જણાવતા ધર્મશાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે કે, **दुर्गतिप्रपतज्जंतुधारणाद्धर्म उच्यते ।** અર્થાત્ દુર્ગતિમાં પડતા એવા જીવને જે માટે

સત્કાર્યો બચાવી લે છે, તે માટે જ તે સત્કાર્યોને ધર્મ એમ કહેવામાં આવે છે. જગતમાં કેટલીક વસ્તુઓ જેમ સ્વભાવથી ખરાબ હોય છે, તેમ કેટલીક વસ્તુઓ ખરાબ સંયોગોને અંગે ખરાબ હોય છે, અને બુદ્ધિશાળી પુરુષને ખરાબ સંયોગને અંગે ખરાબ રૂપે દેખાતી અસલ વસ્તુને શોધવાનું જરૂરી હોય છે. જગતમાં દેખીએ છીએ કે ખાણમાંથી શોધેલા હીરા નીકળતા નથી, શોધેલું સોનું નીકળતું નથી. દરિયામાં ચોકખા મોતીના ઢગલા હોતા નથી, જો કે તે હીરા, સોનું અને મોતી સ્વભાવે શુદ્ધ સ્વરૂપ હોય છે, પણ ઈતરના સંયોગોમાં તે ખરડાયલા રહે છે અને તેથી તેને મૂળથી અશુધ્ધરૂપે આપણે દેખીએ છીએ, અને શોધક મહાશયોના પ્રયત્નોથી જ તેનાં મૂળ શુદ્ધ સ્વરૂપને પ્રગટ થતું આપણે જોઈ શકીએ છીએ. તેવી રીતે શાસ્ત્ર અને પરીક્ષાની દૃષ્ટિએ સૂક્ષ્મ બુદ્ધિથી જોનાર મનુષ્ય સ્પષ્ટપણે જાણે. માને અને ઉપદેશે છે કે આ આત્મા પણ તે હીરા, મોતી અને સોનાની માફક ભવિષ્યમાં શુદ્ધતમ સ્વરૂપવાળો થવાનો હોઇ શુધ્ધ સ્વરૂપ છતાં પણ કર્મરૂપ અન્ય પદાર્થના સંયોગથી અશુદ્ધ સ્વરૂપને ધારણ કરનારો થયો છે, અર્થાત્ કોઈ પણ આત્મા અનાદિથી શુદ્ધ સ્વરૂપવાળો છે જ નહિ. જો કે શાસ્ત્રજ્ઞ પુરુષો સિદ્ધ મહારાજાઓને અનાદિના માને છે, પણ તે સિદ્ધનું અનાદિપણું કાલના અનાદિપણાને આભારી છે, પણ કોઇપણ જીવ શાસ્ત્રજ્ઞોએ એવો માનેલોજ નથી કે જેને કર્મરૂપ ઈતર પદાર્થોનો સંયોગ હોય જ નહિ. અર્થાત્ સર્વજીવ કર્મરૂપ ઇતરપદાર્થથી અનાદિથી વિટાએલા જ છે, અને તેથી સર્વજીવો અનાદિથી સ્વસ્વભાવને ભૂલેલા હોઇ પરસ્વભાવમાં જ પડેલા છે એમ જે શાસ્ત્રજ્ઞો માને છે તે

યુક્તિયુક્ત જ લાગે છે. હવે વિચારવાની જરૂર એ છે કે ઈતર પદાર્થરૂપે રહેલો કર્મસંબંધ પણ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે. તેમાં શુભ કર્મસંયોગ જો કે ઈતર સંયોગ છે, પણ તે આત્માની માનસિક, વાચિક અને કાયિક એ ત્રણે પ્રકારની શુભ કે શુદ્ધ પ્રવૃત્તિ ઉપર જ આધાર રાખે છે, અને તેવી શુભ કે અશુદ્ધ પ્રવૃત્તિનો આધાર તેના તેવા પરિણામ ઉપર રહેતો હોવાથી અને પરિણામનો આધાર મુખ્ય ભાગે સત્પુરુષોના સમાગમ, તેના ઉપદેશનું શ્રવણ અને તે સત્પુરુષે ઉપદેશેલ તત્ત્વનો અંશે કે સર્વથા થતો અમલ થાય તેની ઉપર જ રહે છે. અને તેવા સત્પુરુષોના સમાગમ વિગેરે સાધનો ઘણા જ અલ્પપુરુષોને પ્રાપ્ત થતા હોઈ અનુભવસિદ્ધ એ વાત માનવી પડે છે કે સામાન્યપણે જીવમાત્ર અશુભ કર્મોના સંયોગો તરફ જ દોરાઈ રહ્યો છે. અને તેનાં જ ફળો અનુભવી રહ્યો છે. આ બધી વાત ધ્યાનમાં લઈ શાસ્ત્રકારો જીવમાત્રને દુર્ગતિમાં પડતા જણાવે તેમાં આશ્ચર્ય જ નથી. અને તેવા દુર્ગતિમાં એટલે ભવિષ્યની અશુભ જિંદગીમાં પડતા જીવોને બચાવનાર પ્રવૃત્તિને ધર્મ-શબ્દમાં રહેલા ધૃધાતુના ધારણરૂપ અર્થના આધારે જણાવે તેમાં આશ્ચર્ય નથી. આ વિવેચનથી જીવો દુર્ગતિમાં પડતા જ હતા અને તેને ધારણ કરનારા પદાર્થની જરૂર જ હતી એમ માનવામાં સંશયને અવકાશ રહેતો નથી.

## સદ્ગતિધારણરૂપ અર્થનું સૂચન

જો કે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજીએ ધૃધાતુના એકલા ધારણ અર્થને જ આગળ કરી આચાર્ય ભગવાન્ ધર્મઘોષસુરિના મુખે **दुर्गतिप्रपतज्जंतुधारणाद्धर्म उच्यते** એટલું જણાવેલું છે, પણ તેજ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્

હેમચંદ્રસૂરિજીએ શ્રીયોગશાસ્ત્ર વિગેરે શાસ્ત્રોમાં દુર્ગતિમાં પડતા જીવોને બચાવવારૂપ ધારણઅર્થ લેવા સાથે સદ્‌ગતિમાં સ્થાપવારૂપ પોષણ અર્થ પણ લીધેલો જ છે. પણ શ્રુતકેવળી સમાન શ્રી ધર્મઘોષસૂરિજીના મુખમાંથી તે અર્થ તે સદ્‌ગતિમાં ધારણ કરવારૂપ પોષણ અર્થ નથી લીધો, તેમાં કોઈપણ પ્રકારે વિરોધ લઇ શકાય તેમ નથી, કારણ કે જેમ એક ત્રાજવાનું અવનમન તેજ બીજા ત્રાજવાનું ઉન્નમન અને એક ત્રાજવાનું ઉન્નમન તેજ બીજા ત્રાજવાનુ અવનમન છે. જેમ તે તુલાનુ ઉન્નમન અને અવનમન ક્રિયા અને ભાવસ્વરૂપ હોઈ અભાવરૂપ કહી શકાય નહિ, પણ ઉન્નમન, અવનમન બંને સદ્‌ભાવ સ્વરૂપ છે. તેવી રીતે જેટલા અંશે આત્માને દુર્ગતિનું નિવારણ થાય તેટલે જ અંશે સદ્‌ગતિની પ્રાપ્તિ થાય છે, અને જેટલે અંશે સદ્‌ગતિની પ્રાપ્તિ થાય તેટલે જ અંશે દુર્ગતિનું નિવારણ થાય છે, એટલે જેમ તુલાનું ઉન્નમન કે અવનમન કે બંને કહેવામાં કોઈ પ્રકારે વિરોધનો અવકાશ નથી. તેવી રીતે અહીં પણ દુર્ગતિનુ વારણ કે સદ્‌ગતિની પ્રાપ્તિ એ બંને કે બંનેમાંથી કોઈ પણ એક કહેવામાં વિરોધની શંકાને અવકાશ નથી. એટલી શંકા જરૂર થાય કે દુર્ગતિનું નિવારણ કહેવાથી જેમ સદ્‌ગતિની પ્રાપ્તિ નિયમિતપણે ધ્વનિત થાય છે, તેમ સદ્‌ગતિની પ્રાપ્તિ કહેવાથી દુર્ગતિનું નિવારણપણ સ્પષ્ટપણે ધ્વનિત થતું હતું તો પછી કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીએ દુર્ગતિના નિવારણના કથનથી સદ્‌ગતિની પ્રાપ્તિનું ધ્વનિતપણું કર્યું, પણ સદ્‌ગતિની પ્રાપ્તિના કથનથી દુર્ગતિના નિવારણનું ધ્વનિતપણું કેમ કર્યું નહિ? આ શંકાના સમાધાનમાં પ્રથમ તો એજ સમજવાનું કે આ આત્મા અનાદિના વિવિધ કર્મ-

સંયોગથી અજ્ઞાની હોઈ દુર્ગતિ તરફજ દોરાએલો રહેલો છે. માટે તે દુર્ગતિથી બચવાના સાધનો તરફ સહેજે તેની વૃત્તિ થઈ આવે, અને તેથી દુર્ગતિની પ્રાપ્તિના સાધનોને દૂર કરવાનો ઉપદેશ કરવા તૈયાર થાય તેમાં આશ્ચર્ય નથી. જગતના નિયમ પ્રમાણે સારૂં પ્રાપ્ત કરવા પહેલાં ખોટાથી દૂર રહેવાની પ્રાથમિક જરૂર ગણીને પણ દુર્ગતિનિવારણ દ્વારાએ ધર્મશબ્દના ધૃધાતુનો ધારણરૂપ અર્થ જણાવ્યો હોય તો પણ નવાઈ નથી આ બધી હકીકત સદ્‌ગતિ શબ્દ દેવ અને મનુષ્યગતિરૂપ સાંસારિક શુભ ગતિને ઉદ્દેશીને જ કહેવામાં આવી છે, પણ જો મોક્ષરૂપ અસાંસારિક શુભ ગતિની પ્રાપ્તિને અંગે જો પોષણ અર્થ લઈ વાત કરવામાં આવે તો પૂર્વે જણાવેલો તુલાનામ ન્યાય લેવો નહિ અને મોક્ષરૂપ સદ્‌ગતિની પ્રાપ્તિ કરાવનાર સદનુષ્ઠાન પણ ધર્મ છે એમ ગણી યોગશાસ્ત્રાદિકમાં કહેલો મોક્ષ સુધીની સદ્‌ગતિનો માર્ગ લેવો.

---

હે પ્રભુ! મનુષ્યો વડે જન્મના સમયે અત્યંત દુઃખથી પીડાતા પ્રાણીઓ પોતે દેખાય છે, પરંતુ હે ભગવાન્! જન્મના અવસરે તો પોતે દુઃખ વગરના અને બીજા બધા પ્રાણીઓને સુખને માટે શું આપ ન હતા! અર્થાત્ આપના જન્મ સમયે પ્રાણીઓ પણ સુખવાળા થયા.

---

હે નાથ! બીજા પ્રાણીઓને તો ભોગો પાપના બંધને માટે જ થાય છે, જ્યારે તમને તો તે ભોગો કર્મના નાશ કરવા માટે જ થયા, કારણ કે ભોગો વડે જ તે કર્મનો ક્ષય છે એવા બોધવાળા તમે છો, કારણ કે આપે તો કર્મરૂપ પર્વતને ભેદવામાં અદ્વિતીય એવું વજ્ર જ ધારણ કર્યું છે.

## સાહિત્યરસિકોને અપૂર્વ અવસર

| નામ | કર્તા | કિંમત |
|---|---|---|
| ૧. કુલકસંદોહ | પૂર્વાચાર્ય | ૦-૫૦ |
| ૨. સંદેહ સમુચ્ચય | આ. શ્રી જ્ઞાનકલશસૂરિ | ૦-૭૫ |
| ૩. જૈનસ્તોત્ર સંચય૦ ભા. ૧-૨-૩, | આ૦ શ્રી સોમસુંદરસૂરિ તથા આ૦ શ્રીમુનિસુંદરસૂરિ વિગેરે. | ૨-૫૦ |
| ૪. ગુરૂતત્ત્વપ્રદીપ | ચિરંતનાચાર્ય | ૨-૫૦ |
| ૫. શતાર્થવિવરણ | પં૦ શ્રીમાનસાગર ગણી | ૧-૦૦ |
| ૬. ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્રદીપિકા | મહોપા૦ શ્રીધર્મસાગર ગણી | ૧-૦૦ |
| ૭. સૂત્રવ્યાખ્યાનવિધિશતક | ,, | ૧-૦૦ |
| ૮. ધર્મસાગરગ્રંથસંગ્રહ | ,, | ૨-૫૦ |
| ૯. સર્વજ્ઞશતક (બાલાવબોધ) | પં. શ્રી અમૃતસાગર ગણી | ૧૫-૦૦ |
| ૧૦. સંસારિજીવચરિત્ર બાલાવબોધ | ,, | ૨-૦૦ |
| ૧૧. આગમોદ્ધારક કૃતિસંદોહ ભા. ૧ થી ૭ | આગમોદ્ધારક | ૧૪-૮૭ |
| ૧૨. ન્યાયાવતાર ટીકા | ,, | ૨-૬૦ |
| ૧૩. વિંશવિંશિકા ૧લી તથા ૨જીના ખંડ ૨ | ,, | ૫-૦૦ |
| ૧૪. તાત્ત્વિક પ્રશ્નોત્તરાણિ | ,, | ૭-૫૦ |
| ૧૫. ઉપદેશ રત્નાકર (મૂળ તથા ભાવાર્થ) | આ૦ શ્રીમુનિસુંદરસૂરિ | ૫-૦૦ |
| ૧૬. શ્રી પ્રજ્ઞાપનોપાંગમ્ ભા. ૧-૨ | હારિભદ્રીય | ૪-૫૦ |
| ૧૭. ધર્મરત્નપ્રકરણ ભા. ૧-૨-૩ (હિંદી). | શ્રી શાંતિસૂરિ | ૭-૫૦ |
| ૧૮. જિનાજ્ઞાસ્તોત્ર તથા કેવલિસ્વરૂપ સ્તવન | અજ્ઞાતકર્તૃક / પં૦ શ્રી મુક્તિસાગરગણી | ૧-૦૦ |

: પ્રાપ્તિસ્થાન :

**જૈન આનંદ પુસ્તકાલય-ગોપીપુરા, સુરત.**

હે આત્મા ! ધનમાં લુબ્ધ થએલા અને તેથી જ કરેલા છે અન્યાયો જેમણે એવા જે લોકો અન્ય પ્રાણીઓને અનેક પીડાઓ કરે છે, તે લોકોનાં પણ જીવન, યૌવન યાવત અનીતિથી પ્રાપ્ત કરેલી લક્ષ્મી પણ શાશ્વત નથી.

અર્થાત તેમનું પણ જીવન, યૌવન અને લક્ષ્મી પણ એક દિવસ જવાની છે.

હે આત્મા ! જે પ્રામાણે તને સુખ સારૂં લાગે છે અને દુઃખ અપ્રિય લાગે છે, તે પ્રમાણે સર્વ પ્રાણીઓને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય લાગે છે એમ મનમાં વિચાર કરીને અન્ય કોઈ પણ પ્રાણીને દુઃખ થાય તેવું વિચાર નહિ.

MODERN SURAT-1. TELE : 26535